૨૦૪ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 81 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર વદ - ૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 April 2026, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૭ એપ્રિલ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ ૯ ૧૦ ૧૧
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ૪૫ દિવસના હંગામી શસ્ત્રવિરામની દરખાસ્ત

125 વર્ષથી
સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી®
સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કંુ. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

## ▸ ઈરાનના પાર્સ પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર હુમલો ▸ ઈરાનના લશ્કરના ટોચના કમાન્ડરને ઈઝરાયલે હણ્યો ▸ શસ્ત્રવિરામનો પ્રસ્તાવ તહેરાને નકાર્યો

દુબઈઃ ઈઝરાયલે ઈરાનના સાઉથ પાર્સના કુદરતી વાયુના ફિલ્ડમાં આવેલા પેટ્રોકેમિકલ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો તેમ જ રિવોલ્યુશનરી ગાર્ડ કમાન્ડરના ટોચના કમાન્ડરને મારી નાખ્યા હતા. બીજી બાજુ ઈજિપ્ત, પાકિસ્તાન અને તુર્કીના મધ્યસ્થીકારોએ ઈરાન અને અમેરિકાને ૪૫ દિવસનો યુદ્ધવિરામ કરવાની અને હોર્મુઝ સામુદ્રધુની ખોલી દેવાની દરખાસ્ત મોકલાવી છે. મધ્યસ્થીકારો કહે છે કે આ હંગામી યુદ્ધવિરામ કરવાથી યુદ્ધનો કાયમી અંત લાવવા માટે વધુ સમય મળશે. અમેરિકાએ આ દરખાસ્તનો કોઈ પ્રતિસાદ આપ્યો

(જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પને ઈમ્પીચ કરવાની તૈયારી?

વોશિંગ્ટનઃ અમેરિકાને ઈરાનમાં યુદ્ધમાં દોરી જનાર અને હવે હારની શક્યતાનો સામનો કરી રહેલા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ તેમની નીતિઓને કારણે મુશ્કેલીમાં મુકાયા છે અને સૌથી બંધારણના ૨૫મા સુધારાનો ઉપયોગ કરીને ટ્રમ્પને હટાવી શકાય એટલે કે ઈમ્પીચ

(જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર
જો ‘મુંબઈ સમાચાર’ ન મળતું હોય કે ‘મુંબઈ સમાચાર’ને સબ્સ્ક્રાઈબ કરવું હોય તો...
કૃપા કરીને અમારા સર્ક્યુલેશન વિભાગ સાથે સંપર્ક કરોઃ
લેન્ડલાઈનઃ 022 22045531/33, Ext. 22.
મોબાઈલઃ +91 98923 43106.
અમે આપના સહકારના આભારી છીએ અને દરરોજ આપની સાથે રહેવા માટે પ્રતિબદ્ધ છીએ
In case of non-delivery of Mumbai Samachar or to subscribe Mumbai Samachar please contact our Circulation Department:
Landline: 022 22045531/33, Ext. 22.
Mobile: +91 98923 43106.
Email: dygm.samachar@gmail.com
We value your readership and are committed to your daily connection.

SCAN FOR TODAY'S GOLD RATE
ANTARA GOLD RATE
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

# ‘સાડા છ કરોડ ગુજરાતીઓનું અપમાન, ખડગે માફી માગે’

## ગુજરાતીઓને ‘અભણ’ કહેનાર ખડગે પર ભડકેલા ભૂપેન્દ્ર પટેલની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાત અને ગુજરાતીઓ વિશે કરેલા અપમાનજનક નિવેદનની સાડા છ કરોડ ગુજરાતીઓ વતી કડક શબ્દોમાં આલોચના કરી હતી.

તેમણે ખડગેના નિવેદનને અત્યંત આપત્તિજનક અને દુર્ભાગ્યપૂર્ણ ગણાવતા જણાવ્યું કે, આ નિવેદન પૂજ્ય મહાત્મા ગાંધી અને સરદાર પટેલનું અપમાન છે. આવા નિવેદનથી ગુજરાતની ગરિમાને ઠેસ પહોંચી છે.

મુખ્ય પટેલે જણાવ્યું હતું કે ગુજરાત અને ગુજરાતીઓ વિરુદ્ધની કૉંગ્રેસની આ માનસિકતા આજકાલની નહીં પણ વર્ષોજૂની છે. કૉંગ્રેસના નેતાનું આવું નિવેદન સ્પષ્ટ કરે છે કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપાની વિકાસની રાજનીતિને મળી રહેલા વ્યાપક જનસમર્થનથી કૉંગ્રેસ પોતાને અસુરક્ષિત મહેસૂસ કરી રહી છે.

દેશની એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર સાહેબને ભારતરત્ન ન આપીને તેમની પણ કોંગ્રેસે ઉપેક્ષા કરી હતી. સરદાર સાહેબની વિશ્વની સૌથી

(જુઓ પાનું ૨) ▸▸

# અરુણાચલમાં સીએમના સગાઓનો ભ્રષ્ટાચારઃ સીબીઆઈ તપાસનો આદેશ

## સુપ્રીમ કોર્ટની સુનાવણીમાં કહેવાયું કે પેમા ખાંડુના કુટુંબીજનો સાથે સંકળાયેલી કંપનીને ૧,૨૭૦ કરોડના કૉન્ટ્રાક્ટ અપાયા

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે અરુણાચલ પ્રદેશમાં જાહેર બાંધકામના કરારો મુખ્ય પ્રધાન પેમા ખાંડુના કુટુંબીજનોને આપવાની બાબતની બે અઠવાડિયામાં પ્રાથમિક તપાસ કરવાનો સીબીઆઈને આદેશ આપ્યો હતો.

જસ્ટિસ વિક્રમ નાથની આગેવાની હેઠળની બેન્ચે આદેશ આપ્યો હતો કે તપાસ અને તપાસમાં આવનારા પરિણામને આધારે કરવાની વધુ તપાસમાં પહેલી જાન્યુઆરી ૨૦૧૫થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના સમયગાળાના જાહેર બાંધકામના કરારો, વર્ક ઑર્ડરને આવરી લેવા પડશે. બેન્ચે સીબીઆઈને ૧૬ અઠવાડિયની અંદર તપાસનો અહેવાલ આપવાનો હુકમ આપ્યો હતો. જસ્ટિસ

(જુઓ પાનું ૨) ▸▸

# દિલ્હી વિધાનસભાનો ગેટ તોડી કાર ઘુસાડનાર પકડાઈ ગયો

નવી દિલ્હીઃ દિલ્હી વિધાનસભામાં મોટી સુરક્ષા ચૂક ઉજાગર કરતી ઘટના બની હતી. વિધાનસભા પરિસરમાં સોમવારે બપોરે બે વાગ્યાની આસપાસ માસ્ક પહેરેલો એક વ્યક્તિ તેની કાર સાથે લોખંડનો દરવાજો તોડી અંદર ઘૂસી આવ્યો હતો અને વિચિત્ર હરકત કરી ત્યાંથી ચાલ્યો ગયો હતો.

આ ઘટના બાદ શકમંદની ધરપકડ કરવામાં આવી છે. તેમજ અન્ય બે લોકોની અટકાયત કરવામાં આવી છે. કાર ચલાવનાર વ્યક્તિની ઓળખ સરબજીત સિંહ તરીકે થઇ છે. સરબજીત વીઆઇપી માટે ઉપયોગમાં લેવાતા ગેટ નંબર-ટૂ ને તોડી અંદર ઘૂસ્યો હતો. ત્યારબાદ કારમાંથી બહાર નીકળી સ્પીકર વિજેન્દ્ર ગુપ્તાની કાર પાસે વરંડા પર ફૂલોનો ગુલદસ્તો મૂકીને ત્યાંથી કાર લઇને ચાલ્યો ગયો હતો. પોલીસે જણાવ્યું કે આ ઘટના સીસીટીવી કેમેરાના ફૂટેજમાં જોવા મળી

(જુઓ પાનું ૨) ▸▸

# માલદા ઘટનાની તપાસ એનઆઈએને સોંપાઈ

નવી દિલ્હીઃ માલદા જિલ્લામાં મતદાર યાદીના સ્પેશ્યલ ઈન્ટેન્સિવ રિવિઝન ‘સર’ની કવાયત દરમિયાન સાત અદાલતી અધિકારીના ઘેરાવ અને તેમના પર કરવામાં આવેલા હુમલા સંબંધિત કેસની તપાસ સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ને સોંપી હતી. સાત અદાલતી અધિકારીના ઘેરાવ અને તેમના પર કરવામાં આવેલા હુમલા સંબંધિત કેસની તપાસ એનઆઈએને સોંપવા સુપ્રીમ કોર્ટે તેની વિશેષ સત્તાનો ઉપયોગ કર્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળના

(જુઓ પાનું ૨) ▸▸



• ટિટ-બિટ જાળવે છે બારેમાસ એકસરખો સ્વાદ, સુગંધ અને રંગ.
• ભારતભરના ચુનંદા પ્રાંતનાં ઉચ્ચ ક્વૉલિટીના છોડવામાંથી મશીન દ્વારા હેન્ડસ ફ્રી પદ્ધતિથી તૈયાર કરેલા મસાલા.
• ISO 22000 & FSSC 22000 સર્ટીફાઈડ કંપનીની ગુણવત્તા ધોરણ જાળવતું એક વિશ્વસ્નીય ઉત્પાદન.
• રીઝનેબલ ભાવની ખાત્રી, કારણકે આપને ડાયરેક્ટ ફેક્ટરીના ઓથોરાઈઝડ ડેપોથી માલ ઉપલબ્ધ થશે.

ગૅરન્ટેડ કાશ્મીરી મોળુ મરચું, સુગંધી ધાણાજીરૂ તથા ગોલ્ડન સેલમ હળદર. આ ઉપરાંત, રાઈ-મેથીનાં કુરિયા, આખા મસાલા, મિક્સ મસાલા, મુખવાસ અને ચાઈનીઝ ફેક્ટરી ડેપો પર મળશે.

આકર્ષક ભેટ
૫ કિ.ગ્રા., ૧૦ કિ.ગ્રા. અને ૨૦ કિ.ગ્રા. ની ખરીદી પર ઘર ઉપયોગી આકર્ષક ભેટ મેળવો.

ફેક્ટરી ડેપો-વેસ્ટર્ન :
◆ મસ્જીદ બંદર : વિજય એન્ટરપ્રાઈઝ (ભદ્રા શાહ) - 2375 9509 ◆ ગિરગાંવ : જયશ્રી ટોપરાની- પરશુરામ વાડી, 98200 90793 ● ભારતી શેલાવાલા- કાંદાવાડી, 98190 17001 ◆ સાંતાક્રુઝ (વે) : નીતા શાહ - 8080262363 ◆વિલેપાર્લે (ઈ) : જ્યોતી નાયક - ચતવાણી બાગની બાજુમાં, 98218 33410 ● જ્યોતી આશર - 9029270972 ◆ વિલેપાર્લે (વે): અલ્કા દોશી : 93224 99045 ◆ અંધેરી (વે): રાગીની વોરા - જુહુ લેન, 93224 83810 ● જ્યોતી દોશી- લોખંડવાલા કૉમ્પલેક્સ, 89760 23526 ◆ અંધેરી (ઈ) : પલ્લવી શાહઃ સહાર રોડ, 98698 55287 ● રંજન શાહઃ જે.બી. નગર, 99308 91415 ● હીના શાહ - ચકાલા, 96648 89942 ◆ગોરેગાવ (વે): પ્રીતી શાહ - બાન્ગુર નગર 9867864604 ● નયના ડેડીયા - એસ્. વ્હી. રોડ, 9322334142 ◆ મલાડ (ઈ): મીના સંઘવી : રાણીસતી માર્ગ, 93244 38494 ◆ મલાડ (વે): દીપાલી પટેલ - ભાદ્રણ નગર, 98707 82250 ● જીજ્ઞાશા ભાટીયા- નર્સિંગ લેન, 93211 10751 ● જ્યોતી કુવાડીયા- ઝકારિયા રોડ, 97734 06682 ◆ કાંદિવલી (ઈ): વિજયા કાનાબાર- આકુર્લી ક્રૉસ રોડ નં.૨, 96644 87557 ● રક્ષા લુલ્લા - ૯૦ ફીટ રોડ, 90225 92198 ● રાજેશ્રી પટેલ - ઠાકૂર કોમ્પલેક્સ, 98705 76039 ◆ કાંદિવલી (વે): પ્રીતિ ત્રિવેદી એમ.જી.રોડ, 98694 55496 ● શિલ્પા શાહ - મહાવીર નગર, 99696 74224 ● પ્રીતી મેવાવાલા - ડહાણૂકરવાડી, 98928 04656 ● કૃપા સંઘવી -મહાવીર નગર, 80807 32865 ● દીપ્તી ગોસાલિયા એસ.વી.રોડ, 9819161662 ●બિનીતા કાશયાની - ઈરાનીવાડી, 9833178081 ◆ ચારકોપઃ પીના સંઘવી સેક્ટર નં.૩, 98206 83510 ◆ બોરીવલી (ઈ): વિભુતી શાહ- દત્તપાડા, 90820 72235 ◆ બોરીવલી (વે): ઉષા તલસાનિયા -મન્ડપેશ્વર રોડ, 9930112153 ●અલ્પા શાહ : યોગી નગર, 99305 76067 ● ડીમ્પલ ઝવેરી : વિવેકાનંદ નગર, 93248 30399 ● દીપીકા ગાંધી - ભટ લેન, પોઈસર, 90047 90272 ● આશા આશર - ચિકુવાડી, 90228 90176 ●બસંતી હિંગરા - સાઈબાબા નગર, 9930031575. ◆ ગોરાઈઃ જુલી ઠાકરઃ ગોરાઈ નં.૨, 99204 83757 ◆ દહિસર (ઈ): તેજલ મેહતા - કોરાકેંદ્ર, 98338 99046 ● સંયમી શાહ - શક્તી નગર, 8007677954 ◆મીરા રોડ (ઈ): રક્ષા બોઘાણીઃ શાંતી પાર્ક, 8850529869 ◆ભાઈંદર (ઈ): રૂચી ભંડારીઃ કેબીન ક્રૉસ રોડ, 83691 85316 ◆ ભાઈંદર (વે): નેહલ શાહ : ૬૦ ફીટ રોડ, 9322664183 ◆ વસઈ (વે): મિતા મિચાની - મૈત્રી પાર્ક, 9834308167 ◆નાલાસોપારા (વે): મેઘા દલાલ - ચક્રધર નગર, 98920 66273 ◆નાલાસોપારા (ઈ): રેખા મેહતા - તુલિંજ રોડ, 8788362913 ◆ વિરાર (વે): કીરણ વખારીયા - યુનિટેક રોડ, 82081 36184 ● પ્રવિણ દોશી - 9324479350 ◆ ડહાણૂઃ ભાવના જોશી : 88493 82904.

ફેક્ટરી ડેપો-સેંટ્રલ :
◆ ઘાટકોપર (ઈ) ધનલક્ષ્મી ધરમશી : એમ.જી.રોડ, 9820504133 ● સોનલ કામાણી : પંત નગર, 98332 46373 ◆ઘાટકોપર (વે): હંસા શાહ : અમૃત નગર, 96998 45212 ● છાયા ભવાણીઃ ચિરાગ નગર, 6356966991 ◆ ભાંડુપ (વે): નીતા લખાણી : એલ બી એસ રોડ, 9819237028 ◆ મુલુંડ (વે): મનીષા નથવાની : દેવીદયાલ રોડ, 9820186873 ●મોના ખંબાટીઃ તાંબે નગર, 98672 16217 ◆થાણા(વે): નલીની સરૈયા : ન્યુ ઈંગ્લિશ સ્કુલની પાછળ, 90291 23376 ●હેતલ શાહ : શ્રી નગર, 88503 75886 ● પુજા પોકાર : કાસારવાડવલી, 9320372057 ◆ ડોમ્બીવલી (ઈ): શિલ્પા ગાંધી : સંગિતા વાડી, 90299 79108 ● જીગ્ના દોશી : ટિલક રોડ, 9867957778 ● ડિંપલ શાહ : કોની-પલાવા, 9819688374 ◆ડોમ્બીવલી (વે): કોમલ ગાંધીઃ આનંદ નગર ગાર્ડન, 93223 29555 ◆ કલ્યાણ (વે): ચેતના વ્યાસઃ વાયલે નગર, 97689 54362 ● જેમીની કારીયાઃ સ્ટેશન રોડ, 93233 15486 ● વિજેતા મંત્રીઃ ગાંધીચૌક, 9167144428 ◆કોપરખેરણે : ફાલ્ગુની શાહઃ સેક્ટર ૯, 70219 41324 ◆ વાશીઃ જલ્પા શાહ : એમજી કોમ્પલેક્સ, 93235 71861 ● ચેતના કનાની : એમજી કોમ્પલેક્સ, 98211 89101 ◆ ખારઘરઃ કિંજલ પટેલ : સેક્ટર ૧૯, 93249 59909 ◆ પનવેલઃ નયના જોશી : 93223 99170 ◆ પુનાઃ મોના પારેખ : ચિંચવડ, 98222 03824.

Tit-Bit Foods (India) Pvt. Ltd.
(An ISO 22000 & FSSC 22000 Certified Company)
Plot No. A-55, T.T.C. Industrial Area, MIDC, Mahape, Navi Mumbai- 400 710.
Tel.: +91 - 22 - 4161 2324, Email : care@titbitspices.com | www.titbitspices.com
Follow @titbitspices on
Available on

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# કોલકાતા પર હુમલો કરે તો પાકિસ્તાનના ચાર ટુકડા થઈ જાય

**અમેરિકા-ઈઝરાયલ** વર્સીસ ઈરાન યુદ્ધના કારણે આખી દુનિયા તણાવમાં છે ત્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે ભારત પર હુમલાની ધમકી આપીને નવો પલિતો ચાંપ્યો છે. આસિફે ડંફાશ મારી છે કે, ભારત ફોલ્સ ફ્લેગ ઓપરેશન એટલે કે સર્જિકલ સ્ટ્રાઈક જેવો છુપાઈને હુમલો કરશે તો પાકિસ્તાન ચૂપ નહીં રહે. આ વખતે યુદ્ધ માત્ર સરહદ સુધી સીમિત નહીં રહે પણ કોલકાતા સુધી પહોંચી શકે છે અને પાકિસ્તાન ભવિષ્યમાં ભારતના કોઈ પણ દુસ્સાહસનો જવાબ કોલકાતા પર હવાઈ હુમલો કરીને આપશે.

આસિફે એવો દાવો પણ કર્યો છે કે, ગયા વરસે ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધર્યું ત્યારે પાકિસ્તાને ભારતને કારમી હાર આપેલી તેથી ભારત ફરી હુમલાની હિંમત નહીં કરે પણ હુમલો કરશે તો અમે છેક કોલકાત્તામાં હુમલા કરીને ભારતની હાલત બગાડી દઈશું. આસિફે એવો દાવો પણ કર્યો છે કે પાકિસ્તાનના ભારત સાથે યુદ્ધની સંભાવના હજુ સાવ ખતમ થઈ નથી. ને બે પરમાણુ મહાસત્તાઓ વચ્ચે યુદ્ધ ના થઈ શકે એવા ભ્રમમાં પણ રહેવાની જરૂર નથી. ખ્વાજા આસિફે ભારત અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર મળીને પાકિસ્તાન સામે પ્રોક્સી વોર ચલાવી રહી હોવાનો આક્ષેપ કરીને આસિફે અફઘાનિસ્તાન પર ફરી હુમલાની ધમકી પણ આપી છે.

મીડિયામાં એવા રિપોર્ટ છે કે, આપણા સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે કહેલું કે, પાકિસ્તાન આતંકવાદી હુમલા ના રોકે તો ભારત તેનો જવાબ લશ્કરી કાર્યવાહી કરીને આપશે. ખ્વાજા આસિફે તેના જવાબમાં ભારતને વળતી ધમકી આપી છે. આમ તો પાકિસ્તાને પહેલાં ધમકી આપી કે ભારતની ધમકીના જવાબમાં ધમકી આપી એ મુદ્દો મહત્ત્વનો છે જ નહીં પણ છતાં હકીકત એ છે કે, આસિફની અઠવાડિયાના ગાળામાં જ ભારતને આ બીજી ધમકી છે. રાજનાથના નિવેદનના બે દિવસ પહેલાં જ આસિફે ભારત સામે ઝેર ઓકતાં કહેલું કે, ભારતની કોઈ પણ લશ્કરી કાર્યવાહીનો પાકિસ્તાન ત્વરિત અને જડબાતોડ જવાબ આપશે તેથી ભારત કોઈ ભ્રમમાં ના રહે.

ખ્વાજા આસિફે તો એવો હાસ્યાસ્પદ દાવો પણ કર્યો કે ભારત પોતાની એજન્સી અથવા જેલમાં બંધ પાકિસ્તાનીઓનો ઉપયોગ કરીને આતંકવાદી હુમલાનો ખોટો ડ્રામા બનાવી રહ્યું છે પણ ગયા વર્ષની જેમ આ વખતે પણ ભારતે શરમજનક સ્થિતિમાં મુકાવું પડશે. આસિફે તો એવી હાસ્યાસ્પદ વાત પણ કરી છે કે, ભારત પાકિસ્તાન સામે આતંકવાદનો આક્ષેપ કર્યા કરે છે પણ આ દાવાને સાચો સાબિત કરવા માટે કોઈ પુરાવો કદી આપ્યો નથી.

આસિફ મિયાંએ બીજો પણ બહુ બધો બકવાસ કર્યો છે અને એ બધાની વાત માંડવામાં માલ નથી કેમ કે આ બધી વાતો અર્થહીન છે. આસિફ મિયાં સહિતના પાકિસ્તાનના શાસકોએ આવી વાતો કર્યા કરવી પડે છે કેમ કે ભારત વિરુદ્ધ ઝેર ઓકવા અને બકવાસ વાતો કરવા સિવાય તેમની પાસે કોઈ આરો નથી. અમેરિકાના ઈરાન પરના હુમલાને કારણે આખી દુનિયાની હાલત બગડી છે પણ પાકિસ્તાનની હાલત બદથી બદતર થઈ છે.

ભિખારી પાકિસ્તાન પહેલાંથી જ ભૂખમરા અને જીવનજરૂરી ચીજોની અછતથી પિડાતું હતું જ પણ યુધ્ધ તેમની હાલત વધારે ખરાબ કરી છે. ક્રૂડ ઓઈલના ભાવ વધ્યા તેમાં પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ભડકે બળી રહ્યા છે અને વધારે નાણાં આપવા છતાં પૂરતા પ્રમાણમાં પેટ્રોલ-ડીઝલ નથી મળી રહ્યાં. પેટ્રોલનો ભાવ લિટરના ૫૦૦ રૂપિયાને પાર થઈ ગયો છે ને ડીઝલ પણ ૪૦૦ રૂપિયાને આંબી ગયું છે તેથી લોકોની હાલત ખરાબ છે. પાકિસ્તાને યુદ્ધ શરૂ થયું ત્યારે જ સ્કૂલ-કોલેજોમાં રજા ને ૬૦ ટકા સરકારી વાહનો ગેરેજમાં મૂકી દેવા સહિતનાં પગલાં લીધેલાં છતાં બે છેડા ભેગા થતા નથી.

પાકિસ્તાન પાસે ઊંચા ભાવે ક્રૂડ ખરીદવા માટે વિદેશી હૂંડિયામણ જ નથી ને સઉદી અરેબિયા સહિતના દેશો પોતે યુદ્ધના કારણે અટવાઈ ગયા છે તેથી પાકિસ્તાનને ટુકડા ફેંક્યા કરતા હતા એ બંધ કરી દીધા છે. આ કારણે પાકિસ્તાનની હાલત ખરાબ છે. બાકી હતું તે યુએઈએ જૂનાં લેણાંની ઉઘરાણી કાઢી છે. પાકિસ્તાને યુએઈ પાસેથી લીધેલા બે અબજ ડૉલર વ્યાજ સાથે વધીને ૩.૫ અબજ ડૉલર થઈ ગયા છે. ઈરાનના હુમલાને કારણે લોકો યુએઈ છોડીને ભાગી રહ્યા છે તેથી યુએઈએ આર્થિક નુકસાન સરભર કરવા પાકિસ્તાનનું નાક દબાવ્યું છે. પાકિસ્તાને આ નાણાં આપવાં જ પડે તેમ હોવાથી પાકિસ્તાની શાસકો દોડતા થઈ ગયા છે.

યુએઈ સહિતના કહેવાતાં મિત્ર રાષ્ટ્રોને પાકિસ્તાને કુલ ૧૨ અબજ ડૉલર ચૂકવવાના થાય છે. અત્યારે પાકિસ્તાનના બધા મિત્ર દેશો દબાણમાં છે ને ઈરાને તેમની ઓખાત બગાડી દીધી છે તેથી યુએઈના રવાડે ચડીને બીજા દેશો પણ પઠાણી ઉઘરાણી શરૂ કરી શકે છે. એક તરફ ઉઘરાણીનું દબાણ ને બીજી તરફ મોંઘવારીના કારણે લોકોની રાડારાડ એમ બેઉ બાજુથી પાકિસ્તાનના શાસકો ભીંસમાં છે. આ ભીંસ આવે ત્યારે પાકિસ્તાનના શાસકોને તરત ભારત યાદ આવે છે કેમ કે ભારત સામે શાબ્દિક મર્દાનગીથી પાકિસ્તાનીઓ ઝૂમી ઉઠે છે. ભારત સામે બીજા કોઈ પ્રકારની મર્દાનગી બતાવવાની પાકિસ્તાનની ઔકાત નથી તેથી પાકિસ્તાનીઓ આ રીતે સંતોષ માને છે. પાકિસ્તાનના નેતાઓ આ વાત સારી રીતે જાણે છે તેથી થૂંક ઉડાડીને પોતાની પ્રજાને સંતોષ આપે છે. બીજું તો કરી પણ શું શકે ?

ખ્વાજા આસિફે પોતાની ધમકીમાં કોલકાતાનો ઉલ્લેખ કર્યો એ નવું છે. કોલકાતાનો ઉલ્લેખ કરીને ખ્વાજા એવું બતાવવા માગે છે કે, હવે બાંગ્લાદેશ પણ અમારા બાપનો બગીચો છે ને અમે બાંગ્લાદેશમાંથી પણ ભારત પર હુમલા કરી શકીએ છીએ. આ મૂરખ માણસને શું કહેવું ? ૧૯૬૫ના યુદ્ધ વખતે બાંગ્લાદેશ પાકિસ્તાનનો જ ભાગ હતું ને પાકિસ્તાને ત્યાંથી હુમલા કરેલા જ છતાં ભારતનું શું તોડી લીધેલું ? કંઈ નહીં. ભારત એ વખતે પણ પોતાની રક્ષા કરવા માટે સક્ષમ હતું ને અત્યારે પણ સક્ષમ છે જ. બીજું એ કે, બાંગ્લાદેશમાં નવી સરકાર આવી ને તારીક રહેમાન વડા પ્રધાન બન્યા પછી તેમણે પાકિસ્તાનને વેગળું કરવા માંડ્યું છે. બલ્કે હડધૂત કરવા માંડ્યું છે ને છતાં ખ્વાજા જેવા નકટા બાંગ્લાદેશ તેમની સાથે હોવાની વાતો કરે છે.

ખ્વાજા સહિતના પાકિસ્તાની ગમે તે થૂંક ઉડાડે, ભારતને કોઈ ફરક પડતો નથી પણ પાકિસ્તાનીઓએ એ ભ્રમમાંથી પણ બહાર આવી જવાની જરૂર છે કે, તમે કોલકાતા પર હુમલો કરશો ને ભારત કંઈ નહીં કરે. ૧૯૭૧માં બાંગ્લાદેશની સરહદે પાકિસ્તાને છમકલું કર્યું તેમાં તો પાકિસ્તાનના બે ટુકડા કરી દીધેલા, આ વખતે સીધા ચાર ટુકડા થઈ જશે એટલે જે છે એ સાચવવું હોય તો માપમાં રહો, મિયાં.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, મંગળવાર, તા. ૭-૪-૨૦૨૬, વિંછુડો

- ભારતીય દ્દિનાંક ૧૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર વદ -૫
- જૈન વીર સંવત ૨૫૫૨,માહે ચૈત્ર, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૨૬મો આસતાદ, માહે ૮મો આવાં, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૬મો આસતાદ, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૦મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર જયેષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩ સુધી, પછી મૂળ
- ચંદ્ર વૃશ્ચિકમાં મધ્યરાત્રિ પછી ક. ૨૯-૫૩ સુધી (તા. ૮) પછી ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય), ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૯, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૫, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૫-૦૮, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૯ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૦૮-૧૮ રાત્રે ક. ૨૦-૫૪
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - પંચમી. વિંછુડો
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, ઈન્દ્રદેવતાનું પૂજન, નિત્ય થતાં પશુ લે-વેંચ, ખેતીવાડીના કામકાજ, હજામત, વ્યતિપાત જન્મયોગ શાંતિ પૂજા.
- આચમનઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય થાય, ચંદ્ર-બુધ ચતુષ્કોણ જુઠ્ઠુ બોલવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ. ચંદ્ર પૃથ્વીથી અત્યંત દૂર જાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય-મીન, મંગળ-મીન, માર્ગી બુધ-કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ-મિથુન, શુક્ર-મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે) માર્ગી શનિ-મીન (શનિ અસ્ત) રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# હોર્મુઝની ખાડીમાંથી વધુ બે ભારતીય એલપીજી ટૅન્કર રવાના, ૧૬ હજી અટવાયેલાં

નવી દિલ્હીઃ અધિકારીઓએ સોમવારે જણાવ્યું હતું કે, ભારતીય ધ્વજવાળા વધુ બે એલપીજી ટેન્કર યુદ્ધગ્રસ્ત હોર્મુઝની સામુદ્રધુનીને સુરક્ષિત રીતે પાર કરી ગયા છે અને ભારતીય બંદરો તરફ આગળ વધી રહ્યા છે, તેમ છતાં, ૧૬ અન્ય જહાજ પર્શિયન ગલ્ફમાં હજુ ફસાયેલા છે

૪૬,૬૫૦ ટન એલપીજી સાથે ટેન્કર ગ્રીન સાનવી ૭ એપ્રિલે ભારતીય બંદર પહોંચવાનું છે જ્યારે ૧૫૫૦૦ ટન કાર્ગો સાથે ગ્રીન આશા ૯ એપ્રિલે ભારતીય દરિયાકાંઠે પહોંચવાનું છે, એમ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રાલયના અધિક સચિવ મુકેશ મંગલે એક ન્યૂઝ બ્રીફિંગમાં જણાવ્યું હતું.

પશ્ચિમ એશિયાની કટોકટી વચ્ચે ભારતીય દરિયાઈ કામગીરી સલામત અને અવિરત રહી છે. ૪૩૩ નાવિક સાથે ૧૬ ભારતીય ધ્વજવાળા જહાજ આ ક્ષેત્રમાં છે; બે એલપીજી વાહક, ગ્રીન સાનવી અને ગ્રીન આશા, સુરક્ષિત રીતે હોર્મુઝની સામુદ્રધુનીને પાર કરી ગયા છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ સાથે, આઠ ભારતીય ધ્વજવાળા એલપીજી ટેન્કર આ વ્યૂહાત્મક જળમાર્ગ પરથી સુરક્ષિત રીતે પસાર થઈ ગયા છે, જે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઇઝરાયલ દ્વારા ઇરાન પર હુમલા બાદથી અસરકારક રીતે બંધ છે.

પર્શિયન ગલ્ફમાં હજુ પણ અટવાયેલા જહાજોમાંથી એક લોડેડ લિક્વિફાઇડ નેચરલ ગેસ (એલએનજી), બે એલપીજી ટેન્કર (એક લોડેડ અને એક ખાલી), છ ક્રૂડ કેરિયર્સ (પાંચ લોડેડ, એક ખાલી), ત્રણ કન્ટેનર જહાજ, એક ડ્રેજર, એક કેમિકલ કાર્ગો વહન કરી રહ્યું છે અને બે બલ્ક કેરિયર્સ છે, એમ તેમણે જણાવ્યું હતું.

ઈરાન દ્વારા જહાજોને સ્ટ્રેટ પાર કરવા દેવા માટે ફી વસૂલવાના અહેવાલો વિશે પૂછવામાં આવતા, મંગલે કહ્યું કે, અમારી પાસે આવી ચુકવણીની કોઈ માહિતી નથી.

પશ્ચિમ એશિયામાં યુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે મૂળ રીતે હોર્મુઝ સ્ટ્રેટમાં ૨૮ ભારતીય ધ્વજવાળા જહાજ હતા. આમાંથી ૨૪ સ્ટ્રેટની પશ્ચિમ બાજુએ અને ચાર પૂર્વ બાજુએ હતા.

પશ્ચિમ બાજુથી આઠ જહાજ અને પૂર્વ તરફના બે જહાજ સલામત સ્થળે પહોંચવામાં સફળ રહ્યા છે.

# બિહારમાં ભાજપનો સીએમ?: રવીશંકર પ્રસાદે આપ્યો સંકેત

પટણાઃ ભાજપના વરિષ્ઠ નેતા રવીશંકર પ્રસાદે સોમવારે કહ્યું હતું કે બિહારમાં પક્ષ સારા સમાચારની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યો છે.

મુખ્ય પ્રધાન નીતીશકુમારના રાજીનામાં બાદ ભાજપના વડપણ હેઠળ બિહારમાં નવી સરકાર રચાય તેવી શક્યતા છે.

પક્ષના ૪૭મા સ્થાપના દિનની ઉજવણીના પ્રસંગે યોજવામાં આવેલા કાર્યક્રમ દરમિયાન પટના સાહિબથી ભાજપના સાંસદ રવીશંકર પ્રસાદે પક્ષના રાજ્ય એકમના વડામથકે આ નિવેદન કર્યું હતું.

૧૯૮૦માં ભાજપની યુવા પાંખના નેતા તરીકે શરૂઆત કરનાર પ્રસાદે કહ્યું હતું કે વર્ષ ૧૯૮૪ની લોકસભાની ચૂંટણી બાદ અમે લાંબી મજલ કાપી છે. એ સમયે અમે માત્ર બે બેઠક મેળવી શક્યા હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની આગેવાનીમાં પક્ષ ઉત્તરોત્તર વધુને વધુ મજબૂત બની રહ્યો છે. બિહારમાં પણ અમે સારા સમાચારની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

૭૫ વર્ષના નીતીશકુમાર આવતા અઠવાડિયે મુખ્ય પ્રધાન તરીકે રાજીનામું આપે એવી અટકળો વહેતી થઈ છે.

ગયા વર્ષના નવેમ્બરમાં વિધાનસભાની ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઊભરી આવેલા ભાજપ પાસે અંતે હવે બિહારમાં પોતાનો મુખ્ય પ્રધાન હશે. (એજન્સી)

# એકસાઈઝ પૉલિસી કેસઃ કેજરીવાલની ન્યાયાધીશને હટાવવાની માગણી કરી

નવી દિલ્હીઃ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ સોમવારે દિલ્હી વડી અદાલતમાં હાજર થયા હતા અને તેમણે લિકર પૉલિસી કેસમાં આપના કન્વીનર કેજરીવાલ અને બીજા આરોપીને છોડી મૂકવાના ચુકાદાને પડકારતી અરજી સાંભળી રહેલાં જસ્ટિસ સ્વર્ણકાંતા શર્માને કેસમાંથી હટાવવાની માગણી કરી હતી.

જસ્ટિસ શર્માને એ વાતની જાણકારી આપવામાં આવી હતી કે કેસને બીજી બેન્ચમાં ટ્રાન્સફર કરવાની સર્વોચ્ચ અદાલતમાં કરવામાં આવેલી અરજી પાછી ખેંચવામાં આવી છે.

જસ્ટિસ શર્માએ કેજરીવાલના કેસમાં રેક્યુસ (હટાવવાની અરજી) ૧૩ એપ્રિલે સાંભળવાનું નક્કી કર્યું છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સીબીઆઈ વતી દલીલ કરતા કહ્યું હતું કે કોર્ટ એ નાટ્યપ્રયોગો કરવાની ફોરમ નથી અને કેજરીવાલ જાતે દલીલ કરવાના હોય તો તેમણે તેમના વકીલને રજા આપવી જોઈએ . મહેતાએ આ અરજીનો વિરોધ કર્યો હતો અને કેજરીવાલના અદાલત સામેના આક્ષેપોને વાહિયાત અને નિંદાત્મક ગણાવ્યા હતા.

મહેતાએ કહ્યું હતું કે અમુક લોકોએ દરેકની સામે પાયાવિહોણા આક્ષેપો કરીને કારકિર્દી બનાવી છે. આ સંસ્થા સામેના આક્ષેપો છે અને આપણે સંસ્થાને ટેકો આપવો જોઈએ.

(એજન્સી)

# પશ્ચિમ બંગાળ 'સર': ૬૦ લાખ દાવા અને વાંધાઓનો નિકાલ કરાયો

નવી દિલ્હીઃ તાજેતરમાં બનેલી ઘટનાઓને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય સુરક્ષા દળને પશ્ચિમ બંગાળમાંથી હાલ હટાવવામાં નહીં આવે એમ જણાવતાં સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું હતું કે ચૂંટણીગ્રસ્ત પશ્ચિમ બંગાળમાં સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન રિવિઝન 'સર'ની કવાયત દરમિયાન મતદાર યાદીમાંથી નામ કાઢી નાખવા સંબંધિત કરવામાં આવેલા ૬૦ લાખ દાવાઓ અને વાંધાઓનો સોમવારે મોડી રાત સુધીમાં નિકાલ કરી દેવામાં આવ્યો હતો.

કોલકાતા હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશના પત્રનો ઉલ્લેખ કરતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત, ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વિપુલ એમ. પંચોલીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે સોમવારે બપોરે સુધીમાં કુલ ૬૦ લાખમાંથી ૫૯.૧૫ લાખ દાવા અને વાંધાઓનો નિકાલ કરી દેવામાં આવ્યો હતો. ચૂંટણી પંચનું પ્રતિનિધિત્વ કરી રહેલા એડ્વોકેટ ડી. એસ. નાયડુએ ખંડપીઠને અગાઉ માહિતી આપી હતી કે બાકીના દાવા અને વાંધાઓનો પણ દિવસ દરમિયાન નિકાલ કરી દેવામાં આવશે અને સોમવારે મોડી રાત્રે પૂરક મતદાર યાદી જાહેર કરવામાં આવશે. પેન્ડિંગ ડિજિટલ સિગ્નેચર અપલોડ કરવા કોર્ટે સાત એપ્રિલ સુધીની પરવાનગી આપી હતી. (એજન્સી)

# પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઃ સુરક્ષા માટે વધુ 3000 સશસ્ત્ર પોલીસ તહેનાત

કોલકાતાઃ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી શાંતિપૂર્વક પાર પડે તેની ખાતરી કરવા ચૂંટણી પંચે રાજ્યમાં સુરક્ષા વધારવા અન્ય રાજ્યના વધુ ૩,૦૦૦ સશસ્ત્ર પોલીસ અધિકારીને ગોઠવવાનો નિર્ણય લીધો છે.

આ સશસ્ત્ર અધિકારીઓમાં મોટાભાગના ઉત્તર પ્રદેશ, બિહાર અને મધ્ય પ્રદેશના છે. ૨૩ એપ્રિલે યોજાનારી વિધાનસભાની પ્રથમ તબક્કાની ચૂંટણીની સુરક્ષા વ્યવસ્થામાં આ અધિકારીઓની હાજરી પૂરક બનશે.

ચૂંટણીની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું ચૂંટણી પંચે કહ્યું હતું.

૧૩મી એપ્રિલથી આ સુરક્ષા અધિકારીઓ તબક્કાવાર પશ્ચિમ બંગાળ પહોંચશે એવી અપેક્ષા છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### સાડા છ કરોડ

ઊંચી પ્રતિમાનું નિર્માણ થઈ રહ્યું હતું તેમાં પણ કોંગ્રેસે અડચણો ઊભી કરવાના પ્રયાસો કર્યા હતા.

સરદાર સરોવર ડેમના કામમાં રોડા નાખવાનું કામ પણ કેન્દ્રની કૉંગ્રેસની સરકારોએ કરીને વર્ષો સુધી નર્મદાનાં નીર ગુજરાતને મળતા અટકાવ્યા હતા. આવા તો અનેક અન્યાયો કૉંગ્રેસે વર્ષો સુધી ગુજરાત અને ગુજરાતીઓ સાથે કર્યાં હતાં તેમ તેમણે ઉમેર્યું હતું.

ભૂતકાળમાં કૉંગ્રેસ તરફથી ગુજરાતને થયેલા અન્યાયની વાત કરતા મુખ્ય પ્રધાને કહ્યું હતું કે તે સમયની કૉંગ્રેસની કેન્દ્રવ સરકારે રાસાયણિક ખાતરની અપાતી સબસિડીમાં કાપ મૂકીને ખેડૂતોને કરોડોનું આર્થિક નુકસાન કર્યું અને રાસાયણિક ખાતરની ફાળવણીમાં પણ અન્યાયનો સિલસિલો ચાલુ રાખ્યો હતો. વાઈબ્રન્ટ સમિટ મારફતે ગુજરાતમાં રોકાણ માટે આવતાં ઉદ્યોગોને પણ ઇન્કમ ટૅક્સની નોટિસો ફટકારીને ગુજરાતમાં રોકાણ ન આવે તેવા પેંતરા કૉંગ્રેસ કરતી હતી.

તેમણે જણાવ્યું હતું કે ગુજરાતે મહાત્મા ગાંધી અને સરદાર સાહેબ જેવા મહાપુરુષો, કનૈયાલાલ મુનશી જેવા પ્રખર કાયદાવિદ, ઝવેરચંદ મેઘાણી અને નર્મદ જેવા સાહિત્યકારો, ડૉ. વિક્રમ સારાભાઈ જેવા મોટા ગજાના વૈજ્ઞાનિક, ત્રિભુવનદાસ અમીન જેવા સહકારી અગ્રણી, ડૉ. એચ.એમ. પટેલ જેવા અર્થશાસ્ત્રી અને પ્રથમ બિન કૉંગ્રેસી વડા પ્રધાન શ્રી મોરારજીભાઈ દેસાઈ જેવા વિરલ વ્યક્તિઓ દેશને આપ્યાં છે.

મુખ્ય પ્રધાને દેશના વિકાસમાં ગુજરાતના યોગદાન અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે ગુજરાત દેશના જી.ડી.પી.માં ૮ટકાથી વધુ યોગદાન આપે છે, ઔદ્યોગિક ઉત્પાદનમાં દેશમાં ૧૭ ટકા તેમ જ દેશના કુલ કાર્ગો હેન્ડલિંગમાં ૪૦ ટકા હિસ્સો ગુજરાતનો છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે, દેશના ફાર્મા માર્કેટમાં ગુજરાતનું યોગદાન ૩૦ ટકા અને નિકાસમાં ૧૯ ટકા છે અને દેશની રિન્યૂએબલ એનર્જીમાં ગુજરાતનો ૧૬.૫૦ ટકા શેર છે. ગુજરાત આજે ડાયમંડ, કેમિકલ, ટેક્સટાઇલ જેવા ક્ષેત્રોમાં લીડર સ્ટેટ છે.

ગુજરાતમાં ગિફ્ટ સિટીના નિર્માણથી દેશનું ફિનટેક કેપિટલ બન્યું છે, ગુજરાતીઓના પરિશ્રમથી આજે સાણંદ દેશનું ઓટો હબ બન્યું છે અને હવે સાણંદ-ધોલેરા સેમિકન્ડક્ટર હબ બનવાના છે.

નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ પણ કૉંગ્રેસ નેતૃત્વની ટીકા કરી હતી અને આ નિવેદનને વિશ્વભરમાં ભારતને ગૌરવ અપાવનાર દરેક ગુજરાતીનું અપમાન ગણાવ્યું હતું.

જો તમે કૉંગ્રેસના નેતાઓના નિવેદનોના ઇતિહાસની તપાસ કરો તો તમને ખ્યાલ આવશે કે તેઓ ખાસ કરીને ગુજરાત અને ગુજરાતીઓ પ્રત્યે કેટલો પક્ષપાત રાખે છે, તેમ સંઘવીએ જણાવ્યું હતું.

સંઘવીએ ખડગેને સીધો સવાલ કર્યો હતો કે ગાંધી અને પટેલની પવિત્ર ભૂમિનું અપમાન કરતી વખતે તમને શરમ ન આવી? જ્યારે કૉંગ્રેસ ગુજરાતમાં જીતી રહી હતી, ત્યારે લોકો બુદ્ધિશાળી હતા. હવે જ્યારે તેમણે તમને નકારી કાઢ્યા છે, તો શું તેઓ અચાનક મૂર્ખ અને અભણ બની ગયા છે?

સંઘવીએ માગ કરી હતી કે કૉંગ્રેસના નેતાઓ ગુજરાતની જનતાની જાહેરમાં માફી માંગે.

### ટ્રમ્પને

કરી શકાય કે નહીં તેની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

આ ચર્ચા સામાન્ય રાજકીય ગપસપથી આગળ વધી ગઈ છે. તેમને જાહેર હોદ્દા પરથી હટાવવાની શક્યતાઓ વધી ગઈ છે, જેના કારણે ઘણા લોકો વિચારી રહ્યા છે કે શું તેમને સત્તા પરથી સંપૂર્ણપણે દૂર કરવામાં આવશે. આ પગલું એવા સમયે આવ્યું છે જ્યારે ઇરાન સાથેનું યુદ્ધ વકરી રહ્યું છે અને ટ્રમ્પની તાજેતરની ગાળાગાળી ટિપ્પણીઓએ તીખી પ્રતિક્રિયાઓ જન્માવી છે.

જો તેમને ખરેખર હટાવવામાં આવશે, તો તે અમેરિકી બંધારણના ૨૫મા સુધારાનો ઉપયોગ કરીને કરવામાં આવશે. આ સુધારાનો ઉપયોગ પ્રમુખને હટાવવા માટે થાય છે,.

૨૫મો સુધારો એ અમેરિકન બંધારણમાં મૃત્યુ, ઇમ્પીચમેન્ટ, રાજીનામું અથવા અસમર્થતાના કિસ્સામાં પ્રમુખને સ્થાને દેશના ઉપપ્રમુખને સત્તા સોંપવાની જોગવાઈ છે.

જોન એફ. કેનેડીની હત્યા બાદ ૧૯૬૭માં આ સુધારો બંધારણમાં ઉમેરવામાં આવ્યો હતો અને તે વહીવટી શાખાના ઉત્તરાધિકાર અને અસમર્થતા અંગેની અસ્પષ્ટતાઓને દૂર કરવા માટે તૈયાર કરવામાં આવ્યો હતો. તેને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે, જે દરેક ચોક્કસ સંજોગોને ધ્યાનમાં રાખે છે.

આ કિસ્સામાં તેનો ઉપયોગ કરવો વધુ ગંભીર બાબત હશે. તે માટે ઉપપ્રમુખ અને કેબિનેટની બહુમતીએ ઔપચારિક કાર્યવાહી કરવાની જરૂર પડશે. પ્રમુખ કોંગ્રેસને પત્ર લખીને આને પડકારી શકે છે. પરંતુ જો ઉપપ્રમુખ અને કેબિનેટ ચાર દિવસની અંદર પોતાના નિર્ણય પર મક્કમ રહે, તો કોંગ્રેસ હસ્તક્ષેપ કરે છે અને મતદાન કરે છે. પ્રમુખને સત્તાથી દૂર રાખવા માટે બંને ગૃહોમાં બે તૃતીયાંશ બહુમતી જરૂરી છે.

ટ્રમ્પ પર મહાભિયોગ ચલાવવામાં આવ્યો હોય તેવું આ પહેલીવાર નહીં હોય. તેમના પર પ્રથમ વખત ડિસેમ્બર, ૨૦૧૯માં મહાભિયોગની કાર્યવાહી કરવામાં આવી આવી હતી. તેમનો બીજો મહાભિયોગ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ આવ્યો હતો, જેમાં તેમના પર ૬ જાન્યુઆરી, ૨૦૨૧ ના રોજ કેપિટલ હિલ પર થયેલા હુમલાને ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જે તેમના કાર્યકાળ પૂરો થવાના માત્ર એક અઠવાડિયા પહેલા હતો. તેઓ પદ છોડ્યા પછી પણ આ કેસ ચાલુ રહ્યો હતો, જે કોઈ ભૂતપૂર્વ પ્રમુખ માટે પ્રથમ ઘટના હતી.

### દિલ્હી વિધાનસભાનો

હતી. સરબજીતે પરિસરની અંદર આવતી અને બહાર નીકળતી વખતે લોખંડના ઊંચા દરવાજાની સાથે-સાથે 'બૂમ બેરિયર'ને પણ ટક્કર મારી હતી. આ ઘટના બાદ ત્રણેય શકમંદોને લગભગ બે કલાકની અંદર ઝડપી લેવામાં આવ્યા હતા. ઘટનાસ્થળે બોંબ ડિસ્પોઝલ સ્કવોડ અને ક્રાઇમ બ્રાન્ચની ટીમોને બોલાવવામાં આવી છે, પરંતુ હજુ સુધી ત્યાંથી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી આવી નથી. સ્પેશિયલ કમિશ્નર ઓફ પોલીસ (સ્પેશિયલ સેલ) અનિલ શુક્લા અને સ્પેશિયલ સીપી(કાયદો અને વ્યવસ્થા) રવિન્દ્ર યાદવ પહેલાથી જ ઘટનાસ્થળે ઉપસ્થિત છે.ઘટનાની જાણ થતાં અનેક પોલીસ ટુકડી બૉમ્બ ડિસ્પોઝલ સ્કવોડ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને સંભવિત જોખમનું નિવારણ કરવા સમગ્ર વિસ્તારની સઘન તપાસ આરંભી હતી. ઉત્તર પ્રદેશનો રજિસ્ટ્રેશન નંબર ધરાવતી કાર સોમવારે બપોરે બે વાગ્યાની આસપાસ ગેટ નંબર-ટૂમાંથી વિધાનસભાના પરિસરમાં પ્રવેશી હતી. આ મુખ્ય દરવાજો ન હોવાને કારણે વિધાનસભાનું સત્ર ચાલુ ન હોય ત્યારે અહીં થોડી ઓછી સુરક્ષા વ્યવસ્થા હોય છે. ડ્રાઈવર વિધાનસભાના સ્પિકર વિજેન્દર ગુપ્તાના કાર્યાલયની દિશામાં આગળ વધ્યો હતો અને કાર પાછી બહાર લઈ જતાં અગાઉ દ્વારમંડપ નજીક પૂષ્પગુચ્છ મૂકી ગયો હતો.

### માલદા ઘટનાની

અમલદારોની વિશ્વસનીયતા ઘટી છે અને સચિવાલય તેમ જ સરકારી કાર્યાલયો આમાં રાજકારણને ઘસડી લાવ્યા છે. માલદા ઘટનાને મામલે રાજ્ય પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા ૨૬ જણ જ્યૂડિશિયલ કસ્ટડીમાં હોય તો પણ એનઆઈએ તેમની પૂછપરછ કરશે. પહેલી એપ્રિલે આ ઘટના બની ત્યારે કોલકાતા હાઈ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનો ફોન કૉલ ન ઉપાડવા બદલ સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળના મુખ્ય સચિવ દુષ્યંત નરિયાલાને ઠપકો આપ્યો હતો અને આને વહીવટીતંત્રની નિષ્ફળતા લેખાવી હતી. (એજન્સી)

### ૪૫ દિવસના

નથી. આ દરખાસ્ત ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચી અને અમેરિકાના મિડલઈસ્ટના એલચી સ્ટિવ વિટ્કોફને મોકલવામાં આવી છે. ટ્રમ્પે તહેરાનને હોર્મુઝ ખોલવાની મહેતલ મંગળવારે પૂરી થવાની છે ત્યારે વિષ્ટિકારોએ સમાધાનની નવી ફોર્મ્યુલા શોધી છે. ઈરાને આ અગાઉ જ અમેરિકાના ૧૫ મુદ્દાના પ્રસ્તાવને અતિશયોક્તિભર્યો કહ્યો હતો. ઈરાને કામચલાઉ યુદ્ધવિરામની હોર્મુઝ ખોલવાની શરત માનવાનો ઈનકાર કર્યો છે. ઈઝરાયલના સંરક્ષણપ્રધાન ઈઝરાયલ કેટ્ઝે એ વાતને સમર્થન આપ્યું હતું કે ઈરાનના સૌથી મોટી પેટ્રોકેમિકલ ફેસિલિટી પર જોરદાર હુમલો કરવામાં આવ્યો છે. આ પ્લાન્ટ ઈરાનનું પચાસ ટકા પેટ્રોકેમિકલનુ ઉત્પાદન કરે છે. ઈઝરાયલના લશ્કરના પ્રવકતા લેફ. કર્નલ નાદવ શોશાનીએ કહ્યું હતું કે વાતચીત ચાલુ છે એનો અર્થ એ નથી કે ઈરાનને હુમલામાંથી માફી મળે. માર્ચમાં ઈઝરાયલે સાઉથ પાર્સ પર હુમલો કર્યો હતો ત્યારે અમેરિકએ કહ્યું હતું કે ઈઝરાયલ આના પર ફરી હુમલો નહીં કરે. જોકે અમેરિકાએ ચેતવણી આપી હતી કે ઈરાન કતારના એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરશે તો અમેરિકા વળતો હુમલો કરશે. તહેરાનમાં અનેક ધડાકાના અવાજ સંભળાયા હતા અને નીચી ઊંચાઈએ ઉડતા જેટનો અવાજ સંભળાયો હતો. હુમલાએ તહેરાનને ધમરોળી નાખ્યું હતું. હુમલામાં ઈરાનના પેરામિલિટરી રિવોલ્યુશનરી ગાર્ડ મેજર જનરલ મજિદ ખાદેમી માર્યા ગયા હોવાનું સમર્થન ઈરાને આપ્યું હતું. ઈરાનના મિસાઈલે ઈઝરાયલના હાઈફા પર હુમલો કર્યો હતો અને ચાર જણ માર્યા ગયા હતા. યુરોપીયન કાઉન્સિલનાં પ્રેસિડન્ટ એન્ટોનિયો કોસ્ટાએ મુત્સદ્દીગીરીને એક તક આપવાની વિનંતી કરી હતી. (એજન્સી)

### અરૂણાચલમાં

નાથે હુકમ વાચતાં કહ્યું હતું કે સીબીઆઈએ પ્રાથમિક તપાસ (પીઈ) ચુકાદાની તારીખના બે અઠવાડિયમાં નોંધાવી પડશે અને એના આધારે કાયદા પ્રમાણે આગળ વધવું પડશે. (એજન્સી)

## થાણેથી બોરીવલી ૧૫ મિનિટમાં

# આજથી ફડણવીસના હસ્તે ટ્વિન ટનલના કામનો શુભારંભ થશે

થાણેઃ થાણેના બહુચર્ચિત થાણે-બોરીવલી ટ્વિન ટનલ પ્રોજેક્ટનું મંગળવારે દેવેન્દ્ર ફડણવીસના હસ્તે શુભારંભ કરવામાં આવશે. આ પ્રોજેક્ટને કારણે થાણેથી બોરીવલી વચ્ચેનું અંતર રોડ માર્ગે માત્ર ૧૫ મિનિટમાં કાપી શકાશે એવો દાવો રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

થાણેથી બોરીવલી પહોંચવા માટે સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાન પાસેના ઘોડબંદર રોડ થઈને ઘોડબંદર ઘાટ અને ફાઉન્ટેન રોડ પરથી મુસાફરી કરવી પડે છે. આ અંતર વળાંકવાળું હોવાને કારણે થાણેથી બોરીવલી પહોંચવામાં લગભગ એક કલાક જેટલો સમય લાગે છે અને જો ટ્રાફિક હોય, તો આશરે દોઢ કલાક કે તેનાથી વધુ સમય લાગે છે.

વાહનચાલકો થાણેથી બોરીવલીનું અંતર ઝડપથી કાપી શકે તે માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ઘોડબંદરના ચિતળસર માનપાડા નજીક મુલ્લાબાગ વિસ્તારમાં સંજય ગાંધી રાષ્ટ્રીય ઉદ્યાનની નીચેથી ડબલ ટનલ બનાવવામાં આવી રહી છે. રાજ્ય સરકાર દ્વારા એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, જો આ માર્ગ પૂર્ણ થઈ જશે તો માત્ર ૧૫ મિનિટમાં બોરીવલી પહોંચી શકાશે.

છેલ્લા કેટલાક દિવસોથી આ વિસ્તારમાં રાષ્ટ્રીય ઉદ્યાન પાસે ખોદકામ ચાલી રહ્યું છે. હવે આ પ્રોજેક્ટનો શુભારંભ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે તથા સુનેત્રા પવાર ઉપસ્થિત રહેશે. મંગળવારે સવારે ૧૧.૩૦ વાગે આ પ્રોજેક્ટનો શુભારંભ થશે તેવી માહિતી એમએમઆરડીએ દ્વારા આપવામાં આવી હતી. ■

# ‘લાડકી બહિણ’ પછી હવે ‘લાડકી વિદ્યાર્થિની’: ઉલ્હાસનગર પાલિકાની મહત્ત્વની યોજના

મુંબઈઃ રાજ્ય સરકારની ‘લાડકી બહિણ’ યોજનાને મળેલી સફળતા બાદ આ જ યોજનાની તર્જ પર હવે ઉલ્હાસનગર મહાનગરપાલિકાએ શહેરની શાળાકીય વિદ્યાર્થિનીઓ માટે એક મોટું અને મહત્વાકાંક્ષી પગલું ભર્યું છે. ઉલ્હાસનગર મહાનગરપાલિકા દ્વારા સાતથી બારમા ધોરણમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે ‘લાડકી વિદ્યાર્થિની યોજના’ જાહેર કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત વિદ્યાર્થીનીઓને દર મહિને ૫૦૦ રૂપિયાની શિષ્યવૃત્તિ મળશે. લાડકી બહિણ યોજનાની જેમ જ આ રકમ પણ સંબંધિત વિદ્યાર્થિનીઓના બેંક ખાતામાં જ જમા કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર આ યોજના સ્વ. જ્યોતિ પપ્પુ કલાણીના નામે લાગુ કરવામાં આવશે. વિદ્યાર્થીનીઓના શિક્ષણમાં ડ્રોપ-આઉટ રોકવું અને તેમના શૈક્ષણિક ખર્ચમાં મદદરૂપ થવું એ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ રકમ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર એટલે કે ડીબીટી દ્વારા સીધી વિદ્યાર્થિનીઓના બેંક ખાતામાં જમા કરવામાં આવશે. ■

ધૌતી યોગ
પાવડર અને ગોળીઓ
આજે જ રાત્રે લો, સવારે OK!
ડૉ. અભિજીત 9422011723

# હવે ડિજિટલ માધ્યમથી થશે વસ્તીગણતરી

થાણે - દેશના ઇતિહાસમાં પ્રથમ વખત સંપૂર્ણપણે ડિજિટલ પદ્ધતિથી થનારી ભારતીય વસ્તીગણતરી ૨૦૨૭ની પૃષ્ઠભૂમિ પર થાણે જિલ્લામાં તૈયારીઓ વેગ પકડી રહી છે અને પ્રશાસને આ માટે સુવ્યવસ્થિત અને બહુસ્તરીય આયોજન શરૂ કર્યું છે.

દેશભરમાં આશરે દોઢ દાયકાના સમયગાળા બાદ વસ્તીગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ પ્રક્રિયાની શરૂઆત સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. આ જ પૃષ્ઠભૂમિ પર સોમવારે જિલ્લાધિકારી કચેરીમાં એક મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં ક્ષેત્રીય પ્રશિક્ષકોની તાલીમનો પ્રારંભ થયો હતો. કુલ ૬૪ પ્રાદેશિક ટ્રેનર્સને ૩૨-૩૨ ના બે બેચમાં તાલીમ આપવામાં આવી રહી છે અને આ તાલીમ ૧૧ એપ્રિલ સુધી ચાલુ રહેશે. કલ્યાણના તહસીલદાર વિનોદ ભામરે અને તહસીલદાર સ્વાતિ ઘોંગડે મુખ્ય માર્ગદર્શક તરીકે તાલીમ આપી રહ્યા છે..

આ તાલીમમાં વસ્તીગણતરીના પ્રથમ તબક્કાની ઘરયાદી અને ઘરગણતરીની પ્રક્રિયા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ વખતે પરંપરાગત કાગળની પદ્ધતિને બદલે કોમ્પ્યુટર માધ્યમનો ઉપયોગ કરવામાં આવશે અને ગણતરીકારોએ સરકારની કોમ્પ્યુટર સિસ્ટમ અને મોબાઈલ એપ્લિકેશનની મદદથી માહિતી એકત્રિત કરવાની રહેશે. તે માટે જરૂરી તકનીકી કૌશલ્ય, વસ્તીગણતરીના કાયદા અને નિયમો, તેમજ સચોટ માહિતી નોંધણીની પદ્ધતિ અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

વહીવટીતંત્રે નાગરિકોને પહેલી મે થી ૧૫ મે, ૨૦૨૬ સુધી સરકારની સત્તાવાર વેબસાઇટ પર જઈને પોતાની માહિતી નોંધાવવા અપીલ કરી છે. ■

## હોટલ વ્યવસાયને બેવડો ફટકો

# પહેલા ગેસની તંગી અને હવે કારીગરોની અછત!

થાણે ઈંધણની અછતને કારણે પહેલેથી જ આર્થિક સંકટમાં ફસાયેલા હોટેલ વ્યવસાયને હવે મજૂરોની તંગીનો બેવડો ફટકો પડ્યો છે. વ્યવસાયમાં અનિશ્ચિતતા અને પરિવારની ચિંતાને કારણે મોટાભાગની હોટલોના અડધાથી વધુ કામદારો વતન પરત ફરી રહ્યા છે.

ગેસ પુરવઠામાં અછતને કારણે અનેક હોટલોએ પોતાનો સમય ઘટાડવો પડ્યો છે, કેટલાકે મેનૂ મર્યાદિત કર્યું છે, તો કેટલાકે અસ્થાયી રૂપે હોટલ બંધ રાખવાનો વારો આવ્યો છે. ઇંધણના આ સંકટની અસર માત્ર ઉત્પાદન પર જ નહીં, પણ રોજગાર પર પણ દેખાવા લાગી છે. કામના અનિશ્ચિત કલાકો, ઓછો પગાર અને ભવિષ્યની અસુરક્ષિતતાને કારણે હોટલમાં કામ કરતા અનેક કામદારો પોતપોતાના વતન પરત ફરવા લાગ્યા છે. પરિણામે મોટાભાગની હોટલોમાં કામદારોની સંખ્યા ઘટીને અડધી થઈ ગઈ છે. વતન પરત ફરવા પાછળનું મુખ્ય કારણ તેમના મૂળ વતનમાં પણ ઉભી થયેલી ગેસની અછત છે. અનેક કામદારોએ પરિવારની જરૂરિયાતને પ્રાથમિકતા આપીને ગામડે પાછા ફરવાનો નિર્ણય લીધો છે. ■

# અશોક ખરાત હવે મની લોન્ડરિંગની જાળમાં સપડાયોઃ ઈડીએ તપાસ હાથ ધરી

નાશિકઃ મહિલા સાથે ત્રણ વર્ષ સુધી દુષ્કર્મના કેસમાં ધરપકડ કરાયેલા નાશિકના ‘ગૉડમૅન’ અશોક ખરાતની મુશ્કેલીમાં વધારો થયો છે. ખરાતે તેના અને પરિવારજનોના નામે ખરીદેલી મિલકતોનું પ્રકરણ સામે આવ્યા પછી હવે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટરેટે (ઈડી) મની લોન્ડરિંગની તપાસ હાથ ધરી છે.

સ્વઘોષિત જ્યોતીષી અશોક ખરાત વિરુદ્ધ ૧૩ ગુના નોંધાયા છે, જેમાંથી મોટા ભાગના મહિલાઓની જાતીય સતામણીના છે. ખરાત વિરુદ્ધ છેતરપિંડી કરીને ખરોડો રૂપિયાની મિલકત એકઠી કર્યાનો પણ આરોપ છે. નાશિક પોલીસે આપેલી માહિતીને આધારે ઈડીએ આ આખા કાંડમાં આર્થિક ગેરરીતિ થઈ છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે.

કહેવાય છે કે તપાસ દરમિયાન નાશિક પોલીસે તાબામાં લીધેલા બધા મહત્ત્વના દસ્તાવેજો ઈડીએ પોતાના તાબામાં લીધા છે. ખરાતનું આ વિશાળ આર્થિક સામ્રાજ્ય કઈ રીતે નિર્માણ પામ્યું તેની તપાસ કરવામાં આવી રહી છે.

બીજી બાજુ, અશોક ખરાતની પત્ની કલ્પના ખરાતને શોધવા પોલીસ આકાશ-પાતાળ એક કરી રહી છે. શિર્ડીમાં જમીન ખરીદી પ્રકરણમાં છેતરપિંડીનો ગુનો નોંધવામાં આવ્યો ત્યારથી કલ્પના ગુમ છે. એસઆઈટીએ કલ્પનાની શોધ માટે નાશિક, પુણે અને અહિલ્યાનગરમાં અધિકારીઓની ત્રણ ટીમ મોકલાવી હોવાનું જાણવા મળ્યું હતું.

છેતરપિંડીના આ કેસમાં અશોક ખરાત વિરુદ્ધ પણ ગુનો નોંધાયો હતો. હાલમાં એસઆઈટી દ્વારા ખરાતની સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. ખરાતની પત્ની ગુમ છે તો તેના પુત્ર હર્ષવર્ધનનો ફોન ‘નૉટ રિચેબલ’ આવી રહ્યો હોવાનું કહેવાય છે.■

# ડિઝાઇન લાઇબ્રેરી



મુંબઈઃ ડિઝાઇન લાઇબ્રેરીમાં વૈભવી, સર્જનાત્મકતા અને કાલાતીત ભવ્યતાની દુનિયામાં પધારો. ભારતભરના પ્રખ્યાત ડિઝાઇનરોના વિશિષ્ટ ક્યુરેશનનું પ્રદર્શન કરતી આ આવૃત્તિ બ્રાઇડલ કોચર, સમકાલીન ફેશન, હસ્તકલાવાળા ઘરેણાં અને સ્ટેટમેન્ટ એસેસરીઝમાં શ્રેષ્ઠને એકસાથે લાવે છે. ઉત્કૃષ્ટ બ્રાઇડલ એન્સેમ્બલ્સથી લઈને ચિક પ્રસંગનાં વસ્ત્રો સુધી, દરેક વસ્તુ કાયમી છાપ બનાવવા માટે ડિઝાઇન કરવામાં આવી છે. આધુનિક, સમજદાર મહિલા માટે બનાવેલા આનંદપ્રદ શોપિંગમાં ફેશન, કલા અને ડિઝાઈનનો અનુભવ કરો. ૭ અને ૮ એપ્રિલના રોજ ફોર સીઝન્સ, વર્લી, મુંબઈ ખાતે. ■

# એન્જિનિયરિંગ કૉલેજમાં એડ્મિશનને બહાને મહિલા પાસેથી ૧૬.૩૫ લાખ રૂપિયા પડાવ્યા

થાણેઃ પ્રતિષ્ઠિત એન્જિનિયરિંગ કૉલેજમાં દીકરીને એડ્મિશન અપાવવાની ખાતરી આપી થાણેની મહિલા પાસેથી ૧૬.૩૫ લાખ રૂપિયા પડાવનારા ત્રણ શખસ વિરુદ્ધ પોલીસે ગુનો નોંધ્યો હતો.

ફરિયાદને આધારે કાપૂરબાવડી પોલીસે બીજી એપ્રિલે આરોપી તાશીન ખાન (૪૦), સૈફ ખાન (૪૨) અને શ્રુતિ નામની મહિલા વિરુદ્ધ એફઆઈઆર નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ગયા વર્ષના જૂનામાં એક અખબારમાં મુંબઈની એન્જિનિયરિંગ કૉલેજમાં એડ્મિશન સંબંધી જાહેરખબર વાંચી મહિલાએ કાપૂરબાવડી ખાતેની આરોપીની ઑફિસનો સંપર્ક સાધ્યો હતો. ત્રણેય આરોપીએ ફરિયાદીને તેમની દીકરી માટે એન્જિનિયરિંગની સીટની વ્યવસ્થા કરવાની ખાતરી આપી હતી. દીકરીને એડ્મિશન અપાવવા માટે આરોપીઓની વાતોમાં આવી મહિલાએ જૂનથી નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન રોકડ અને બૅન્ક ટ્રાન્સફર દ્વારા ૧૬.૩૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. આરોપીઓએ કૉલેજના બોગસ સ્ટૅમ્પ અને હસ્તાક્ષર સાથેની ફીની રસીદ પણ મહિલાને આપી હતી. નવેમ્બર, ૨૦૨૫માં ફરિયાદી દીકરીનું આઈ કાર્ડ લેવા માટે કૉલેજમાં ગઈ ત્યારે આ છેતરપિંડી સામે આવી હતી. આ અંગે આરોપી પાસેથી કોઈ સંતોષજનક ઉત્તર ન મળતાં મહિલાએ પોલીસ ફરિયાદ કરી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)■

# સલમાન ખાનના બોડીગાર્ડ શેરાએ હાઈ કોર્ટના દરવાજા ખખડાવ્યા

મુંબઈ : અભિનેતા સલમાન ખાનના બોડીગાર્ડ ગુરમીત સિંહ સુંદર સિંહ જોલી ઉર્ફે શેરાએ હાઈ કોર્ટમાં અરજી કરી ને માગ કરી છે કે તેમની સામે દાખલ કરાયેલ કેસ રદ કરવામાં આવે.

શેરા પર એક મહિલાને ધમકી આપવાનો આરોપ છે. રિયાલિટી શો બિગ બોસની ૨૦૧૭ સીઝનમાં, એક સ્પર્ધકે વાંધાજનક નિવેદન આપ્યું હતું. આ કારણે, સલમાને સ્પર્ધકને બિગ બોસના ઘરમાંથી બહારનો રસ્તો બતાવ્યો હતો. આ કિસ્સામાં શબનમ શેખ સ્પર્ધક સાથે મુંબઈ પોલીસમાં સલમાન વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પોલીસ સ્ટેશન જઈ રહી હતી. તે સમયે શેરાએ તેમને ધમકી આપી હતી અને ચેતવણી આપી હતી કે ફરિયાદ નોંધાવીને સલમાનને બિનજરૂરી રીતે હેરાન ન કરે, નહીં તો પરિણામ ખૂબ જ ખરાબ આવશે, શેખે ખાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી પોતાની ફરિયાદમાં આરોપ લગાવ્યો હતો.

અરજીમાં શેરાએ મુંબઈ પોલીસે આ કેસ અને આ કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટ રદ કરવાની મુખ્ય માગણી કરી છે. શેરાએ પોતાની સામેના તમામ આરોપોને નકારી કાઢતા અરજીમાં દાવો કર્યો છે કે તેણે મહિલાને ફોન કર્યો હોવાના કોઈ નક્કર પુરાવા નથી.

શેરાએ એવો પણ દાવો કર્યો છે કે ફોન રેકોર્ડિંગમાંનો અવાજ તેનો છે તે સાબિત કરવા માટે કોઈ પુરાવા જોડાયેલા નથી. તેથી શેરાએ માગ કરી છે કે અરજી પર નિર્ણય ન આવે ત્યાં સુધી તેની સામે આરોપો ઘડવા અને સેશન્સ કોર્ટમાં સુનાવણી પર રોક લગાવવામાં આવે. ■



**રીહર્સલઃ** અગ્નિશમન દળ દ્વારા સોમવારે એન્યુલ ફાયર ડ્રીલ કોમ્પિટિશનનું આયોજન માટે રિહર્સલ ગોઠવવામાં આવ્યું હતું, જેમાં દળના જવાનોએ આગની ઘટના પર નિયંત્રણ મેળવવા માટેના પ્રયાસો રજૂ કર્યા હતા. (પીટીઆઈ)

# પશ્ચિમ રેલવેનો નવો કોચિંગ ડેપો બનાવવાનો નિર્ણય

## ટ્રેનોની સફાઇ, સમારકામ, પાર્કિંગ વગેરે માટે ઉપયોગી થશે

મુંબઈ : પશ્ચિમ રેલવેએ આગામી દિવસોમાં વધુ ટ્રેનો ચલાવવા અને હાલની સમસ્યાઓ દૂર કરવા માટે એક નવો કોચિંગ ડેપો સ્થાપવાનો નિર્ણય લીધો છે. આ નવો ડેપો કરી રોડ અને લોઅર પરેલ વચ્ચે ૯૮ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે.

નવા ડેપોમાં રેલવે કોચની જાળવણી, નિરીક્ષણ અને સફાઈ માટે બે પીટ લાઇન અને ટ્રેનોના પાર્કિંગ માટે સાત સ્ટેબલિંગ લાઇન હશે. પીટ લાઇનને ૩૧ માર્ચે મંજૂરી આપવામાં આવી હતી અને આ પ્રોજેક્ટ ૧૫ મહિનામાં પૂર્ણ થવાની અપેક્ષા છે. સ્ટેબલિંગ લાઇનના કામને પણ ટૂંક સમયમાં અંતિમ મંજૂરી મળે તેવી શક્યતા છે. હાલમાં મુંબઈ સેન્ટ્રલ ખાતે પીટ લાઇનોની ક્ષમતા પુરી થઇ ગઈ છે, હવે નવી ટ્રેનો માટે પૂરતી જગ્યા નથી. આ બધા કારણોસર, મુંબઈ સેન્ટ્રલ અને દાદરથી લાંબા અંતરની નવી ટ્રેનો શરૂ કરવામાં મોટા અવરોધો હતો. તેથી નવા ડેપોથી આ સમસ્યા ઉકેલાશે.

અંતરની દૃષ્ટિએ પણ આ ડેપો મહત્વપૂર્ણ છે. આ ડેપો મુંબઈ સેન્ટ્રલથી લગભગ બે કિમી અને દાદરથી ૨.૫ કિમી દૂર છે. જેથી આ બંને ટર્મિનલો માટે અનુકૂળ રહેશે.

એટલું જ નહીં પશ્ચિમ રેલવે હાલમાં વંદે ભારત, એસી લોકલ અને ૧૫ કોચવાળી ઉપનગરીય ટ્રેનોની સંખ્યામાં વધારો કરી રહી છે. આગામી દિવસોમાં આ વધારાને પહોંચી વળવા નવો ડેપો બનાવવામાં આવી રહ્યો છે. આનાથી હાલની પીટ લાઇનો પર દબાણ ઘટશે અને નવી સેવાઓ માટે જગ્યા ઉપલબ્ધ થશે. ■

# ચર્ચગેટ નજીક ગાર્ડનમાં પ્રૌઢની હત્યા કરનારો પકડાયો

મુંબઈઃ ચર્ચગેટ રેલવે સ્ટેશન નજીકના ગાર્ડનમાં માથામાં પથ્થર ફટકારી પ્રૌઢની હત્યા કરનારાને પોલીસે ૨૪ કલાકમાં પકડી પાડ્યો હતો. આઝાદ મેદાન પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ આનંદ પાંડુરંગ જાધવ (૫૨) તરીકે થઈ હતી. કોર્ટે ચાર દિવસની પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ તેની વધુ પૂછપરછ કરી રહી છે. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આરોપી અને મૃતક રાહુલ પંજવાની ઉર્ફે પંજાબી (૫૫) વચ્ચે શનિવારની રાતે દારૂના નશામાં ઝઘડો થયો હતો. ગુસ્સામાં આરોપીએ પથ્થર ઝીંકી પંજાબીની હત્યા કરી હતી. પોલીસને ઘટનાસ્થળેથી લોહીથી ખરડાયેલો પથ્થર મળી આવ્યો હતો. આ પ્રકરણે આઝાદ મેદાન પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.■

# ભીડને કારણે લોકલ ટ્રેનના દરવાજા પર ઊભા રહેવું એ બેદરકારી નથીઃ હાઈ કોર્ટ

મુંબઈ : મુંબઈમાં ઉપનગરીય લોકલ ટ્રેનોમાં ભારે ભીડને ધ્યાનમાં રાખીને હાઈ કોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે કે લોકલના દરવાજા પર ઉભા રહેવાને બેદરકારી ન કહી શકાય. ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુના એક કેસમાં કોર્ટે આ ચુકાદો આપ્યો હતો.

કેસની વિગત મુજબ સેલ્સમેન તરીકે કામ કરતા બાલકૃષ્ણનું ૨૯ જાન્યુઆરી, ૨૦૧૨ના રોજ કલ્યાણથી ડોંબિવલી જતી વખતે ઠાકુર્લી અને ડોંબિવલી સ્ટેશનો વચ્ચે ચાલતી લોકલ ટ્રેનમાંથી પડી જવાથી મૃત્યુ થયું હતું. જોકે, રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલે ભંડારી દંપતીના વળતરના દાવાને ફગાવી દીધો હતો, એમ કહીને કે આ ઘટના રેલવે કાયદા હેઠળ કમનસીબ ઘટનાની વ્યાખ્યામાં આવતી નથી. જોકે ન્યાયાધીશ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે અવલોકન કર્યું હતું કે જ્યારે ઘટનાનો કોઈ પ્રત્યક્ષદર્શી નહોતો ત્યારે સંબંધિત અધિકારીઓ દ્વારા ઘટના વિશે વિરોધાભાસી અહેવાલો આપવાનું સમજાતું નથી. તેથી કોર્ટ પાસે એ સ્વીકારવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી કે બાલકૃષ્ણનું મૃત્યુ ચાલતી લોકલ ટ્રેનમાંથી પડી જવાથી થયું હતું અને આ ઘટના એક દુર્ભાગ્યપૂર્ણ ઘટનાની વ્યાખ્યામાં આવે છે, એમ કોર્ટે જણાવ્યું હતું. તેમાં એવો પણ ચુકાદો આપવામાં આવ્યો હતો કે કલ્યાણ કાયદાઓ સંબંધિત કેસોમાં અને પુરાવાઓમાં વિસંગતતા હોય તેવા કિસ્સાઓમાં, શંકાનો લાભ પીડિતને આપવો જોઈએ. ■

# રિક્ષા અને કાર અથડાતાં બે જખમીઃ થાણેનો વાહનવ્યવહાર ખોરવાયો

થાણેઃ થાણે નજીકના કલવામાં બ્રિજ પર રિક્ષા અને કાર અથડાતાં બે જણ ઘવાયા હતા. બન્ને વાહનોના ટકરાવાથી બ્રિજ પર ઑઈલ ફરી વળતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો.

થાણે ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના ચીફ યાસીન તડવીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારની વહેલી સવારે ૫.૪૫ વાગ્યે કલવા પરિસરમાં ખારેગાંવ નજીકના પુલ પર બની હતી. અકસ્માતમાં રિક્ષાનો ડ્રાઈવર અને પ્રવાસી જખમી થયા હતા.

સામેની દિશામાં આવેલી કાર સાથે રિક્ષા ટકરાવાને કારણે અકસ્માત થયો હતો. જખમી બન્નેને કલવાની છત્રપતિ શિવાજી મહારાજ હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

અકસ્માતને કારણે ઑઈલ રસ્તા પર ઢોળાયું હતું, જેને કારણે વાહનો ધીમી ગતિએ ચલાવવાની ફરજ પડી હતી. અકસ્માતગ્રસ્ત બન્ને વાહનને રસ્તાને કિનારે ખસેડવામાં આવ્યા પછી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાયો હતો.(પીટીઆઈ)■

# મુખ્ય પ્રધાનના સ્વાગતની તૈયારી, પણ ઘરમાં પાણીનાં બેડાં ખાલી

ભાયંદરઃ એક તરફ રાજ્યના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન મેટ્રો લાઇનના લોકાર્પણ માટે મીરા-ભાયંદર આવી રહ્યા હોવાથી આખું શહેર તેમના સ્વાગતની તૈયારીમાં વ્યસ્ત છે. ત્યાં બીજી તરફ સ્વાગતના એક દિવસ પહેલા જ શહેરમાં પાણીની અછતની સમસ્યા સર્જાતા નાગરિકોમાં ભારે નિરાશા જોવા મળી રહી છે.

મીરા ભાયંદર મહાનગરપાલિકાને સ્ટેમ ઓથોરિટી પાસેથી ૮૬ મિલિયન લિટર અને એમઆઇડીસી પાસેથી ૧૩૫ મિલિયન લિટર મળીને કુલ ૨૨૧ મિલિયન લિટર પાણી પુરવઠો મંજૂર થયેલો છે. પરંતુ વાસ્તવમાં પાણીનો બગાડ અને અન્ય કારણોને લીધે શહેરને આશરે ૨૦૦ મિલિયન લિટર જેટલો જ પાણી પુરવઠો મળે છે. શહેરને દરરોજ ૨૨૫ મિલિયન લિટર પાણીની જરૂર છે. દરમિયાન, છેલ્લા કેટલાક દિવસોથી શહેરના પાણી પુરવઠામાં સતત વિક્ષેપ આવી રહ્યો હોવાથી નાગરિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. સોમવારે પણ શહેરના કાશીનગર, ઈન્દ્રલોક, તળાવ રોડ, નવઘર રોડ, જેસલ પાર્ક અને મીરા રોડના કેટલાક વિસ્તારોમાં પાણી પુરવઠો ખોરવાયો હોવાનું સામે આવ્યું હતું. સાતમી એપ્રિલના રોજ નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ, ઉપમુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને સુનેત્રા પવાર દહિસર-મીરા ભાયંદર મેટ્રો લાઇનના લોકાર્પણ કાર્યક્રમ માટે શહેરમાં હાજરી આપવાના છે. આ સમયે રાજકીય નેતાઓ મોટા-મોટા હોર્ડિંગ્સ લગાવીને સ્વાગતની ભવ્ય તૈયારી કરી રહ્યા છે, પરંતુ બીજી તરફ સામાન્ય નાગરિકોને પાણી જેવી પાયાની સુવિધા પણ ન મળતી હોવાને કારણે રોષ વ્યક્ત કરવામાં આવી રહ્યો છે. ■

# હાઉસિંગ પ્રોજેક્ટ્સ પૂર્ણ ન થાય ત્યાં સુધી સુવિધાઓની રાહ જોવી અયોગ્ય છે!

## છ મહિનામાં પૂર્ણ કરવાનો મહારેરાનો આદેશ

મુંબઈ : મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (મહારેરા)એ ડેવલપરના દાવાને ફગાવી દીધો છે કે ઘર ખરીદનારાઓને હાઉસિંગ પ્રોજેક્ટ પૂર્ણ થયા પછી જ સુવિધાઓ પૂરી પાડવામાં આવશે. ઘર ખરીદનારાઓને આ અનિશ્ચિત સમય સુધી રાહ જોવી એ અન્યાયી હોવાનું જણાવીને, મહારાષ્ટ્ર રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીએ ખારઘરમાં એક હાઉસિંગ પ્રોજેક્ટના ડેવલપરને આગામી છ મહિનામાં ઘર ખરીદનારાઓને સુવિધાઓ પૂરી પાડવાનો આદેશ આપ્યો છે.

ખારઘરમાં એક પ્રોજેક્ટના અ, ઇ અને ઈ વિંગને સિડકો એ પૂર્ણતા પ્રમાણપત્ર આપ્યું છે. આ પ્રોજેક્ટમાં વધારાનો કાર્પેટ એરિયા ઉપલબ્ધ છે અને ઘર ખરીદનારાઓએ તેનો ઉપયોગ કરવા માટે સંમતિ આપી છે. તેથી, આ પ્રોજેક્ટમાં ઉ વિંગનું બાંધકામ શરૂ થવાનું છે. તેથી આ પ્રોજેક્ટ હજુ પૂર્ણ થયો નથી. પ્રોજેક્ટ પૂર્ણ થવાની તારીખ ૨૦૨૬ હતી. ડેવલપરે તેને ૨૦૩૦ સુધી વધારવા માટે મહારેરામાં અરજી કરી છે. આ અરજી પેન્ડિંગ છે. તેથી ડેવલપરે દાવો કર્યો હતો કે તે કરારમાં સંમત થયા મુજબ ઘર ખરીદનારાઓને વિવિધ સુવિધાઓ પૂરી પાડશે. જો કે આ દાવાને નકારી કાઢતા મહારેરાના સભ્ય મહેશ પાઠકે કહ્યું છે કે કરારમાં સંમત થયેલી વિવિધ સુવિધાઓ મેળવવા માટે ઘર ખરીદનારાઓને અનિશ્ચિત સમય સુધી રાહ જોવડાવવી યોગ્ય નથી.

સિટી ઇન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (સિડકો) એ આ પ્રોજેક્ટ માટે રહેવા યોગ્ય પ્રમાણપત્ર જારી કર્યું છે અને ઘર ખરીદનારાઓએ ફ્લેટનો કબજો લઈ લીધો છે. જોકે એક રહેવાસીએ ફરિયાદ કરી છે કે ડેવલપરે કરારમાં સંમત થયા મુજબ વિવિધ સુવિધાઓ પૂરી પાડી નથી અને માત્ર કામચલાઉ ધોરણે પાર્કિંગનું વિતરણ કર્યું છે. આ સંદર્ભમાં ડેવલપરને આવો આદેશ જારી કરવાની માંગ કરવામાં આવી છે. આ ફરિયાદ પર, મહારેરાએ તમામ સંબંધિત ફ્લેટ ધારકોને સુવિધાઓ પૂરી પાડવા અને કાયમી પાર્કિંગ પૂરું પાડવાનો આદેશ આપ્યો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ‘હું શપથ લઉં છું, સુનેત્રા વહિની ઈતિહાસ રચશે’: બારામતીમાં સુનીલ તટકરેનું મોટું નિવેદન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અજીત પવારના અવસાન પછી, બારામતી વિધાનસભા ક્ષેત્રમાં પેટાચૂંટણી યોજાઈ છે. મહાયુતિ આ ચૂંટણી બિનહરીફ થાય તે માટે જોરદાર પ્રયાસો કરી રહી છે. જોકે, કોંગ્રેસે આ ચૂંટણીમાં ઉમેદવાર ઉતાર્યો છે. કોંગ્રેસ દ્વારા એડવોકેટ આકાશ મોરેને ટિકિટ આપવામાં આવી છે. તેથી, બારામતીમાં કોઈ બિનહરીફ ચૂંટણી નહીં થાય તે હવે નક્કી છે. આ દરમિયાન, સુનેત્રા પવારે આજે આ પેટાચૂંટણી માટે પોતાનું ઉમેદવારી પત્ર ભર્યું. આ માટે મહાયુતિના તમામ પક્ષના નેતાઓ બારામતીમાં હાજર રહ્યા હતા. સુનેત્રા પવારના અરજી દાખલ કરવાના કાર્યક્રમમાં એનસીપીના પ્રદેશ પ્રમુખ સુનીલ તટકરે અને પ્રફુલ પટેલ પણ હાજર રહ્યા હતા.

બારામતીમાં આયોજિત એનસીપીની રેલીમાં સુનીલ તટકરેએ કહ્યું કે હું તમામ રાજકીય પક્ષોને વિનંતી કરું છું કે બારામતીની પેટાચૂંટણી બિનહરીફ યોજાય, પરંતુ જો આ ચૂંટણી ફરજ પાડવામાં આવે છે, તો હું શપથ લઉં છું કે ચૂંટણીઓ ૧૯૫૨થી યોજાઈ રહી છે. અત્યાર સુધીની વિધાનસભા ચૂંટણીના ઇતિહાસમાં, આપણે બધાએ સુનેત્રા વહિનીને સૌથી વધુ મતો સાથે ચૂંટાયેલા કોઈપણ ઉમેદવાર કરતાં વધુ મતોથી ચૂંટી કાઢવાનો સંકલ્પ કરવો જોઈએ. આ અજિતદાદાને ખરી શ્રદ્ધાંજલિ હશે, એમ જણાવતાં સુનીલ તટકરેએ આ પ્રસંગે કહ્યું હતું કે સુનેત્રા વહિની, મારી તમને એક જ વિનંતી છે. તમે આજે અરજી ફોર્મ ભરો... પછી જેમ અજિતદાદા છેલ્લી સભા કરતા હતા, તેમ તમારે છેલ્લી સભામાં આવવું જોઈએ... સુનેત્રા પવારે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે, ભાજપના નેતા ચંદ્રશેખર બાવનકુળે અને અન્ય એનસીપી નેતાઓ, કાર્યકરો અને પદાધિકારીઓની હાજરીમાં પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું.

# અજિત પવારનાં સ્વપ્નને પૂર્ણ કરવાનો સંકલ્પ કર્યો સુનેત્રા પવારે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે સોમવારે બારામતીથી વિધાનસભાની પેટાચૂંટણી માટે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. આ ઉમેદવારીપત્ર ભરતા પહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દ્વારા નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવારે પોતાના પેટાચૂંટણીના પ્રચારનો પ્રારંભ કર્યો. આ પ્રસંગે સુનેત્રા પવારે સ્વર્ગસ્થ અજિત પવારના સ્વપ્નને પૂર્ણ કરવાનો પોતાનો નિર્ધાર વ્યક્ત કરતા કહ્યું કે આખું બારામતી તેમનો પરિવાર છે. પોતાના ભાષણમાં સુનેત્રા પવારે રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી શરદ પવાર જૂથના કાર્યકારી પ્રમુખ સુપ્રિયા સુળેનો પણ આભાર માન્યો હતો. શરદ પવાર જૂથે આ બેઠક પરથી પોતાનો ઉમેદવાર ઊભો રાખ્યો નથી.ઉમેદવારીપત્ર ભરતા પહેલા એનસીપીના કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી. એનસીપીના તમામ અગ્રણી નેતાઓ આ બેઠકમાં હાજર રહ્યા હતા. આ સભામાં એનસીપીના નેતાઓએ સ્વર્ગસ્થ અજિત પવારની યાદોને તાજી કરી. આ પ્રસંગે, તેમણે કહ્યું હતું કે ચૂંટણી બિનવિરોધ કરવાના પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ તે સફળ થયા નથી. હવે આ ચૂંટણીમાં સુનેત્રા પવારને અભૂતપૂર્વ વિજય અપાવીને અજિત પવારને શ્રદ્ધાંજલિ આપવી જોઈએ.

નાયબ મુખ્ય પ્રધાન સુનેત્રા પવાર ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા. નઅજિતદાદા બારામતીનો શ્વાસ હતા અને તેમના છેલ્લા શ્વાસ પણ બારામતીની માટીમાં ગયા હતા. આજે, તેમનો સ્પર્શ સમગ્ર બારામતીમાં અનુભવાય છે, અહીંના શાંત પાંદડા અને ફૂલો પણ દાદાની યાદમાં રડી રહ્યા છે,થ એમ સુનેત્રા પવારે કહ્યું હતું. અજિતદાદાના અવસાન પછી શરૂ થયેલી બારામતી વિધાનસભા પેટાચૂંટણીના પ્રચાર દરમિયાન સુનેત્રા પવારે બારામતીના લોકો સાથે ખૂબ જ ભાવનાત્મક વાતચીત કરી હતી. ઉપસ્થિતોની આંખો પણ આંસુથી છલકાઈ ગઈ હતી.

સભાને સંબોધતા સુનેત્રા પવારે કહ્યું હતું કે, નમેં ક્યારેય સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યું કે આવી પરિસ્થિતિમાં આ પેટાચૂંટણી થશે. મને હજુ પણ નથી લાગતું કે દાદા હવે આપણી સાથે નથી અને હું આ ક્યારેય સ્વીકારી શકીશ નહીં. પરંતુ નિયતિએ આપણા પર આ મુશ્કેલ સમય લાદ્યો છે. દાદાનું નિધન ફક્ત એક પરિવાર માટે નહીં પરંતુ સમગ્ર બારામતી માટે નુકસાન છે. કોઈ અજિતદાદાનું સ્થાન લઈ શકે નહીં, પરંતુ હું તેમના વિકાસના વારસાને આગળ ધપાવીશ. બારામતીનો વિકાસ ક્યારેય અટકશે નહીં અને અહીંના વહીવટ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું ચાલુ રહેશે. હું તમને ખાતરી આપું છું કે બારામતીમાં ગુંડાગીરી કે ખંડણી માટે કોઈ સ્થાન રહેશે નહીં, એવી ખાતરી સુનેત્રા પવારે આપી હતી.

# ભાજપના નેતાઓને મળ્યા બાદ પ્રાજક્ત તાનપુરેની તલવાર મ્યાન, હવે એનસીપીના ગોવિંદ મોકાટે મેદાનમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાહુરી વિધાનસભા પેટાચૂંટણીમાં છેલ્લી ઘડીએ મોટો વળાંક આવ્યો હતો અને એનસીપીના નેતા પ્રાજક્ત તાનપુરે, જે ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર અક્ષય કર્ડીલે સામે ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા હતા, તેમણે આશ્ચર્યજનક રીતે ચૂંટણીમાંથી ખસી ગયા હોવાની ચર્ચા છે, કારણ કે ભાજપના વરિષ્ઠ નેતાઓ તેમને મળ્યા હતા અને મુખ્ય પ્રધાન ફડણવીસે પણ તેમની સાથે વાત કરી હતી. પાર્ટીએ તનપુરેના સ્થાને સ્થાનિક એનસીપી નેતા ગોવિંદ મોકાટેને મેદાનમાં ઉતાર્યા છે. સોમવારે બપોરે લગભગ ૨:૩૦ વાગ્યે ગોવિંદ મોકાટેએ ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવી હતી.

ભાજપના વરિષ્ઠ નેતા શિવાજીરાવ કર્ડીલેના અચાનક અવસાન પછી ખાલી પડેલી રાહુરી વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે તેમના પુત્ર અક્ષય કર્ડીલે ભાજપ તરફથી મેદાનમાં છે. ભાજપે આ ચૂંટણી બિનહરીફ યોજાય તે માટે પ્રયાસો કર્યા હતા. પરંતુ પ્રાજક્ત તનપુરેએ શરૂઆતથી જ વાતાવરણ ગરમાવ્યું હતું અને કહ્યું હતું કે મતવિસ્તારના લોકોએ તેમને ચૂંટણી લડવા માટે મત આપ્યા છે. તેમણે અરજી દાખલ કરવાના છેલ્લા દિવસ સુધી અરજી દાખલ કરવી કે નહીં તે અંગે મૂંઝવણ જાળવી રાખી હતી. આ દરમિયાન, એનસીપીના નેતાઓની બે-ત્રણ બેઠકો યોજાઈ હતી અને તનપુરેનું નામ નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ સોમવારે, કર્ડિલેની અરજી દાખલ કરવા આવેલા ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણ અને પાલક પ્રધાન વિખે-પાટીલ સીધા તનપુરેને મળ્યા હતા. ત્યારબાદ, તનપુરેની ભૂમિકા બદલવાની ચર્ચા થઈ રહી છે. તનપુરેના નામ પરત ખેંચ્યા પછી, ગોવિંદ મોકાટેએ એનસીપીમાંથી સત્તાવાર રીતે ઉમેદવારી નોંધાવી હતી. અરજી દાખલ કરતી વખતે સ્થાનિક એનસીપીના નેતાઓ તેમની સાથે હાજર હતા.

# કોંગ્રેસે શિવસેના (યુબીટી) પર પ્રાદેશિક સાથી પક્ષોનો ઉપયોગ ‘કાખઘોડી’ તરીકે કરવાનો આરોપ લગાવવા બદલ ટીકા કરી

મુંબઈઃ કોંગ્રેસે સોમવારે શિવસેના (યુબીટી) પર આકરા પ્રહારો કર્યા કે શિવસેનાએ એવો આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ પ્રાદેશિક સંગઠનોનો ઉપયોગ ‘કાખઘોડી’ તરીકે કરી રહી છે અને તેમને વિપક્ષી ગઠબંધનમાં નસમાન હિસ્સેદારોથ તરીકેનું સ્થાન આપવામાં આવતું નથી.

મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે શિવસેના (યુબીટી)ના મુખપત્ર નસામનાથમાં ઉપરોક્ત આરોપ કરતા સંપાદકીય લેખની ટીકા કરતાં જણાવ્યું હતું કે અખબારના કાર્યકારી સંપાદક, સાંસદ સંજય રાઉત, રાજકારણી અને પત્રકાર તરીકેની તેમની ભૂમિકાઓ વચ્ચે ઘણી વખત મૂંઝવણમાં દેખાય છે.

સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ નએક્સથ પર કડક શબ્દોમાં લખેલી પોસ્ટમાં, તેમણે નોંધ્યું હતું કે જ્યારે પત્રકારનું કર્તવ્ય ખામીઓ નિરપેક્ષપણે દર્શાવવાનું છે, ત્યારે રાજકીય પ્રવક્તા ઘણીવાર વિરોધીઓને નિશાન બનાવે છે અને બંને ભૂમિકાઓને ગૂંચવવાથી વ્યક્તિની પોતાની જવાબદારીને અવગણવામાં આવે છે.

તેમણે એવો દાવો કર્યો હતો કે રાઉત જે કંઈ કહે છે તેને ‘અંતિમ સત્ય’ માને છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમને નથી લાગતું કે મહા વિકાસ આઘાડી (એમવીએ) જેવા ગઠબંધનમાં, બધા ઘટક પક્ષોના પોતાના મંતવ્યો હોય છે, જેની જાહેરાત કરતા પહેલા ચર્ચા થવી જોઈએ.

એકપક્ષીય નિર્ણયો લેવા અને પછી કોંગ્રેસના નેતાઓ પર નજર રાખવી એ ગઠબંધનની રાજનીતિની ભાવના સાથે સુસંગત નથી, એમ સાવંતે કહ્યું હતું અને એવો સવાલ કર્યો હતો કે શું આવો અભિગમ યોગ્ય છે. કોંગ્રેસના નેતાએ વધુમાં દાવો કર્યો કે ગઠબંધનમાં સંકલન અને સંવાદના અભાવે મુંબઈ અને ચંદ્રપુરની મુખ્ય પાલિકાઓમાં એમવીએએ સત્તા ગુમાવી છે.

અમે નિષ્ઠાપૂર્વક ભાજપ સામે લડી રહ્યા છીએ અને દોષારોપણમાં સામેલ થવામાં અમને રસ નથી. આત્મનિરીક્ષણ પણ એટલું જ મહત્વપૂર્ણ છે, એમ તેમણે કહ્યું હતું.

શિવસેના (યુબીટી)એ સામનાના તંત્રીલેખમાં કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું, જે લોકો કેન્દ્રમાં સરકારનું નેતૃત્વ કરવાની મહત્વાકાંક્ષા રાખે છે તેઓએ પ્રાદેશિક પક્ષોનો ઉપયોગ ફક્ત કાખઘોડી તરીકે ન કરવો જોઈએ, પરંતુ તેમને સમાન હિસ્સેદારો તરીકે ગણવા જોઈએ.

પ્રાદેશિક પક્ષોને સમાવિષ્ટ કરવાથી નબળાઈ દેખાતી નથી, પરંતુ તે રાજકીય પરિપક્વતાની નિશાની છે, એમ તેમાં જણાવાયું છે.

જો કોંગ્રેસ કેન્દ્રમાં સત્તામાં આવવા માંગે છે, તો રાજ્યોમાં મજબૂત ગઠબંધન એકમાત્ર વિકલ્પ છે, અને તે સંદેશ આપવો જોઈએ કે રાષ્ટ્રીય પક્ષ હોવા છતાં, તે પ્રાદેશિક ખેલાડીઓનું સન્માન કરે છે, એમ સેના (યુબીટી) એ કહ્યું હતું.

તાજેતરની રાજ્યસભા ચૂંટણીઓ અને આગામી વિધાનસભા પરિષદની ચૂંટણીઓને લઈને પાર્ટીનો ગુસ્સો મહારાષ્ટ્ર રાજ્ય કોંગ્રેસ નેતૃત્વ પર હતો.

# ભાજપ વિશ્વ કલ્યાણની ભારતીય પરંપરામાં માને છે, મુસ્લિમો અન્ય લઘુમતીઓ વિરુદ્ધ નથીઃ ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ સોમવારે જણાવ્યું હતું કે ભાજપ મુસ્લિમો અને અન્ય લઘુમતીઓ વિરુદ્ધ છે તે દાવો સંપૂર્ણપણે ખોટો છે અને પાર્ટી ભારતીય પરંપરા અને વિશ્વ કલ્યાણની પરંપરાઓમાં વિશ્વાસ રાખે છે.

અહીં પાર્ટીના કાર્યકરોને સંબોધતા ગડકરીએ કહ્યું હતું કે ભાજપ ન તો જાતિવાદી છે કે ન તો સાંપ્રદાયિક, તેમણે ઉમેર્યું કે વિરોધીઓ છેલ્લા ઘણા દાયકાઓથી તેને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.ભાજપ કોઈપણ ધર્મની વિરુદ્ધ નથી. અમારી પાર્ટી માને છે કે લોકોની પૂજા કરવાની અલગ અલગ રીતો હોઈ શકે છે અને દરેક વ્યક્તિને પોતાના ધર્મનું પાલન કરવાનો અધિકાર છે. પૂજા કરવાની અલગ અલગ રીતો હોવા છતાં, આપણે બધા ભારતીય છીએ. આપણી સંસ્કૃતિ, ઇતિહાસ અને વારસો એક છે, એમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે ખોટી માહિતી ફેલાવવામાં આવી હતી કે ભાજપ એક ચોક્કસ જાતિનો પક્ષ હતો, અને તે મહાત્મા ગાંધીની હત્યા કરનારાઓ સાથે જોડાયેલો હતો. ગડકરીએ ભૂતપૂર્વ વડા પ્રધાન અટલ બિહારી વાજપેયી દ્વારા પટકથા લેખક-કવિ જાવેદ અખ્તરને આપેલા ઇન્ટરવ્યુને યાદ કર્યો જેમાં ભારત રત્ન પુરસ્કાર વિજેતાને પૂછવામાં આવ્યું હતું કે જો ભાજપ ભારતમાં સત્તામાં આવશે તો શું ધર્મનિરપેક્ષતા જોખમમાં આવશે.

નવાજપેયીજીએ જવાબ આપ્યો કે ભારત ધર્મનિરપેક્ષ છે અને હંમેશા ધર્મનિરપેક્ષ રહેશે. તેમણે કહ્યું કે તે ભાજપ-આરએસએસના કારણે નહીં પરંતુ બહુમતી હિન્દુ સમુદાયની સંસ્કૃતિ, ઇતિહાસ અને સમાવેશકતાને કારણે છે,થ એમ ગડકરીએ સભાને કહ્યું હતું.

નરાષ્ટ્રિયત્વ, ભારતીયત્વ એ હિન્દુત્વ છે. હિન્દુ એ જાતિ, સંપ્રદાય કે ધર્મ નથી. તે જીવન જીવવાની એક રીત છે, જે સમાવેશી છે. ધર્મનિરપેક્ષતાનો વાસ્તવિક અર્થ નસર્વધર્મ સમભાવથ છે, જેનો અર્થ એ છે કે બધા ધર્મો અને વિચારધારાઓનું સન્માન કરવું જોઈએ. ભાજપ મુસ્લિમો અથવા અન્ય લઘુમતીઓ વિરુદ્ધ છે તે આરોપ સંપૂર્ણપણે ખોટો છે. ભાજપ ભારતીય પરંપરા અને વિશ્વ કલ્યાણની ભાવનામાં માને છે,થ એમ ગડકરીએ કહ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### આજથી વિકાસકાર્યોને

એવું થયું નથી. હવે અમારી પાસે કામ બંધ કરવા સિવાય કોઈ વિકલ્પ નથી,’ એમ એસોસિએશનના પ્રમુખ મિલિંદ ભોસલેએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું.

**યોજનાઓનો બોજ કે આયોજનનો અભાવ?**

રાજ્ય સરકારની તિજોરી હાલમાં ભારે દબાણ હેઠળ છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણી પહેલાં વિવિધ યોજનાઓ માટે કરોડો રૂપિયાની જોગવાઈ કરવામાં આવી હતી. આ લોકપ્રિય સૂત્રોના કારણે સરકાર સત્તામાં આવી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે વિકાસ કામના બિલ બાકી છે. ગયા નાણાકીય વર્ષમાં સરકારે ૧.૩૮ લાખ કરોડ રૂપિયાની લોન લીધી, છતાં મૂડી ખર્ચ માત્ર ૯૮,૦૦૦ કરોડ રૂપિયા સુધી મર્યાદિત રહ્યો હતો.

**૩ લાખ કોન્ટ્રાક્ટરોની આજીવિકા જોખમમાં**

માત્ર મોટા કોન્ટ્રાક્ટરો જ નહીં, પરંતુ સ્થાનિક સંસ્થાઓમાં કામ કરતા નાના કોન્ટ્રાક્ટરોને પણ ભારે ફટકો પડ્યો છે. મજૂરોના પગાર અને કાચા માલની ચુકવણી ન થવાને કારણે પુરવઠા શૃંખલા ખોરવાઈ ગઈ છે. જો મંગળવારથી કામ બંધ થઈ જાય, તો એવી ભીતિ છે કે ઘણા રસ્તા, પાણી પુરવઠા અને સિંચાઈ પ્રોજેક્ટ્સ વિલંબિત થશે.

### ગોરેગામમાં બે જૂથ

જણાવાયું નહોતું, પણ ડ્રગ્સ વેચનારાના વિરોધમાં રહેવાસીઓ ઉશ્કેરાયા હોવાનું કહેવાતું હતું. મામલો ગંભીર થતાં બે જૂથ સામસામે આવી ગયા અને ભારે ધમાલ મચાવી હતી. એક રિક્ષાની તોડફોડ કરવામાં આવી હતી તો મારપીટ પછી શસ્ત્રોનો પણ ઉપયોગ થયો હતો.

બનાવની જાણ થતાં દિંડોશી પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. મોટી સંખ્યામાં લોકો ભેગા થતાં પોલીસે હળવો લાઠીચાર્જ કરવો પડ્યો હતો. ટોળાના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા ત્રણને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

દરમિયાન ઘટનાને પગલે સ્થાનિક વિસ્તારમાં ભય ફેલાઈ ગયો હતો. પોલીસે સતર્કતા ખાતર કડક સુરક્ષાવ્યવસ્થા ગોઠવી દીધી હતી. ઘટનાસ્થળેથી પોલીસને ડ્રગ્સ પણ મળી આવ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

સોમવારે આરોપીના ઘર બહારનું મોટા ભાગનું બાંધકામ ગેરકાયદે હોવાનું પાલિકા દ્વારા જણાવાયું હતું. પરિણામે જેસીબીની મદદથી ગેરકાયદે બાંધકામ જમીનદોસ્ત કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી સમયે પણ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. સોમવારે પણ સંતોષ નગરમાં ભારેલા અગ્નિ જેવો માહોલ હતો.

### સ્થાયી સમિતિને

અધ્યક્ષ પાસે હજી ૩૧૩ કરોડ રૂપિયાની રકમ બાકી રહેશે, જેમાંથી કયા પક્ષને કેટલું ભંડોળ આપવામાં આવશે એ બાબતે સ્થાયી સમિતિ અધ્યક્ષે કોઈ ફોડ પાડ્યો નહોતો પણ જે નગરસેવકોએ પત્ર લખીને તેમના વિસ્તારમાં વિકાસ માટે ભંડોળ ફાળવવાની માગણી કરી છે, તેમને આ ભંડોળ આપવામાં આવશે એવું તેમણે કહ્યું હતું.

**વિરોધપક્ષને ભંડોળ ઓછું મળશે**

મુંબઈ મહાનગરપાલિકામાં ૨૦૧૭થી ૨૦૨૨ દરમ્યાન ઠાકરેની શિવસેનાની સત્તા હતી ત્યારે ઠાકરેની શિવસેનાએ ભાજપને ઓછું ભંડોળ આપ્યું હતું. તેથી ભાજપ તેનો બદલો જરૂરથી લેશે એવું માનવામાં આવે છે. તેથી આ વર્ષે ઠાકરેની શિવસેના સહિત કૉંગ્રેસને એકદમ ઓછું ભંડોળ મળે એવી શક્યતા છે. સ્થાયી સમિતિ અધ્યક્ષ પાસે રહેલા ૩૧૩ કરોડ રૂપિયામાંથી માંડ ૭૦થી ૮૦ કરોડ રૂપિયા ઠાકરેસેના, કૉંગ્રેસ, એઆઈએમઆઈએમ અને સમાજવાદી પાર્ટીને મળવાની શકયતા છે.

### ઑનલાઈન કટ્ટરવાદી

કહેવામાં આવ્યું છે. ઓડિસાથી ઑપરેટ કરાતા આ મોડ્યુલ સાથે કથિત રીતે સંડોવાયેલા શકમંદોની માહિતીને આધારે દિલ્હી પોલીસ પાંચેક દિવસ પહેલાં મુંબઈ આવી હતી. મહારાષ્ટ્ર એટીએસની મદદથી શુક્રવારના મળસકે ચાર અલગ અલગ સ્થળે એકસાથે રેઇડ કરાઈ હતી.

આ કાર્યવાહી દરમિયાન બે જણને તાબામાં લેવાયા હતા. પ્રાથમિક પૂછપરછ પછી કુર્લાથી તાબામાં લેવાયેલા મોહમ્મદ હમ્માદ સલાઉદ્દીન મેહમૂદઅલી સિદ્દીકી (૧૮) અને થાણેથી તાબામાં લેવાયેલા મોસીબ અહમદ ઈફ્તિકાર અહમદ ઉર્ફે કમાલ ઉર્ફે સોનુ (૩૩)ની ધરપકડ કરવામાં આવી હતી. પકડાયેલો સિદ્દીકી કૉલેજ સ્ટુડન્ટ છે તો સોનુ ઑટો ઈલેક્ટ્રિક મિકેનિક છે. ટ્રાન્ઝિટ રિમાન્ડ પર બન્નેને વધુ તપાસ માટે દિલ્હી લઈ જવાયા હતા. દિલ્હી પોલીસે તેમની વિરુદ્ધ ગુનાહિત કાવતરાનો ગુનો નોંધ્યો હતો.

### અજિતદાદાના અકસ્માતના

બેંકને આખા મહિનામાં પણ આટલા બધા સંદેશા નથી મળ્યા. તો ખરેખર શું થયું છે ? હું આ બધી વિગતો એસઆઈટીને આપીશ અને આમાં શું થયું તેની તપાસની માગ કરીશ, આ બધા વ્યવહારો કોણે કર્યા? શું કોઈ મની લોન્ડરિંગ હતું? આ બધી બાબતો બહાર આવવી જોઈએ, એવી માંગણી દમણિયાએ કરી. આ દરમિયાન, સીડીઆર પર લાગેલા આરોપો પર અંજલિ દમણિયા રડી પડ્યા.

### મુંબઈને પાણી

ક્ષમતા ૧૪ લાખ ૪૭ હજાર મિલિયન લિટર જેટલી છે. તેની સરખામણીએ હાલમાં સાતેય ધરણાંમાં મળીને ૫ લાખ ૪૫ હજાર ૬૮૦ મિલિયન લિટર પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. આ પાણીનો જથ્થો ગયા વર્ષ કરતા વધુ હોવા છતાં, મુંબઈમાં અત્યારથી જ અનેક જગ્યાએ પાણીનું દબાણ ઓછું છે. સાથે જ ઉનાળાનો તાપ પણ વધી રહ્યો હોવાથી પાણીનું બાષ્પીભવન પણ મોટા પ્રમાણમાં થઈ રહ્યું છે. આથી આગામી દિવસોમાં આ પાણીના સ્તરમાં હજુ પણ ઘટાડો થશે.

### મુંબઈ મેટ્રોના

મીરા-ભાયંદર (કાશીગાવ) દરમ્યાન સીધો અને અખંડ પ્રવાસ થઈ શકશે.

લાઈન ૯ અને લાઈન ટૂ-બી આઠ એપ્રિલથી સેવામાં દાખલ થવાની છે. લાઈન -૭ હવે કાશિગાંવ સુધી સુધી વિસ્તારિત. લાઈન ટૂ-એ અને લાઈન -૭ સ્વતંત્ર રૂટ. દરેક રૂટ પર વધારાની ફેરીઓ થશે.

**૧ ) અંધેરી પશ્ચિમથી દહિસર પૂર્વ (યલો લાઇન)**

મેટ્રો લાઈન ટૂ -એ (યલો લાઇન) અંધેરી પશ્ચિમથી દહિસર પૂર્વ હવે સ્વતંત્ર રૂટ રહેશે. પહેલી મેટ્રો સવારના ૫.૪૦ - ૫.૫૫ ની રહેશે. છેલ્લી મેટ્રો રાતના લગભગ ૧૦.૩૫-૧૧.૦૦ વાગે છૂટશે. (ભીડના સમયે દર છ મિનિટે અને અન્ય સમયમાં દર ૮થી ૧૦ મિનિટે છૂટશે). આ રૂટ પર અઠવાડિયામાં દિવસના ૨૮૯, શનિવારે ૨૩૧ અને રવિવાકે ૨૧૩ ફેરી થશે.

**૨ ) ગુંદવલીથી કાશીગાવ (ઈન્ટીગ્રેટેડ રેડલાઈન કોરિડોર)**

મેટ્રો લાઈન-૭ અને લાઈન- ૯ સંયુક્ત કોરિડોર રહેશે. લાઈન-૯ શરૂ થયા બાદ લાઈન- ૭ હવે વિસ્તારિત સ્વરૂપમાં દોડાવવમાં આવશે. ૧૯.૧૭ કિલોમીટરની લંબાઈની આ મેટ્રો રેલમાં પહેલી મેટ્રો સવારના ૫.૫૦ વાગે અને છેલ્લી મેટ્રો ૧૧.૦ વાગે છૂટશે. ભીડના સમયે દર પાંચ મિનિટે ટ્રેન દોડશે અને બાકીના સમયમાં ૮થી ૧૦ મિનિટનો સમય લાગશે. આ મેટ્રો રૂટમાં અઠવાડિયામાં દિવસની ૨૭૬, શનિવારે ૨૨૩ અને રવિવારે ૨૦૫ ફેરી થશે. પ્રવાસીઓને ઈન્ટરચેન્જની સુવિધા ઉપલબ્ધ થશે. જેમાં દહિસર સ્ટેશનથી પ્રવાસીઓએ ટૂ- અને લાઈન-૭ અને લાઈન-૯ દરમ્યાન ટ્રેન બદલી શકશે, તે માટે સ્ટેશન બહાર જવાની આવશ્યકતા રહેશે નહીં.

**૩) મંડાલેથી ચેંબુર-ડાયમંડ ગાર્ડન**

મેટ્રો લાઈન ટૂ-બી (ફેઝ-વન)માં મહારાષ્ટ્ર નગર-મંડાલેથી દેશભક્ત એન.જી. આચાર્ય ઉદ્યાન-ડાયમંડ ગાર્ડન- ચેંબૂર વચ્ચે દોડનારી મેટ્રો હાર્બર લાઈન પરિસરને મેટ્રો સાથે જોડશે.

## હિન્દુ મરણ

**દશા સોરઠીયા વણિક**

મહુવા નિવાસી હાલ મુંબઇ સવીતાબેન અને બચુભાઇ છગનલાલ તલાટી (મહેતા)ના પુત્ર શશીકાંતભાઇ (ઉં. વ. ૭૬) તા. ૩-૪-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મમતાના પતિ. મયૂર અને વિનયના પિતા. શ્રીના સસરા. સ્વ. અનસુયા દામોદરદાસ શેઠ, સ્વ. જયોતિ કિશોરકુમાર કાટકોરિયા, સ્વ. જયશ્રી ધીરેનકુમાર લોટીયા, સ્વ. ઉર્મિલા મહેન્દ્રકુમાર ગાંધી, સ્વ. જશુભાઇ, સ્વ. નીતિન તથા સ્વ. રમેશભાઇના ભાઇ. સ્વ. પ્રભુદાસ નાગજીભાઇ ધાબળીયાના જમાઇ. લૌકિક પ્રથા બંધ છે.

**ખંભાતી દશા પોરવાડ વણીક**

મહેશભાઇ નટવરલાલ શાહ (ઉં. વ. ૯૦) તે ઉષાબેનના પતિ. સોનલ મરચંટ અને રૂપલ વોરાના પિતાશ્રી. પ્રશાંત મરચંટ અને આનંદ વોરાના સસરાજી. સ્વ. સુમતીબેન, સ્વ. જયમંતીબેન, સ્વ. શરદભાઇ અને પ્રફુલભાઇના ભાઇ. દેવીકા, આશુતોષ અને અંબીકાના નાના. ચિન્મય, આંચલ અને સીતારોના નાના સસરાજી તા. ૫-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**બ્રહ્મક્ષત્રિય**

વત્સલ રણજીત છત્રપતિ (ઉં. વ. ૮૮) ૪ એપ્રિલ ૨૦૨૬ના રોજ દેવલોક પામ્યા છે. જે સ્વ. શ્રીમતી વિમલા અને સ્વ. રણજીત કૃષ્ણકાંત છત્રપતિના પુત્ર. શ્રીમતી રૂપા છત્રપતિના પતિ. સ્વ. શ્રીમતી અંજની સિદ્ધાર્થ ખંડવાલાના ભાઈ. ડૉ. કૌશલ છત્રપતિ, પૂર્વી જનક મહેતાના પિતા. જનક મયંક મહેતાના સસરા. અવિઘ્ન, આશ્કા અને પ્રથમના દાદા. પ્રાર્થનાસભા બુધવાર, ૮ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ સાંજે ૫.૩૦ થી ૭.૩૦. સ્થળઃ હોલ ઓફ કલ્ચર, નેહરુ સેન્ટર, ડૉ. એની બેસન્ટ રોડ વરલી.

**કચ્છી લોહાણા**

સ્વ. અમૃતબેન દેવશીભાઈ કોઠારીના જેષ્ઠ સુપુત્ર અશ્વિનભાઈ દેવશીભાઈ કોઠારી (ઉં.વ. ૭૫) તે કોકિલાબેનના પતિ. શ્રીરામપુર હાલે મુંબઈ નિધન થયેલ છે. તે આશિષ, વિશાલ અને અમિતના પિતાશ્રી. સ્વ. યોગેશભાઈ, ધનંજયભાઈ, સ્વ. કિર્તીભાઈ નિખિલભાઈ તથા ચંદ્રિકાબેન દિનેશભાઈ રાણાના મોટાભાઈ. સ્વ. પરમાનંદભાઈ લઘુભાઈ ગજરિયાના મોટા જમાઈ. હેમા, યાસ્મીન, બિજલના સસરા. તા. ૫-૪-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૭-૪-૨૬ના ૫.૩૦થી ૭.૦૦. પવાણી હોલ, પહેલે માળે, કચ્છી લોહાણા મહાજનવાડી, મુલુંડ. (લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.)

## પારસી મરણ

તાઝીન ફરહાદ વાનદેરવાલા તે ફરહાદના ધન્યાની. તે ઝરીન તથા મરહૂમ રુસી ધનજીશા મિસ્ત્રીના દીકરી. તે ઝોએ ને તરોનીશના કાકી. તે પીયુશી ને ગૈવરંગના મામી. તે મરહૂમો રતી રુસ્તમ વાનદેરવાલાના વહુ. તે ફેનીના જેથાની. (ઉં.વ. ૫૩) રે.ઠે.: બરજોર બિલ્ડિંગ, પહેલે માળે, રૂમ નં. ૧૬, વાડિયા સ્ટ્રીટ, તારદેવ, મુંબઈ-૪૦૦૦૩૪.

જહાંગીર રુસ્તમ ખરાસ તે શાહનાઝના ધની. તે મરહૂમો ડોલી કાવરાના ને રુસ્તમ ખરાસના દીકરા. તે ખુશનમ ને રશનાના પપ્પા. તે દેનીયલ ને ચારલીના સસરા. તે બેનજામીન, નોહા, અમીરા ને જેકના બપાવા. તે મરહૂમો નરગીશ શાહરૂખ મઝદાના જમાઈ. (ઉં.વ. ૭૮) રે.ઠે.: ૧-બી કોસમોપૌલીસ, ૨૧ એલ.ડી. રુપારેલ માર્ગ, મલબાર હિલ, મુંબઈ-૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૭-૦૪-૨૦૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

શેરનાઝ ખુશરૂ પંથકી તે એરવદ ખુશરૂ બહાદુરશાહ પંથકીના ધનીયાની. તે મરહૂમ ડોલત તથા મરહૂમ દીનશાહ હોરમસજી બારિયાની દીકરી. તે મરહૂમ મની તથા મરહૂમ એરવદ બહાદુરશાહ પેસ્તનજી પંથકીના વહુ. તે કેશ્મીરાના માતાજી. તે મરહૂમ સાયરસ બારિયાની બહેન. (ઉં.વ. ૬૯) રે. ઠે.: ક્યુ ૧૯, ગોદરેજ બાગ, ચોથે માળે, નેપીયનસી રોડ, સીમલા હાઉસ આગળ મલબાર હિલ, મુંબઈ- ૪૦૦૦૦૬. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૦૭-૦૪-૨૦૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે. ઉપરની ઓલબલેસ બંગલીમાં છેજી.

## જૈન મરણ

**રાધનપુર જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. વસંતલાલ ગણપતભાઇ દોશીના સુપુત્ર રોહિતભાઇના ધર્મપત્ની નીતાબહેન રોહિતભાઇ દોશી (ઉં. વ. ૭૫) તે ચિરાગના માતુશ્રી. સ્વ. પુષ્પાબહેન શાંતિલાલ ભુદરદાસ મસાલીયાની સુપુત્રી. રવિવાર, તા. ૫-૪-૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ગોરેગામ સ્વ. વનિતાબેન પરસોતમદાસ દોશીના સુપુત્ર સ્વ. પ્રિયવદનભાઇના ધર્મપત્ની ગં. સ્વ. વીણાબેન (ઉં. વ. ૮૦) તા. ૫-૪-૨૬ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે વિનય તથા પ. પૂ. સાધ્વીજી શ્રી ભવ્યરત્નાશ્રીજી મ. સા. ના સંસારી માતુશ્રી. અ. સૌ. મોનીકાના સાસુ. વિરતિ નીલકુમાર વખારીયા તથા ડો. પાર્થના દાદી. પિયર પક્ષે વાંકાનેર નિવાસી સ્વ. વૃજલાલ અંદરજી શેઠના દીકરી. પ્રાર્થનાસભા તા. ૭-૪-૨૬ના મંગળવારે ૧૦થી ૧૨. ઠે. અર્થ બેન્કવેટ, ગજાનન કોલોની, ગોરેગામ (વેસ્ટ), રેલવે સ્ટેશનની સામે, મુંબઇ.

**ઝાલાવાડ વીશા શ્રીમાળી શ્વે. મુ. પૂ. જૈન**

જયોત્સનાબેન (ઉં. વ. ૮૫) બોટાદ નિવાસી હાલ સાયન તા. ૬-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મનહરલાલ રતિલાલ બગડીયાના ધર્મપત્ની. મિનલ હીતેનભાઇ (હાલ લંડન), મનીષા, મનીષના માતુશ્રી. હીતેનભાઇ તથા કિંજલના સાસુ. જયંતીભાઇ મંગળદાસ શાહના સુપુત્રી.શાંતિકુમાર શાહના બહેન. તથા સીયોમી, દીયાન-યશ, રોહનના દાદી-નાની. ૧૯/એ/૮, સિંધી કોલોની, સાયન (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

જશવંતીબેન ચંદુલાલ મહેતા (ઉં. વ. ૯૩) તા. ૬-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ચંદુલાલ નાનચંદ મહેતાના ધર્મપત્ની. સ્વ. દિવાળી મોહનલાલ દોશીના દીકરી. દિનેશ, અરુણ, અશોકના માતુશ્રી. અ. સૌ. પ્રતિમા, સ્વ. વિશાખા, જયોતિના સાસુ. શ્વેતા ભાવિન મહેતા, દેવલ હાર્દિક પરીખ, હર્ષલના દાદી. નિલ યશ આરિકાના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કપાયાના કુંવરજી છેડા (ઉં. વ. ૮૪) તા. ૫-૪-૨૬ના અવસાન પામેલ છે. માતુશ્રી રાણબાઇ ખીમજી હંસરાજના પુત્ર. પુષ્પા (પાનબાઇ)ના પતિ. હીના, ગીતા, રાજેશના પિતા. ધનજી, ચુનીલાલ, સુરજી, રતન, મણીના ભાઇ. વડાલાના વેલબાઇ ભારમલ શીવજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ છેડા, ૩૦૩, બીવીચીંગ એપાર્ટમેન્ટ, મીની લેન્ડ, ભાંડુપ (વે.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

તણસા નિવાસી હાલ ગોરેગામ સ્વ. કંચનબેન શાંતિલાલ વોરાના સુપુત્ર પ્રફુલ્લભાઈ (ઉં. વ. ૭૫) તા. ૬-૪-૨૦૨૬ સોમવારના અરિહંતશરણ પામ્યા છે. તે નીરુબેનના પતિ. મેહુલના પપ્પા. રસનાના સસરા. હર્ષદભાઈ, સ્વ. કૈલાશબેન, સ્વ. સરોજબેન ચંદ્રકાંત મહેતા તથા સુધાબેન જયંતિલાલ દોશીના ભાઈ. સાસરાપક્ષે સાવરકુંડલાવાળા હાલ કાંદિવલી ગં.સ્વ. જયાબેન રમણિકલાલ શેઠના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ખંભાત વિશા શ્રીમાળી જૈન**

ખંભાત નિવાસી હાલ બોરીવલી, પ્રદીપભાઈ શાહ (ઉં. વ. ૭૦) ૫/૪/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે કાંતિલાલ અંબાલાલ શાહના પુત્ર. રેખાબેનના પતિ. જીનલ, કિંજલ, અંકિતના પિતા, અનીશ, કુણાલ, જીનલ (ખુશી)ના સસરા. સ્વ. દિલીપભાઈ, અંજનાબેન, ઈલાકશ્રી દિનેશભાઇ, સોનલબેનના ભાઈ. તેમની પ્રાર્થનાસભા ૭/૪/૨૬ના રોજ ૩ થી ૫. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, એલ ટી રોડ, ડાયમંડ ટોકીઝ સામે, એલ ટી રોડ બોરીવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**


ખોપાળા નિવાસી હાલ ઘાટકોપર, સ્વ. અમૃતલાલ જેઠાલાલ શાહના સુપુત્ર હસમુખભાઈ (ઉં.વ. ૮૬) તે સ્વ. પ્રવિણાબેનના પતિ. મયૂરી મિલન પારેખના પિતાશ્રી. ભુવન અને પ્રાતિકના નાના. સ્વ. હરગોવિંદભાઈ લલ્લુભાઈ ગોસલીયાના જમાઈ. સ્વ. હિંમતભાઈ, સ્વ. કલાવતીબેન, સ્વ. મંગળાબેન અને શારદાબેનના ભાઈ. તા. ૨-૪-૨૬ના ગુરુવારના અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

### વિશ્વ આરોગ્ય દિવસ વિશેષ

# વિજ્ઞાન સાથે અદ્યતન સંભાળઃ ભારતીય આરોગ્ય નિધિમાં એક નવો યુગ

આ જગત વિશ્વ આરોગ્ય દિવસ ૨૦૨૬ ઉજવી રહ્યું છે, ત્યારે ''સ્વસ્થતા માટે સાથેઃ વિજ્ઞાન સાથે ઊભા રહો'' ઉદ્દેશ સ્વસ્થ સમાજને આકાર આપવામાં પુરાવા-આધારિત દવા અને સામૂહિક જવાબદારીની ભૂમિકાની સમયસર અને શક્તિશાળી યાદ અપાવે છે. ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં, આ ફિલસૂફી સંભાળના દરેક પાસામાં ઊંડાણપૂર્વક જડાયેલી છે, જે ફક્ત બીમારીની સારવાર કેવી રીતે કરવી તે જ નહીં, પરંતુ આપણે સમુદાય સાથે કેવી રીતે જોડાઈએ છીએ અને ભવિષ્ય માટે કેવી રીતે તૈયારી કરીએ છીએ તેનું માર્ગદર્શન આપે છે.




આજે આરોગ્યસંભાળ અભૂતપૂર્વ ગતિએ વિકસી રહી છે. નિદાન, સારવાર પ્રોટોકોલ અને નિવારક દવામાં સફળતાઓએ સમગ્ર વિશ્વમાં દર્દીના પરિણામોને બદલી નાખ્યા છે. છતાં, આ પ્રગતિઓની સાચી તાકાત સમુદાય સ્તરે તેમની સુલભતા અને ઉપયોગિતામાં રહેલી છે. અમારી હૉસ્પિટલમાં, અમે આ અંતરને દૂર કરવા માટે પ્રતિબદ્ધ છીએ - ખાતરી કરવા કે વૈજ્ઞાનિક પ્રગતિ અમારા દરવાજામાંથી પસાર થતા દરેક દર્દી માટે વાસ્તવિક, શ્રેષ્ઠ લાભોમાં પરિણમે છે.

અમારી હૉસ્પિટલ લાંબા સમયથી એક વિશ્વસનીય આરોગ્યસંભાળ પ્રદાતા તરીકે ઓળખાય છે, જે વસ્તીની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલ સેવાઓની વ્યાપક શ્રેણી પ્રદાન કરે છે. સામાન્ય દવા અને સર્જિકલ સંભાળથી લઈને બાળરોગ, ઑર્થોપેડિક્સ અને કટોકટી દવામાં વિશેષ સેવાઓ સુધી, અમે એક છત નીચે સંકલિત અને દર્દી-કેન્દ્રિત સારવાર પૂરી પાડીએ છીએ. અનુભવી ડોક્ટરો, કુશળ નર્સો અને સમર્પિત સહાયક સ્ટાફની અમારી ટીમ દરેક દર્દીને સર્વાંગી અને વ્યક્તિગત સંભાળ મળે તે સુનિશ્ચિત કરવા માટે સહયોગથી કાર્ય કરે છે.

અમારા અભિગમનું કેન્દ્ર એ અદ્યતન નિદાન સુવિધાઓનો ઉપયોગ છે જે પ્રારંભિક તપાસ અને સચોટ ક્લિનિકલ નિર્ણય લેવાનું સક્ષમ બનાવે છે. વિશ્વસનીય પ્રયોગશાળા સેવાઓ અને ઇમેજિંગ તકનીકો અસરકારક સારવારનો આધાર બનાવે છે, જે અમારા ક્લિનિશિયનોને ઝડપથી અને આત્મવિશ્વાસથી કાર્ય કરવાની મંજૂરી આપે છે. સ્થાપિત તબીબી માર્ગદર્શિકા સાથે અમારી પ્રથાઓને સંરેખિત કરીને અને અમારા પ્રોટોકોલને સતત અપડેટ કરીને, અમે ખાતરી કરીએ છીએ કે દરેક ઈન્ટરવેન્શન વિજ્ઞાન પર આધારિત છે અને ચોક્સાઈ સાથે પહોંચાડવામાં આવે છે.

નવીનતા અને શ્રેષ્ઠતા પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને ધ્યાનમાં રાખીને, ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ વિકાસના એક નવા શ્રેષ્ઠ તબક્કામાં પ્રવેશી રહી છે. અમને અત્યાધુનિક માઇક્રોબાયોલોજી પ્રયોગશાળાના આગામી શુભારંભની જાહેરાત કરતા ગર્વ થાય છે, જે અમારી નિદાન ક્ષમતાઓમાં નોંધપાત્ર વધારો કરશે. આ અદ્યતન સુવિધા ચેપનું ઝડપી અને વધુ સચોટ નિદાન, લક્ષિત ઉપચારને સમર્થ બનાવશે અને દર્દીઓના પરિણામોને શ્રેષ્ઠ બનાવશે. તે અમારા ચેપ નિયંત્રણ પગલાંને પણ મજબૂત બનાવશે - આધુનિક આરોગ્યસંભાળનો એક આવશ્યક ઘટક જે દર્દીઓ અને આરોગ્યસંભાળ કામદારો બંને માટે સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે છે.

**અમારા નવા, આધુનિક ઇમરજન્સી રૂમનો** વિકાસ એટલો જ મહત્ત્વપૂર્ણ છે, જે તાત્કાલિક અને મહત્ત્વપૂર્ણ સંભાળની વધતી જતી માંગને પૂર્ણ કરવા માટે રચાયેલ છે. આ અપગ્રેડ કરેલી સુવિધામાં સુધારેલ ટ્રાયજ સિસ્ટમ્સ, અદ્યતન જીવન બચાવનારા ઉપકરણો અને ગતિ અને કાર્યક્ષમતાને પ્રાથમિકતા આપતો સુવ્યવસ્થિત કાર્યપ્રવાહ હશે. પ્રશિક્ષિત કટોકટી વ્યાવસાયિકોની સમર્પિત ટીમ સાથે, નવો કટોકટી વિભાગ નાની ઇજાઓથી લઈને જીવન માટે જોખમી પરિસ્થિતિઓ સુધીની વિશાળ શ્રેણીની તબીબી પરિસ્થિતિઓને સંભાળવા માટે સજ્જ હશે, જે ખાતરી કરશે કે સમયસર સંભાળ સાથે ક્યારેય સમાધાન ન થાય.




જ્યારે માળખાગત સુવિધાઓ અને ટૅકનોલૉજી મહત્ત્વપૂર્ણ છે, અમે દૃઢપણે માનીએ છીએ કે આરોગ્યસંભાળ આખરે લોકો વિશે છે. કરુણા, સહાનુભૂતિ અને વિશ્વાસ દરેક દર્દીની વાતચીતના કેન્દ્રમાં હોય છે. અમારી હૉસ્પિટલ એવી સંસ્કૃતિને પ્રોત્સાહન આપે છે જ્યાં દર્દીઓ સાથે ગૌરવ અને આદર સાથે વ્યવહાર કરવામાં આવે છે, અને જ્યાં તેમની ચિંતાઓ સાંભળવામાં આવે છે અને સંવેદનશીલતા સાથે સંબોધવામાં આવે છે. આ માનવીય સ્પર્શ, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ સાથે જોડાતા એક એવું વાતાવરણ બનાવે છે જ્યાં ઉપચાર શારીરિક સારવારથી આગળ વધે છે.

નિવારક આરોગ્યસંભાળ અમારા મિશનનો બીજો પાયો છે. અમે અગાઉથી નિદાન અને રોગ નિવારણને પ્રોત્સાહન આપવા માટે આરોગ્ય શિબિરો, સ્ક્રીનિંગ કાર્યક્રમો અને જાગૃતિ પહેલનું સક્રિયપણે આયોજન કરીએ છીએ. સમુદાયને શિક્ષિત કરીને અને સક્રિય આરોગ્ય વ્યવસ્થાપનને પ્રોત્સાહન આપીને અમે બીમારીના ભારણને ઘટાડવા અને એકંદર સુખાકારીમાં સુધારો કરવાનું લક્ષ્ય રાખીએ છીએ. એવા યુગમાં જ્યાં ખોટી માહિતી સરળતાથી ફેલાઈ શકે છે, અમે વિશ્વસનીય, વિજ્ઞાન-આધારિત માહિતીના મહત્ત્વ પર પણ ભાર મૂકીએ છીએ, જે વ્યક્તિઓને તેમના સ્વાસ્થ્ય વિશે જાણકાર નિર્ણયો લેવા માટે સશક્ત બનાવે છે.

સુલભતા અને સમાવેશીતા અમારા મૂલ્યો માટે મૂળભૂત રહે છે. અમે સમાજના તમામ વર્ગો, ખાસ કરીને વંચિત લોકો માટે ઉચ્ચ-ગુણવત્તાવાળી આરોગ્યસંભાળ ઉપલબ્ધ કરાવવા માટે સમર્પિત છીએ. અમારા પ્રયાસો નાણાકીય, સામાજિક અથવા માહિતીપ્રદ સંભાળમાં અવરોધોને દૂર કરવા પર કેન્દ્રિત છે જેથી દરેક વ્યક્તિને સમયસર અને અસરકારક સારવાર મેળવવાની તક મળે. આ પ્રતિબદ્ધતા અમારી માન્યતાને પ્રતિબિંબિત કરે છે કે આરોગ્યસંભાળ એક વિશેષાધિકાર નથી, પરંતુ એક હક્ક છે

''સ્વસ્થતા માટે સાથેઃ વિજ્ઞાન સાથે ઊભા રહો'' ઉદ્દેશ પર વિચાર કરતી વખતે તે સ્પષ્ટ થાય છે કે આરોગ્યસંભાળનું ભવિષ્ય સહયોગ પર આધારિત છે. હૉસ્પિટલો, આરોગ્યસંભાળ વ્યાવસાયિકો, દર્દીઓ અને સમુદાયે સાથે મળીને કામ કરવું જોઈએ જેથી સ્થિતિસ્થાપક, પ્રતિભાવશીલ અને વિશ્વાસમાં મૂળ ધરાવતી પદ્ધતિ બનાવી શકાય. ભારતીય આરોગ્ય નિધિ શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલમાં અમને આ સામૂહિક પ્રયાસનો ભાગ બનવાનો ગર્વ છે.

અમારી વિસ્તરતી સુવિધાઓ, સમર્પિત ટીમ અને વૈજ્ઞાનિક શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા સાથે અમે હેતુ અને દૃષ્ટિકોણ સાથે આગળ વધવાનું ચાલુ રાખીએ છીએ. આ વિશ્વ આરોગ્ય દિવસે અમે વિજ્ઞાન સાથે ઊભા રહેવા, કરુણા સાથે સેવા કરવા અને સ્વસ્થ, મજબૂત ભવિષ્યના નિર્માણમાં સમુદાય સાથે હાથ મિલાવીને કામ કરવાની અમારી પ્રતિજ્ઞાને પુનઃપુષ્ટ કરીએ છીએ.

કારણકે જ્યારે વિજ્ઞાન આપણને માર્ગદર્શન આપે છે અને આપણે સાથે ઊભા રહીએ છીએ ત્યારે સારું સ્વાસ્થ્ય ફક્ત એક ધ્યેય નથી - તે વાસ્તવિકતા બની જાય છે.

વધુ વિગતો માટે કૃપા કરીને સંપર્ક કરોઃ
ભારતીય આરોગ્ય નિધિ, શેઠ કે. સી. પરીખ જનરલ હૉસ્પિટલ,
એન. એસ. રોડ ૧૩, જેવીપીડી સ્કીમ, વિલેપાર્લે-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૪૯.

કોલ કરો : 81084 39203 / 022 6948 6060
ઈમેઈલ : info@arogyanidhihospital.com
વેબસાઈટ : www.arogyanidhihospital.com
ઈન્સ્ટાગ્રામ : @arogyanidhi_hospital

# પાકિસ્તાનની ધૂન પર ગાતી કૉંગ્રેસે દેશની સુરક્ષા સાથે બાંધછોડ કરીઃ મોદી

ભાબનીપુર-સોરભોઘ/હોજઈ (આસામ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે મારી સરકારે પાકિસ્તાનના આતંકવાદીઓના અડ્ડાને ખતમ કરવા ઑપરેશન સિંદૂર કર્યું હતું ત્યારે કૉંગ્રેસ પડોશી દેશની ધૂન પર ગીત ગાય છે.

આસામના બારપેટા જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધતા તેમણે વિરોધ પક્ષ પર વિકાસને ટૂંકી દૃષ્ટિથી જવાનો આક્ષેપ કર્યો હતો. બીજી બાજુ ભાજપ લાંબા ગાળાના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. કૉંગ્રેસ હંમેશાં ટૂંકા ગાળાના પગલાં લે છે જેથી ભ્રષ્ટાચારમાં લિપ્ત રહેવાય, પરંતુ ભાજપ સમાજના દરેક વર્ગના એકંદર વિકાસ માટેના નિર્ણયો લે છે.

મોદીએ આક્ષેપ કર્યો હતો કે ૨૦૧૬ની સર્જિકલ સ્ટ્રાઈક કે ૨૦૨૫ના ઑપરેશન સિંદૂર વખતે કૉંગ્રેસે પાકિસ્તાનનું ગાણું ગાયું હતું અને તેના એજન્ડાને મહત્ત્વ આપ્યું હતું. હંમેશાં દેશ પર પાકિસ્તાની કનેક્શન ભારી પડે છે અને અમે તેની છૂટ નહીં આપીએ.

મોદીએ કહ્યું હતું કે ગ્રાન્ડ ઓલ્ડ પાર્ટીએ દાયકાઓ સુધી 'વન રેન્ક વન પેન્શનનો અમલ કરવાની ના પાડીને લશ્કરની ઉપેક્ષા કરી હતી. ભાજપ સરકારે તેમને આલાભ આપીને દેશનું રક્ષણ કરનારાઓને ન્યાય અપાવ્યો હતો. અમે અત્યાર સુધી લશ્કરના ભૂતપૂર્વ જવાનોના ખાતામાં ૧.૨૪ લાખ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. હોજઈમાં બીજી સભા સંબોધતા મોદીએ કહ્યું હતું કે ગાંધી કુટુંબ વંશવાદ રાજકારણ અને ભ્રષ્ટાચારમાં લિપ્ત છે. (એજન્સી)■

## યુસીસી, એક રાષ્ટ્ર-એક ચૂંટણી ભાજપના અધૂરા એજન્ડા

### પક્ષના સ્થાપના દિવસે બંને મુદ્દા પર સકારાત્મક ચર્ચા થઇ રહી હોવાનુંય કહ્યું

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સમાન નાગરિક સંહિતા(યુસીસી) અને એક રાષ્ટ્ર, એક ચૂંટણીને ભાજપના બે અધૂરા એજન્ડા ગણાવ્યા હતા. તેમજ તેમણે કહ્યું કે બંને બાબતો પર ગંભીર અને સકારાત્મક ચર્ચાઓ ચાલી રહી છે. ભાજપના સ્થાપના દિવસ નિમિત્તે એક કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધતા મોદીએ કૉંગ્રેસ પર પણ નિશાન સાધતા કહ્યું કે ભાજપ કાર્યકરોએ કટોકટી જેવી ઘણી મુશ્કેલીઓ વેઠી છે અને કૉંગ્રેસના શાસનમાં જુલમનો સામનો કર્યો છે.

વડા પ્રધાને જણાવ્યું કે ઘણા ભાજપના કાર્યકરોએ પોતાના જીવનનું બલિદાન પણ આપ્યું છે. જેમ કે પશ્ચિમ બંગાળ અને કેરળ જેવા રાજ્યોમાં જોવા મળ્યું છે. જ્યાં હિંસાને એક રાજકીય સંસ્કૃતિ બનાવી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે અમારું મિશન હજુ પણ ચાલુ છે. દેશમાં સમાન નાગરિક સંહિતા અને એક રાષ્ટ્ર, એક ચૂંટણી પર ગંભીર ચર્ચાઓ ચાલી રહી છે. અમે આ મુદ્દે સકારાત્મક દિશામાં આગળ વધી રહ્યા છીએ. અત્રે ઉલ્લેખનીય છે કે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' પ્રણાલી હેઠળ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ એકસાથે યોજવાનો પ્રસ્તાવ છે. જ્યારે સમાન નાગરિક સંહિતા(યુસીસી)નો ઉદ્દેશ્ય લગ્ન, દત્તક લેવા વગેરે સંબંધિત બાબતોમાં બધા માટે એક સમાન કાયદો બનાવવાનો છે.

મોદીએ કહ્યું કે દેશ જાણે છે કે ભાજપ દરેક પડકારનો સામનો કરવા માટે પૂરી ઇમાનદારીથી પ્રયાસ કરી રહી છે અને તેમ કરતી રહેશે. અગાઉ પણ સકારાત્મક પરિણામો મળ્યાં છે અને ભવિષ્યમાં પણ મળશે. વડા પ્રધાને કહ્યું કે ભાજપ એકમાત્ર રાજકીય પક્ષ છે જ્યાં કાર્યકરો પક્ષને પોતાની માતા માને છે.

# પોલીસ સ્ટેશનમાં સીસીટીવીઃ સુપ્રીમ કોર્ટનું કેન્દ્રીય ગૃહ સચિવને તેડું

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે કેન્દ્રીય ગૃહ સચિવને મંગળવારે તેની સમક્ષ હાજર રહેવાનો આદેશ આપ્યો છે, જેથી પોલીસ સ્ટેશનોમાં સીસીટીવી લગાવવાની યોજનાના અમલમાં તેમની પાસેથી યોગ્ય સહાય મેળવી શકાય.

સોમવારે ન્યાયાધીશ વિક્રમ નાથ અને સંદીપ મહેતાની બેન્ચે પોલીસ સ્ટેશનોમાં કાર્યરત સીસીટીવીના અભાવ અંગેના કેસની આપમેળે સુનાવણી દરમિયાન આ આદેશ આપ્યો હતો.

સુનાવણી દરમિયાન, બેન્ચે કેન્દ્ર વતી હાજર રહેલા વકીલને ચીની કંપની દ્વારા બનાવેલા સીસીટીવી કેમેરા દૂર કરવા અંગેના તાજેતરના મીડિયા અહેવાલ વિશે પૂછ્યું હતું, જે સુરક્ષાના મુદ્દાને ટાંકીને અનેક સ્થળોએ સ્થાપિત કરવામાં આવ્યા છે.

આ મામલે સુપ્રીમ કોર્ટને સલાહકાર ક્યુરી તરીકે મદદ કરી રહેલા વરિષ્ઠ વકીલ સિદ્ધાર્થ દવેએ બેન્ચને જણાવ્યું હતું કે મોટાભાગના રાજ્યોએ સીસીટીવી લગાવી દીધા છે અને તેઓ કેન્દ્રીયકૃત ડેશબોર્ડ સ્થાપિત કરવાની પ્રક્રિયામાં છે.

બેન્ચે પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે, અધિકારીઓ દ્વારા આ અંગે ચર્ચા થવી જોઈએ. અમે આદેશ આપી રહ્યા છીએ કે તમે બેઠકમાં હાજરી આપવા માટે અન્ડર સેક્રેટરી સ્તરના અધિકારીને આવતીકાલની સુનાવણીમાં મોકલી રહ્યા છો?

કાયદા અધિકારીએ કોર્ટને ખાતરી આપી હતી કે એક ઉચ્ચ સ્તરીય અધિકારી બેઠકમાં હાજરી આપશે.

ડિસેમ્બર ૨૦૨૦માં, સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોએ ખાતરી કરવી જોઈએ કે દરેક પોલીસ સ્ટેશનમાં, બધા પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળોએ, મુખ્ય દરવાજા, લોક-અપ્સ, કોરિડોર, લોબી અને રિસેપ્શન પર તેમજ લોક-અપ રૂમની બહારના વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવે જેથી કોઈ પણ ભાગ ખાલી ન રહે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું હતું કે સીસીટીવી સિસ્ટમ્સ નાઇટ વિઝનથી સજ્જ હોવી જોઈએ અને તેમાં ઓડિયો તેમજ વિડિયો ફૂટેજ હોવા જોઈએ.

કોર્ટે કેન્દ્ર, રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે એવી સિસ્ટમ્સ ખરીદવાનું ફરજિયાત બનાવ્યું હતું કે જે ઓછામાં ઓછા એક વર્ષ માટે ડેટા સ્ટોર કરવાની ક્ષમતા ધરાવતી હોય. ■

# કોલકાતા પર હુમલાની પાકિસ્તાનની ધમકી પર મોદી મૌન કેમ?ઃ મમતા

કોલકાતા : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળમાં તેમની ચૂંટણી રેલીઓ દરમિયાન પાકિસ્તાનની કોલકાતા પર હુમલો કરવાની ધમકીનો મુદ્દો કેમ ઉઠાવ્યો નહીં, એમ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે પ્રશ્ન કર્યો હતો.

બેનરજીએ નાદિયા જિલ્લામાં એક ચૂંટણી રેલીમાં કહ્યું કે તમે(વડા પ્રધાન) ચૂંટણી રેલીઓ દરમિયાન બંગાળને નિશાન બનાવો છો, પરંતુ જ્યારે પાકિસ્તાન બંગાળ પર હુમલો કરવાની વાત કરે છે તો તમે એક શબ્દ પણ ઉચ્ચારતા નથી. તમારે રાજીનામું આપી દેવું જોઇએ.

વડા પ્રધાને બંગાળમાં તેમની રેલી દરમિયાન આ મુદ્દો કેમ ઉઠાવ્યો નહીં? જ્યારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાને કહ્યું કે તેઓ કોલકાતા પર હુમલો કરશે, ત્યારે વડા પ્રધાને અમે કડક કાર્યવાહી કરીશું એવું કેમ ન કહ્યું? તેમણે મોદીએ પશ્ચિમ બંગાળના કૂચ બેહારમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કર્યાના એક દિવસ પછી આ સવાલ કર્યો હતો. તેમણે કહ્યું કે જે રીતે આપણે દેશ માટે કોઇપણ ધમકીનો સ્વીકાર કરતાં નથી, તેવી જ રીતે કોલકાતા માટે પણ કોઇ ધમકી ચુપચાપ સહન કરીશું નહીં.

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે શનિવારે ભારતને ચેતવણી આપી હતી કે ભવિષ્યના કોઇપણ દુઃસાહસનો જવાબ કોલકાતા પર હુમલો કરીને આપવામાં આવશે. આસિફે તેમના વતન સિયાલકોટમાં પત્રકારો સાથે વાત કરતાં કહ્યું હતું કે જો ભારત આ વખતે કોઇ ફોલ્સ ફ્લેગ ઓપરેશન કરવાનો પ્રયાસ કરશે તો અમે તેને કોલકાતા સુધી લઇ જઇશું.■

# સથાનકુલમની કોટડીમાં પતિ-પુત્રના મરણનો કેસઃ નવ પોલીસને ફાંસી

મદુરાઈ (તમિળનાડુ): અદાલતે એક સીમાચિહ્નરૂપ ચુકાદામાં ૨૦૨૦ના સંવેદનશીલ સથાનકુલમની કસ્ટડીમાં થયેલા મોતના કેસમાં નવ પોલીસને ફાંસીની સજા ફટકારી છે. થૂટુકુડી જિલ્લાના સથાનકુલમમાં કોરોના-૧૯ના નિયમોનો ભંગ કરીને મોબાઈલ દુકાન ચાલુ રાખવા માટે પિતા પી. જયરાજ અને પુત્ર જે. બેન્નિક્સની જોડીને પોલીસ સ્ટેશન લઈ જઈને નિર્દયતાથી મારવામાં આવ્યા હતા.

વધારાના જિલ્લા અને સેશન્સ જજ જી. મુથુકુમારને આ કેસને વિરલમાંના વિરલ કેસ ગણાવતા કહ્યું હતું કે જે માણસોને લોકોનું રક્ષણ કરવાનું હોય છે એ પોલીસોએ એવો ગુનો કર્યો છે કે આખા સમાજના અંતરાત્માને ઈજા પહોંચી છે. અદાલતે નવે નવ પોલીસને જયરાજ અને બેન્નિક્સની હત્યા માટે દોષી ઠરાવ્યા હતા. દોષીમાં ભૂતપૂર્વ ઈન્સ્પેક્ટર એસ. શ્રીધર, ભૂતપૂર્વ સબ ઈન્સ્પેક્ટર બાલકૃષ્ણન અને રઘુ ગણેશ અને હેડ કોન્સ્ટેબલ મુરુગન અને સામીદુરઈનો સમાવેશ થાય છે. અદાલતે ફાંસીની સજા સાથે દોષીને ૧.૪૦ કરોડનો દંડ કર્યો હતો જે મૃતકોના કુટુંબીજનોને આપી શકાય. (એજન્સી) ■

# રખડતાં પ્રાણીઓને હાઈવેથી દૂર રાખવાની અરજીઃ સરકાર પાસે જવાબ મગાયો

નવી દિલ્હીઃ દેશભરમાં ભટકતા પશુઓને નેશનલ અને સ્ટેટ હાઈવેથી દૂર રાખવાની ખાતરી કરવાનો સંબંધિત વહીવટકર્તાને આદેશ આપવાની માગણી કરતી અરજીને મામલે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકાર અને અન્યો પાસે સોમવારે પ્રતિક્રિયા માગી હતી. ન્યાયાધીશ વિક્રમનાથ અને સંદીપ મહેતાની બનેલી ખંડપીઠે આ મામલે રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો, એનિમલ વેલ્ફેર બૉર્ડ ઑફ ઈન્ડિયા સહિત કેન્દ્ર સરકારને નોટિસ પાઠવી ચાર અઠવાડિયાની અંદર આ મામલે પ્રતિક્રિયા આપવા જણાવ્યું હતું. અનેક રાજ્યો ૧૦ ટકા પશુ સેસ વસૂલે છે, પરંતુ આ સમસ્યાનો ઉકેલ લાવવા કશું જ કરતા નથી, એમ ખંડપીઠે કહ્યું હતું.

નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એનએચએઆઈ) વતી ઉપસ્થિત રહેલા વકીલે ખંડપીઠને જણાવ્યું હતું કે ભટકતાં શ્વાનોને મામલે સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખેલો જ છે અને તેમાં પણ તેમનાં હાઈવે પર પ્રવેશના મુદ્દાને આવરી લેવામાં આવેલો છે. અરજકર્તા 'લૉયર્સ ફૉર હ્યુમન રાઈટ્સ ઈન્ટરનેશનલ' વતી ઉપસ્થિત રહેલા વકીલે કહ્યું હતું કે રખડતાં શ્વાનો સંબંધિત કેસમાં પણ આ સમસ્યાનો મુદ્દો આવરી લેવામાં આવશે, પરંતુ અન્ય એવા અનેક મુદ્દાઓ છે જે આ અરજીમાં ઉપાડી લેવામાં આવ્યા છે. ખંડપીઠે નોટિસ પાઠવી કેસની આગામી સુનાવણી ચાર અઠવાડિયાં બાદ કરવામાં આવશે એમ જણાવ્યું હતું. (એજન્સી) ■

# યુદ્ધની માઠી અસર જનતા પર પડી, મજૂરો પલાયન કરી રહ્યા છેઃ રાહુલ

નવી દિલ્હીઃ મિડલ-ઈસ્ટમાં વકરી રહેલા યુદ્ધની ભયાનક સ્થિતિએ સમગ્ર વિશ્વને હચમચાવી દીધું છે અને તેની માઠી અસરો હવે ભારતીય અર્થતંત્ર અને સામાન્ય જનતા પર પણ સ્પષ્ટપણે દેખાઈ રહી છે. આ યુદ્ધને કારણે ઊર્જા ક્ષેત્રે મોટું સંકટ ઊભું થયું છે, જેમાં ખાસ કરીને રાંધણગેસના પુરવઠામાં ધરખમ ઘટાડો અને ભાવમાં અસહ્ય વધારો નોંધાયો છે. આ વૈશ્વિક સંકટનો સામનો કરવામાં ભારત સરકારની રણનીતિ અને કૂટનીતિ મુદ્દે વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ સત્તાધારી ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર માછલાં ધોયા છે. રાહુલ ગાંધીએ સરકારની ટીકા કરતા સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર પોસ્ટ કરી લખ્યું હતું કે, વડાપ્રધાને વાયદો કર્યો હતો કે તેઓ રસોઈ ગેસના સંકટને કોવિડની જેમ હાથ ધરશે, પરંતુ વાસ્તવમાં પરિણામ પણ કોવિડ જેવું જ આવ્યું છે.

તેમણે કહ્યું હતું કે, સરકારની નીતિઓ શૂન્ય છે અને માત્ર મોટી જાહેરાતો કરવામાં આવે છે, જેનો આખરી બોજ ગરીબ જનતા પર આવી રહ્યો છે. રોજના ૫૦૦થી ૮૦૦ રૂપિયાની મજૂરી કરનારા પ્રવાસી મજૂરો માટે રસોઈ ગેસ હવે પહોંચની બહાર થઈ ગયો છે અને મોંઘવારીને કારણે મજૂરો ફરી એકવાર શહેરો છોડીને ગામડાઓ તરફ પલાયન કરવા મજબૂર બન્યા છે. ■

# મુંબઈ સમાચાર માતૃભાષા ભાગવત સપ્તાહ

**૨ એપ્રિલથી ૮ એપ્રિલ**

## ભાષા સંસ્કૃતિનું ઘર છે, જે દિવસે આ ઘર તૂટશે એ દિવસે સંસ્કૃતિ પણ પડી ભાંગશેઃ પૂજ્ય ભાઈશ્રી



મુંબઈઃ ‘મુંબઈ સમાચાર’ આયોજિત અભૂતપૂર્વ માતૃભાષા ભાગવત સપ્તાહના પાંચમા દિવસે ગોવર્ધન પૂજા, ૫૬ ભોગ અને ૮૪ બેઠકજીના દર્શન માટે સનાતન નગરીમાં હજારો ભાવિકો ઊમટી પડ્યા હતા. સપ્તાહના પાંચમા દિવસે પૂજ્યભાઈશ્રીના મુખે વરસી રહેલાં કથામૃતમાં ભાવિકો રસતરબોળ થઈ ગયા હતા.

પાંચમા દિવસે ભાઈશ્રીએ ‘મુંબઈ સમાચાર’ આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહમાં ત્યાગનું મહત્ત્વ સમજાવતાં કહ્યું હતું કે ત્યાગ જીવનમાં અનિવાર્ય છે. ઝાડ પર રહેલાં ફળો પાકી જાય છે ત્યારે વૃક્ષ તેને ત્યાગી દે છે. ગાયના થાનમાં જ્યારે દૂધ વધી જાય છે ત્યારે તે એ વાછરડાને પીવડાવે છે અથવા એ દોહી લેવામાં આવે એની રાહ જુએ છે. આ કુદરતની વ્યવસ્થા છે અને એટલે જ કહેવાય છે કે જે આપી દીધું એ જ સાથે આવે છે, જેનો સંગ્રહ કરો છો એ અહીં જ રહી જાય છે. જીવનનું કડવું સત્ય તો એ છે કે એક દિવસ એવો આવશે કે કાં તો પૈસા આપણને છોડી જતો રહેશે અથવા આપણે પૈસાને છોડીને જતા રહીશું, એવું જણાવીને તેમણે જીવનમાં ત્યાગનું મહત્ત્વ સમજાવ્યું હતું.

ધર્મચર્ચા પરથી શરૂ થયેલી આ ચર્ચા માતૃભાષાના મહત્ત્વ પર જઈ પહોંચી હતી. માતૃભાષાના સંવર્ધનને લઈને મીઠી ટકોર કરતાં પૂજ્ય ભાઈશ્રીએ જણાવ્યું હતું કે દરેક ઘરમાં એક લાઈબ્રેરી હોવી જોઈએ. જે રીતે આપણા ઘરમાં સામાન્યપણે એક નાનકડું મંદિર હોય છે એ જ રીતે એક લાઈબ્રેરી પણ હોવી જોઈએ. ઘરમાં રહેલું મંદિર એ ઘરનું હાર્દ છે. આ લાઈબ્રેરીમાં પુસ્તકો શોભા માટે નહીં પણ વાંચવા માટે હોવા જોઈએ. બધાએ માતૃભાષાની ચિંતા કરવાની જરૂર છે. ભાષા સંસ્કૃતિનું ઘર છે. જે દિવસે આ ઘર પડશે એ દિવસે સંસ્કૃતિ પણ પડી ભાંગશે.



વાંચનનું મહત્ત્વ સમજાવી ભાઇશ્રીએ કહ્યું હતું કે વાંચવાથી તમારી ક્ષિતિજો વિસ્તરે છે. આપણા અંગ્રેજી મીડિયમમાં ભણતાં બાળકો વાંચતા જ હશે, એ અંગ્રેજીમાં ઘણું વાંચતા હશે. આજની પેઢીને જ્યારે તમે ગુજરાતી બોલતા સાંભળો તો એમની ગુજરાતીમાં બીજી કોઈ ભાષાનું પ્રભુત્વ જોવા મળે છે. તેઓ બોલે છે મેં એ જ સોચ્યું હતું. પૂજ્ય ભાઈશ્રીએ ઉપસ્થિત ભાવિકોને પુરુષોત્તમ ઉપાધ્યાયનું ગુજરાતી થઇ, ગુજરાતી કોઇ, બોલે નહીં બરાબર ગીત લલકારીને ઉપસ્થિત ભાવિકોને માતૃભાષાનું મહત્ત્વ સમજાવ્યો હતો.



આપણા હિંદુત્વ અને સનાતન ધર્મ પર આક્રમણ કરવાનો એક આખો એજન્ડા છે. એકદમ જ તબક્કાવાર આપણી સંસ્કૃતિ, ધર્મ અને સંસ્કારો પર પ્રહાર થઈ રહ્યા છે. વિદેશી ભાષામાં ભણતાં આપણા સંતાનો એના પ્રભાવ હેઠળ આવી જાય છે. જો આ આક્રમણને ખાળવું હશે તો આપણે આપણી સંસ્કૃતિ, આપણી માતૃભાષા અને આપણા સંસ્કારોનું મહત્ત્વ સમજવું પડશે. ■

## વિશ્વની આ પહેલી ભાગવત સપ્તાહ હશે જેનું શીર્ષક માતૃભાષા ભાગવત સપ્તાહ છેઃ વૈષ્ણવાચાર્ય

મુંબઈઃ ભાગવત કથાએ વિશ્રામ લીધા પછી ભાઈશ્રી રમેશભાઈ ઓઝાએ શ્રી અનંત વિભૂષિત વલ્લભકુળભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીને આવકાર આપી અભિવાદન કર્યું હતું. સચ્ચિદાનંદ... શ્રીકૃષ્ણાય નમઃના સંસ્કૃત શ્લોક બોલી ‘શ્રી કૃષ્ણ કન્હૈયાલાલ કી જય’ અને ‘વલ્લભાધીશ કી જય’ના ઘોષ સાથે ભાવિકો સમક્ષ આશીર્વચન રજૂ કર્યું હતું. મહારાજશ્રીએ ભાઈશ્રી રમેશભાઈ ઓઝાની કથાનું શ્રવણ લોકો જે શ્રદ્ધા, ઉત્સાહ, પ્રેમ અને આનંદથી માણી રહ્યા છે એને બિરદાવી ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેના પ્રયાસની પ્રશંસા કરી હતી. મુખ્ય મનોરથી સૌરભ મહેતા અને સહ મનોરથી રમેશભાઈ પારેખ, મુંબઈ સમાચારની ટીમ અને હાજર વૈષ્ણવોના સહભાગને આવકાર્યો હતો.



મહારાજશ્રીએ ‘માતૃભાષા ભાગવત સપ્તાહ’ની કલ્પનાનો ઉલ્લેખ કરી નીલેશ દવેને અભિનંદન આપી જણાવ્યું હતું કે, આખા વિશ્વમાં કદાચ આ પહેલી ભાગવત સપ્તાહ હશે જેનું શીર્ષક માતૃભાષા ભાગવત સપ્તાહ છે.’ એમની આ રજૂઆતને હાજર રહેલા વૈષ્ણવોએ તાળીઓના જોરદાર ગડગડાટથી વધાવી લીધી હતી.





માતૃભાષા એટલે માતાની ભાષા, આપણા દેશની ભાષા એમ જણાવી મહારાજશ્રીએ આગળ ઉમેર્યું હતું કે ભારતમાં આપણે વિદેશી ભાષાને - અંગ્રેજીને વધુ પડતું પ્રાધાન્ય આપી રહ્યા છીએ, જ્યારે વિદેશના પરિવારોમાં બાળકો ગુજરાતી બોલવાને મહત્ત્વ આપી રહ્યા છે. ભાષા, ભૂષા, ભોજન અને ભણતરનું મહત્ત્વ આપણે સમજવું જોઈએ અને સ્વીકારવું જોઈએ. આપણે વિનાકારણ ઝભ્ભો - પાયજામો કે ધોતી - કુર્તા છોડી જીન્સ અપનાવ્યા છે . આ આંધળું અનુકરણ છે. ભોજનમાં ઘઉં, જુવાર, બાજરીના સત્વશીલ અને આરોગ્યપ્રદ ભોજન ભૂલી બ્રેડ - પિત્ઝા જેવા હાનિકારક ખોરાક અપનાવ્યા છે. ભણતર માતૃભાષાને બદલે અંગ્રેજીમાં કરવાનો મોહ વધી રહ્યો છે. પરિણામે નવી પેઢી આપણી સંસ્કૃતિથી, આપણા મૂળિયાથી દૂર થતી જાય છે. નાના બાળકો ઈન્સ્ટ્રક્શન નહીં એક્શનને અનુસરતા હોય છે અને એટલે પિતાશ્રીને શરાબની બોટલની મજા લેતા જોઈ તેમને પણ એ રસ્તે આગળ વધવાની ઈચ્છા જાગે છે. આપણે ચેતી જવાની જરૂર છે.’





માતૃભાષા ભાગવત સપ્તાહના ભગીરથ આયોજનમાં સહભાગી થવા બદલ મુખ્ય મનોરથી અને સહ મનોરથી પ્રત્યે આભાર પ્રગટ કરી મહારાજશ્રીએ ‘મુંબઈ સમાચાર’ના તંત્રી નીલેશ દવેને દીપી ઉઠે એવા અભૂતપૂર્વ આયોજન બદલ હાર્દિક અભિનંદન આપ્યા હતા.■









## છપ્પન ભોગ, ૮૪ બેઠકજીના દર્શન, ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શનના મનોરથી પરિવાર

મુંબઈ સમાચાર આયોજિત માતૃભાષા ભાગવત સપ્તાહ દરમિયાન છપ્પન ભોગ, ૮૪ બેઠકજીના દર્શન, ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શનના મનોરથી પરિવાર માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી પરિવાર હતાં. ■

## ‘કથા સાંભળતા સાંભળતા મુક્તિ તો થઈ જ જાય’

કથા સાંભળતા સાંભળતા મુક્તિ તો થઈ જાય. એમ કહેવાય છે કે ભોજન કરીએ એમ તુષ્ટિ, પુષ્ટિ અને ક્ષુધા નિવૃત્તિ થાય એમ ભગવાનની મંગલમય કથા એને સાંભળનારને એવું જ ફળ આપે છે. આપણા શાસ્ત્રકારોએ કથાને ગંગાની ઉપમા આપી છે. ગંગા એ યુગોમાં વહેતી હતી અને આજે કલિયુગમાં પણ વહે છે. સપ્તાહના સાતેય દિવસ અને ચોવીસેય કલાક એ વહી જ રહી છે, પણ મહત્ત્વની વાત એ છે કે આપણને ગંગામાં ડૂબકી મારવાનું મન થાય છે? જો પુણ્ય હોય તો જ આવું થાય. ■



## ‘કથા હવે ખૂબ જ સુલભ થઈ ગઈ છે’

કથા હવે ખૂબ જ સુલભ થઈ ગઈ છે. કથા દુર્લભતાની વાત તો જવા દો પણ એક ભાઈએ મને પૂછ્યું કે તમને નથી લાગતું કે હમણાં હમણાંથી કથાનો અતિરેક થઈ રહ્યો છે? બોલો. કદાચ અમે લોકો કથાનો અતિરેક કરી રહ્યા હોઈએ પણ તમે શું કરો છો? તમે ત્રણ-ત્રણ ચાર ચાર કલાક બેસીને કથા સાંભળો છો એ શું છે? કંઈક તો હશે ને આ કથામાં?





અંતમાં ભાઇશ્રીએ નંદોત્સવની ઉજવણી કરતા ભાવિકો ભાવવિભોર થઈ ગયા હતા અને રવિવારે કૃષ્ણજન્મના દિવસે વૈષ્ણવો લીન થઈ ગયા હતા એનું પુનરાવર્તન સોમવારે પણ જોવા મળ્યું હતું. ■

(તસવીરોઃ અમય ખરાડે)

## યશોદા કો લાલો ભયો, બધાઈ હો બધાઈ હો બધાઈ હો...

### ‘મુંબઈ સમાચાર’ માતૃભાષા ભાગવત સપ્તાહમાં તુષાર ત્રિવેદીએ કૃષ્ણના પદનું રસપાન કરાવ્યું



મુંબઈઃ મનુષ્ય જીવનમાં અનેક રંગ જોતો હોય છે, અનુભવતો હોય છે અને અપનાવતો હોય છે. કોઈને સંબંધના રંગે રંગાઈ જવાનું મન થાય તો કોઈને સાદગીનો રંગ ગમે તો કોઈને વૈભવના રંગની ઝંખના હોય અને એ રંગમાં રંગાઈ ગયા પછી આનંદ આવતો હોય છે. જોકે, આ બધામાં ભક્તિનો રંગ અનોખો હોય છે. બીજા બધા રંગ કાચા હોય છે. એની મુદત-એક્સપાયરી ડેટ હોય છે. ઈશ્વર પ્રત્યેના સમર્પણ અને ગહન પ્રેમને વ્યક્ત કરતો ભક્તિનો રંગ અવિનાશી હોય છે. રંગાઈ જા ને રંગમાં જ્યારે પંક્તિ મટી અનુભૂતિ બની જાય ત્યારે બેડો પાર થઈ જાય.



‘મુંબઈ સમાચાર’ આયોજિત ‘માતૃભાષા ભાગવત સપ્તાહ’ના ચોથા દિવસે રવિવારે કૃષ્ણજન્મના આનંદોત્સવ પછી ભાવિકોને તુષાર ત્રિવેદી અને ગ્રૂપના કાર્યક્રમમાં શ્રીકૃષ્ણના ભજન - પદ ઉપરાંત પ્રભુભક્તિની અન્ય રચનાનો લહાવો હાજર લોકોને મળ્યો ત્યારે તેમને પણ બેડો પાર થઈ ગયો હોવાની લાગણી થઈ હશે.



સાંજે ભાઈશ્રીએ ‘નંદ ઘેર આનંદ ભયો જય કન્હૈયાલાલ કી, હાથી ઘોડા પાલખી જય કનૈયાલાલ કી’થી શ્રોતાઓને ભાવુક બનાવી દીધા એનો ઉલ્લેખ કરી તુષાર ત્રિવેદીએ એ આનંદમાં યથાશક્તિ ઉમેરો કરવાની વચનપૂર્તિ કરતા હોય એમ એસી ડોમને ભક્તિના રંગમાં રંગી દીધું.

કૃષ્ણ ભક્તિના ભજન - પદ સંભળાવ્યા પછી તુષાર ભાઈએ ભાવિકોને કૃષ્ણ જન્મના ઉત્સવમાં સહભાગી થવાનું આમંત્રણ આપ્યું અને ‘નંદ ઘેર આનંદ ભયો’ ‘બધાઈ હો બધાઈ હો બધાઈ હો’, ‘યશોદા કો લાલો ભયો’ ‘બધાઈ હો બધાઈ હો બધાઈ હો’ના નારાથી સમગ્ર એસી ડોમ ગુંજી ઊઠ્યો. ત્યારબાદ ભગવાનના પ્રાગટ્યના ઉત્સવનું વર્ણન કરતું ‘બાળકૃષ્ણ પ્રગટ થયા રે’ રજૂ કરતા જ શ્રોતાગણમાં જન્મ વધાઈનો માહોલ રચાઈ ગયો. આ સિવાય ‘મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી, યમુનાજી, મહાપ્રભુજી’ની પહેલી પંક્તિ રજૂ થતાની સાથે શ્રોતાગણના બે હાથના વંદન અને શીશ નમન જોવા મળ્યા અને બીજી પંક્તિ ‘મારુ મનડું છે ગોકુળ વનરાવન’ રેલાતાની સાથે વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું.





એકંદરે તુષાર ત્રિવેદી અને ગ્રૂપે એમની ભક્તિભાવથી ભરેલી રચનાઓથી કૃષ્ણજન્મના આનંદને વધારી ભાવિકોને તરબતર કરી દીધી. ■

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ

Supported by:

adani

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

આજે દિવસ છઠ્ઠો

## બોરીવલી ભક્તિરંગે રંગાયું



### આજે ખાસ પધારશે

અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય
દ્વારકા શારદાપીઠાધીશ્વર
જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી
સદાનંદ સરસ્વતીજી મહારાજ

પ્રવચન સાંજના ૬.૦૦ વાગ્યાથી



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરી**

સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ)
બોરીવલી (પશ્ચિમ)

★ ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા

★ તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા



SKYLINE INFRA FORGE
શ્રી સૌરભ મહેતા
(મુખ્ય મનોરથી)

આજે બપોરે ૪.૩૦ બાદ પ્રવેશ બંધ



gandhar Group of Companies
શ્રી રમેશભાઈ પારેખ
(સહ મનોરથી)

★ પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

## કથા-કાર્યક્રમ આજે

### ૭ એપ્રિલ

### રુક્મિણી વિવાહ

કન્યા પક્ષ: શીતલ બિરેન સંઘવી
વર પક્ષ: તૃપ્તિ ધર્મેશ ગાંધી



★ માતુશ્રી કલાવતી ધરણીધર ગાંધી પરિવાર (મહુવાવાળા) હસ્તે શ્રીમતી તૃપ્તિ ધર્મેશ ગાંધી
★ ૮૪ બેઠકજીના દર્શન
★ ગોવર્ધન પરિક્રમા-દૈનિક દર્શન

## આજે

માતૃભાષા ભાગવત સપ્તાહમાં પધારશે મહારાષ્ટ્રના લોકલાડિલા મુખ્ય પ્રધાન શ્રી દેવેન્દ્ર ફડણવીસજી



કીર્તિદાન ગઢવીનો ડાયરો



## ૮ એપ્રિલ

મોટિવેશનલ સ્પીકર અને ગાયિકા જયા કિશોરીજીનો સંગીત કાર્યક્રમ



DANUBE PROPERTIES DUBAI
Real Estate Partners:

**જીવંત પ્રસારણ**

મુંબઈ સમાચાર
YouTube ગુજરાતી

વસુધૈવ કુટુંબકમ્ Sandipani

આસ્થા | ધર્મ સંદેશ | આસ્થા ભજન

## આયોજક : મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

| | | | | |
|---|---|---|---|---|
| ★ શ્રી પરાગ શાહ | ★ શ્રી સંતોષ સિંહ | ★ શ્રી મુકેશ પટેલ | ★ શ્રી રાજુ સાવલા | ★ શ્રી અરવિંદ શાહ |
| ★ શ્રી જિજ્ઞેશ ભુતા | ★ શ્રી જસ્મીન શાહ | ★ શ્રી જિતેન્દ્ર મહેતા | ★ શ્રી જગદીશ ઓઝા | ★ શ્રી ભાર્ગવ પટેલ |
| ★ શ્રી નિરવ મહેતા | ★ શ્રી જિજ્ઞેશ હિરાણી | ★ શ્રી શોભિત દેસાઈ | ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) | ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ) |

**વિશેષ આભાર:**
★ શ્રી સંજય ઉપાધ્યાય
★ શ્રી અસીત કુમાર મોદી
★ શ્રી જે. ડી. મજેઠિયા
★ શ્રી સંજય છેલ
★ શ્રી મુકેશ મહેતા
★ શ્રી ભૂપેન્દ્ર મહેતા
★ શ્રી વિપુલ પારેખ
★ શ્રી વિરલ ચિતલિયા
★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST | MICL LIVE BETTER | Showglitz | JVM CHARITABLE FOUNDATION | NATUREPURE Wellness Pvt. Ltd. | WellPure | Keshasvi | Neela Film Productions | MUNJAL | HEM AGARBATTI | APAR ADVERTISERS PRIVATE LIMITED | hitech events & exhibition | RUDRAAMAR GROUP | RAJSHREE BUILDERS Building A Future Into Every Home | NEELKANTH Building Trust Since 1938 Formerly known as: Velji Harkha Patel & Sons. | SURBHI GROUP Redefining Urban Lifestyle Contact - +91 98218 85998 | ARVINDBHAI KHATRI SONS | BRIGHT OUTDOOR MEDIA LIMITED | SILVER BUILDING LANDMARKS SINCE 1986

# આવેશે 'આવેશ'માં બોલ ફટકાર્યો ને થયો વિવાદઃ હૈદરાબાદ ફરિયાદ કરશે



હૈદરાબાદઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬માં લખનઊ સુપર જાયન્ટ્સ (એસએસજી) એ સનરાઇઝર્સ હૈદરાબાદ (એસઆરએચ) સામે પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો. ૫ એપ્રિલના રોજ હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં એક નવો વિવાદ ઊભો થયો હતો. લખનઊ સુપર જાયન્ટ્સના ફાસ્ટ બોલર આવેશ ખાનની એક હરકતથી વિવાદ ઊભો થયો છે.

વાસ્તવમાં મેચની છેલ્લી ઓવરમાં જ્યારે લખનઊ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંતે જયદેવ ઉનડકટની ઓવરમાં ફોર ફટકારી ત્યારે ડગઆઉટ પાસે ઊભેલા આવેશ ખાને પોતાના બેટથી બોલને મેદાનમાં પાછો ફટકાર્યો હતો. બોલ બાઉન્ડ્રી લાઇન પાર કરી ગયો હતો કે નહીં તે અંગે વિવાદ ઊભો થયો છે.

સોશિયલ મીડિયા પર કેટલાક ફેન્સ દ્વારા દાવો કરવામાં આવ્યો હતો કે જો બોલ બાઉન્ડ્રી બહાર ન ગયો હોય તો તે 'અનફેર પ્લે' હેઠળ આવે છે અને સનરાઇઝર્સ હૈદરાબાદને પાંચ પેનલ્ટી રન મળવા જોઈએ. જો કે, નિયમોના જાણકારોના મતે આ કિસ્સામાં કોઈ પણ નિયમનું ઉલ્લંઘન માનવામાં આવતું નથી કારણ કે બોલને રોકવા માટે કોઈ ફિલ્ડર જોડે નહોતો. માત્ર એક રનની જરૂર હતી અને એવામાં આ ઘટનાને અમ્પાયરોએ મેચ પર અસર કરતી માની નહોતી.

એક રિપોર્ટ અનુસાર, હૈદરાબાદ આ સીઝનમાં તેની વિરુદ્ધ ગયેલા અનેક નિર્ણયોથી નારાજ છે અને આવેશ ખાનની ઘટનાએ તેમાં વધારો કર્યો છે. ફ્રેન્ચાઇઝીએ અગાઉ બેંગલુરુ સામે હેનરિક ક્લાસેનના આઉટ થવા પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. કોલકાતા નાઈટ રાઇડર્સ સામેની મેચમાં અભિષેક શર્માના આઉટ થવા પર અસંતોષ વ્યક્ત કર્યો હતો. રિપોર્ટ અનુસાર, આ વિવાદીત નિર્ણયો પર સ્પષ્ટતા માટે ટીમ બીસીસીઆઈનો સંપર્ક કરવા પર વિચાર કરી રહી છે. ■

# વરસાદની મહેરબાનીથી કેકેઆરએ પોઈન્ટ ટેબલમાં ખાતું ખોલાવ્યું

## ▶ પંજાબ સામે માત્ર પચીસ રનમાં બે વિકેટ ગુમાવીને કોલકાતા મુશ્કેલીમાં હતું ત્યાં વરસાદ આવ્યો ને મેચ જ પડતી મુકાઈ

કોલકાતાઃ કોલકાતામાં સોમવારે રમાયેલી આઈપીએલ મેચમાં વરસાદે વિઘ્ન નાખ્યું હતું. કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર) અને પંજાબ કિંગ્સ (પીબીકેએસ) વચ્ચેની આ મેચમાં જ્યારે વરસાદ શરૂ થયો ત્યારે યજમાન ટીમ ૩.૪ ઓવરમાં પચીસ રને ૨ વિકેટ ગુમાવીને મુશ્કેલીમાં હતી. સતત પડી રહેલા ઝાપટાં બાદમાં વાવાઝોડામાં ફેરવાઈ ગયા હતા. અંતે મેચ પડતી મૂકવાની જાહેરાત કરાઈ હતી અને બંને ટીમને એક-એક પોઇન્ટ આપવામાં આવ્યો હતો.



શાહરુખ ખાન દીકરી સુહાના સાથે મેચ જોવા આવ્યો હતો પણ તેણે નિરાશ થવું પડ્યું હતું.

ટોસ જીતીને પહેલા બેટિંગ લેનાર કેકેઆરને ઓસ્ટ્રેલિયન પેસર ઝેવિયર બાર્ટલેટ બાર્ટલેટે ઝટકા આપ્યા હતા. તેણે માત્ર ત્રણ બોલના ગાળામાં કેકેઆરના બે દિગ્ગજ વિદેશી ખેલાડીઓ, ફિન એલન (૬) અને કેમરૂન ગ્રીન (૪) ને આઉટ કરીને યજમાન ટીમને મોટો ઝટકો આપ્યો હતો.

કુલ ૨૫.૨૦ કરોડ રૂપિયામાં ખરીદાયેલા સૌથી મોંઘા વિદેશી ખેલાડી કેમરૂન ગ્રીનનું નબળું ફોર્મ ચાલુ રહ્યું છે. આ અગાઉ તેણે મુંબઈ સામે ૧૮ અને હૈદરાબાદ સામે માત્ર ૨ રન કર્યા હતા.

ગઈ કાલે રાત્રે ૭.૪૫ કલાકે જ્યારે ઝરમર વરસાદ શરૂ થયો ત્યારે કેપ્ટન અજિંક્ય રહાણે (૮) અને સતત બે અડધી સદી ફટકારનાર અંક્રિશ રઘુવંશી (૭) ક્રીઝ પર હતા.

ઈડન ગાર્ડન્સનું મેદાન સંપૂર્ણપણે કવરથી ઢાંકી દેવામાં આવ્યું હતું. જોકે, એક સમયે વરસાદ અટકતા કવર હટાવવાની શરૂઆત થઈ હતી, પરંતુ ફરીથી ગાજવીજ સાથે વરસાદ તૂટી પડતા દર્શકો નિરાશ થઈને મેદાન છોડવા લાગ્યા હતા. બોલિવૂડ સુપરસ્ટાર અને કેકેઆરના સહ-માલિક શાહરૂખ ખાન પણ આ સિઝનમાં પહેલીવાર સ્ટેડિયમમાં હાજર રહ્યા હતા, પરંતુ તેમણે પણ વરસાદી વિઘ્નનો સામનો કરવો પડ્યો હતો. ■

# રાજસ્થાન રોયલ્સ સામે આજે મુંબઈ ઈન્ડિયન્સે સતર્ક રહેવું પડશેઃ હાર્દિક ફિટ?

ગુવાહાટીઃ ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૬માં આજે મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે ટક્કર જોવા મળશે. છેલ્લી મેચમાં હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સને આશા છે કે કેપ્ટન હાર્દિક પંડ્યા સંપૂર્ણપણે ફિટ થઈને મંગળવારે રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં રમશે. હાર્દિક અસ્વસ્થ હોવાના કારણે દિલ્હી કેપિટલ્સ સામેની છેલ્લી મેચ રમ્યો નહોતો, જેમાં તેની ટીમ છ વિકેટથી હારી ગઈ હતી. હાર્દિકની ગેરહાજરીમાં ભારતના ટી-૨૦ના કેપ્ટન સૂર્યકુમાર યાદવે કેપ્ટનશીપ સંભાળી હતી. હાર્દિકની ગેરહાજરીમાં ટીમ કોમ્બિનેશનમાં પણ ફેરફારની જરૂર પડી હતી. ટીમમાં તેનું સ્થાન લેનારા દીપક ચહરે સારી બોલિંગ કરી, પરંતુ અનુભવી ઝડપી બોલર ટ્રેન્ટ બોલ્ટના સ્થાને કોર્બિન બોશને ટીમમાં સામેલ કરવાનો નિર્ણય ખોટો સાબિત થયો હતો, કારણ કે દક્ષિણ આફ્રિકાના બોલરે ઘણા રન આપ્યા હતા. હાર્દિકે પ્રેક્ટિસ ફરી શરૂ કરી છે, જેનાથી તેની વાપસીની શક્યતા વધી ગઈ છે.

પહેલી મેચમાં શાનદાર બોલિંગ કરનાર શાર્દુલ ઠાકુર છેલ્લી મેચમાં મોંઘો સાબિત થયો, જ્યારે જસપ્રીત બુમરાહે ઓછા રન આપ્યા, પરંતુ આ સીઝનમાં હજુ સુધી વિકેટ લીધી નથી. સ્પિનમાં મિશેલ સેન્ટનરે અફઘાનિસ્તાનના સ્પિનર અલ્લાહ ગઝનફરને બદલે ટીમમાં પોતાની પસંદગીને યોગ્ય ઠેરવી હતી અને તે પોતાનું સ્થાન જાળવી રાખે તેવી શક્યતા છે.

જોકે, મુંબઈ ઈન્ડિયન્સના બોલરોએ રાજસ્થાનના ટોચના ક્રમ સામે શ્રેષ્ઠ દેખાવ કરવો પડશે. રાજસ્થાનના ટોચના ક્રમના બેટ્સમેનોએ અત્યાર સુધી સારું પ્રદર્શન કર્યું છે. રાજસ્થાને અત્યાર સુધી આક્રમક અભિગમ અપનાવ્યો છે અને મુંબઈએ સાવધ રહેવાની જરૂર છે. ઓપનર યશસ્વી જયસ્વાલ અને યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ટીમને વિસ્ફોટક શરૂઆત અપાવી છે ત્યારબાદ ધ્રુવ જુરેલે પણ સારું પ્રદર્શન કર્યું છે. ■

# વર્લ્ડ કપ હીરો સેમસન અને બુમરાહ આઇસીસી અવૉર્ડની હોડમાં

દુબઈઃ ભારતીય ઓપનર સંજૂ સેમસન અને ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહને સોમવારે માર્ચ માટે આઈસીસી પ્લેયર ઑફ ધ મંથ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા. ન્યૂ ઝીલેન્ડ સામેની પ્રથમ ટી-૨૦ સીરિઝમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન કોનોર એસ્ટરહુઇઝેનને પણ નામાંકિત કરવામાં આવ્યો હતો.

ટી-૨૦ વર્લ્ડ કપની છેલ્લી કેટલીક મેચોમાં પ્રભાવશાળી પ્રદર્શન બાદ પ્લેયર ઑફ ધ ટૂર્નામેન્ટ તરીકે પસંદ કરાયેલા સંજૂને બુમરાહ સાથે નામાંકિત કરવામાં આવ્યો છે. બુમરાહ ફાઈનલ મેચમાં પ્લેયર ઑફ ધ મેચ હતો.

સેમસન શરૂઆતની મેચમાંથી બહાર હતો, પરંતુ વેસ્ટ ઇન્ડિઝ સામે ક્વાર્ટર ફાઇનલમાં અણનમ ૯૭ રન કર્યા હતા અને ત્યારબાદ મુંબઈમાં ઇંગ્લેન્ડ સામે સેમિફાઇનલ અને ન્યૂ ઝીલેન્ડ સામે ફાઇનલમાં ૮૯ રન કર્યા હતા. બુમરાહે ફાઇનલમાં ચાર ઓવરમાં ૧૫ રન આપીને ચાર વિકેટ લીધી હતી. ■

# થાલા ડીસી સામેની મેચમાં રમશે?

ચેન્નઇઃ આઇપીએળ ૨૦૨૬માં ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસેકે)એ રમેલી અત્યાર સુધી રમેલી ત્રણેય મેચ હાર મળી છે, ટીમનો ભૂતપૂર્વ કેપ્ટન અને દિગ્ગજ બેટર એમએસ ધોની હજુ સુધી એક પણ મેચ નથી રમ્યો. એવામાં અહેવાલ છે કે ધોની ટૂંક સમયમાં આઇપીએલ ૨૦૨૬ માં તેની પહેલી મેચ રમી શકે છે.

ટુર્નામેન્ટ શરૂ થાય તે પહેલા ૪૪ વર્ષીય ધોનીના પગમાં ઈજા થઈ હતી, જેના કારણે તે હજુ સુધી એક પણ મેચ રમી શકયો નથી. તેની ગેરહાજરીમાં સીએસકેની સ્થિતિ ખરાબ થઈ ગઈ છે, ટીમ પોઈન્ટ ટેબલમાં સૌથી નીચેના ૧૦મા ક્રમે છે.

સીએસકેની દિલ્હી કેપિટલ્સ (ડીસી) સામેની આગામી મેચ પહેલા ધોની ફીટ થઇ શકે છે, ડેવાલ્ડ બ્રેવિસ પણ ફિટ થઇ શકે છે. ધોની ટૂંક સમયમાં ફિટનેસ ટેસ્ટ કરાવશે, જો તે આ ટેસ્ટમાં પાસ થાય તો તે ચેપોક ખાતે ડીસી સામે મેદાનમાં ઉતરશે. ઇજાગ્રસ્ત હોવાને કારણે ધોની ટીમ સાથે મુસાફરી કરી રહ્યો નથી. ગયા શુક્રવારે પંજાબ કિંગ્સ સામે ચેન્નઈમાં મેચમાં પણ તે ગેરહાજર રહ્યો હતો. અગાઉ તે ટીમ સાથે ટ્રેનિંગ સેશનમાં ભાગ લીધો હતો, પરંતુ પ્રોટોકોલને કારણે તે મેચના દિવસોમાં સ્ટેડિયમ ગયો નથી.

આઇપીએલના ઇતિહાસમાં ધોનીએ માત્ર આઠ મેચમાં જ નથી રમ્યો, વર્ષ ૨૦૧૦ માં ત્રણ, ૨૦૧૯ માં બે અને ૨૦૨૬ માં અત્યાર સુધી ત્રણ મેચ મિસ કરી છે. આ આઠમાંથી ૭ મેચમાં ટીમના હાર મળી. એમએસ ધોનીની હાજરીને કારણે ટીમનો આત્મવિશ્વાસ વધી શકે છે. ■

# પડિક્કલનું બૅટિંગ ફૉર્મ આવું રહેશે તો તેને ટીમ ઈન્ડિયામાંથી બહાર રાખવો મુશ્કેલઃ કાર્તિક

નવી દિલ્હી : રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના મેન્ટર દિનેશ કાર્તિકનું માનવું છે કે આરસીબીનો બેટ્સમેન દેવદત્ત પડિક્કલ તેના શાનદાર પ્રદર્શન બાદ જે રીતે આઈપીએલમાં બેટિંગ કરી રહ્યો છે તેને જોતા તેને લાંબા સમય સુધી ભારતીય ટીમમાંથી બહાર રાખવો મુશ્કેલ બનશે. પડિક્કલે રવિવારે ચેન્નઈ સુપર કિંગ્સ સામે બેંગલુરુની મોટી જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેમાં તેણે ૨૯ બોલમાં ૫૦ રન કર્યા હતા.

ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં પડિક્કલની ઇનિંગ વિશે પૂછવામાં આવતા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુના બેટિંગ કોચ દિનેશ કાર્તિકે શરૂઆતના મુશ્કેલ તબક્કા દરમિયાન તેમના સંયમની પ્રશંસા કરી હતી. ત્યારબાદ આ બેટ્સમેને મુક્તપણે બેટિંગ કરી હતી. કાર્તિકે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું હતું કે, સૌથી મહત્ત્વપૂર્ણ બાબત એ છે કે તેનો દૃઢ નિશ્ચય. આવી પીચ પર જ્યારે શરૂઆતમાં રન સરળતાથી થતા નથી ત્યારે ઘણા બેટ્સમેન મોટા શોટ રમવાનો પ્રયાસ કરે છે અને તેમની વિકેટ ગુમાવે છે. દેવદત્તે મુશ્કેલ પરિસ્થિતિઓમાં પણ ધીરજ રાખવાની હિંમત બતાવી હતી.

તેમણે કહ્યું હતું કે, ''તમે જોઈ શકો છો કે તેણે પહેલી બાઉન્ડ્રી ફટકારતાની સાથે જ પોતાનો બેટિંગની આક્રમકતા બદલી નાખી હતી. તે પરફેક્ટ ક્રિકેટ શોટ રમી રહ્યો છે અને બોલને લાંબા અંતર સુધી ફટકારી રહ્યો છે. જો તે આ રીતે બેટિંગ કરતો રહેશે તો તેને લાંબા સમય સુધી ભારતીય ટીમથી બહાર રાખવો મુશ્કેલ બનશે. ■

# ૧૪.૨ કરોડ ખર્ચ્યા છતાં પ્રશાંત વીરને સીએસકે બોલિંગ કેમ નથી આપી રહ્યું?

મુંબઈઃ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૬માં પાંચ વખતની ટાઈટલ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ની શરૂઆત નિરાશાજનક રહી છે, સીએસકે આ સીઝનમાં તેની પહેલી ત્રણ મેચ હારી ગઈ છે. આમાં ઊડીને આંખ વળગતું કારણ છે પ્રશાંત વીરનો અપૂરતો ઉપયોગ. ૧૪.૨ કરોડ રૂપિયામાં ખરીદેલા ઓલ-રાઉન્ડર પ્રશાંતની બોલિંગ પર સીએસકેના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડને વિશ્વાસ જ નથી.

સીએસકેનો દિગ્ગજ ખેલાડી એમએસ ધોની નથી રમી રહ્યો, ટીમને તેની ગેરહાજરી વર્તાઈ રહી હોય એવું લાગે છે. આ સીઝનથી ટીમમાં જોડાયેલો સંજુ સેમસનનો આશા પ્રમાણે પ્રદર્શન નથી કરી શક્યો.

ટીમ પ્રશાંત વીરનો ઉપયોગ ન કરી શકીઃ

ક્રિકેટ નિષ્ણાંતો એવું પણ કહી રહ્યા છે કે સીએસકે ૨૦ વર્ષીય ઓલરાઉન્ડર પ્રશાંત વીરનો યોગ્ય રીતે ઉપયોગ નથી કરી શકી, ઉત્તર પ્રદેશનો આ અનકેપ્ડ લેફ્ટ હેન્ડ સ્પિનરને સીએસકેએ ૧૪.૨ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. સિઝન શરૂ થઇ એ પહેલા પ્રશાંત વીરને અનુભવી ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજાનું રિપ્લેસમેન્ટ માનવામાં આવતો હતો. કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે પ્રતિભાશાળી પ્રશાંત વીરને તક જ ન આપી.

રાજસ્થાન રોયલ્સ સામે સીએસકેની પહેલી મેચમાં પ્રશાંત વીરને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળ્યું ન હતું, પંજાબ કિંગ્સ સામેની બીજી મેચમાં વીરને પ્લેઇંગ ઇલેવનમાં સ્થાન મળ્યું પણ, તેને બોલિંગ જ ન આપવામાં આવી.

ગઈ કાલે રવિવારે સીએસકેને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ૪૩ રનથી કારમી હાર મળી, આસીબીએ સીએસકેના બોલર્સને હંફાવ્યા હતાં અને ૨૦ ઓવરમાં ૨૫૦/૩નો વિશાળ સ્કોર બનાવ્યો.આ મેચમાં પણ ગાયકવાડે વીરને બોલિંગ ન આપી. સીએસકે આ સિઝનમાં કુલ ૧૪ લીગ મેચો રમશે, આ સિઝન માટે વીરને ₹૧૪.૨ કરોડ ચૂકવશે, આમ વીર પર પ્રતિ મેચ આશરે ₹૧.૦૧૪ કરોડ ખર્ચે છે. કદાચ સીએસકે હજુ વીર ઉપયોગનો ઉપયોગ કેવી રીતે કરવો એ સમજી શકી નથી. ■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખેદ | PATRON |
| ખેપ | DONATION |
| ખેપાની | TRIP |
| ખેરખાં | SORROW |
| ખેરાત | NAUGHTY |

### માતૃભાષાની મહેક

આપ બળે એકલ ખૂણે, ધૂપ બધે પ્રસરત, જગમાં એવા જનમિયા, અગરબત્તી ને સંત સુભાષિત સમજવા જેવું છે. અગરબત્તી અને સંત, એક નિર્જીવ અને એક સજીવ, પણ બંનેના કાર્ય, વૃત્તિ સરખા. એકલપંડે કોઈ ખૂણામાં રહે, પણ આસપાસના વિસ્તારને પોતાની સુવાસથી કે પછી જ્ઞાનથી મઘમઘતો કરી નાખે.

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ HODOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) હથેળી બ) ભીડ
ક) કંટાળો ડ) મુસાફરી

### ઈર્શાદ

*એક દરિયો ઓટ થઈ મારામાં ડૂબી જાય છે,*
*તું કિનારો હોય તો ક્યાં છે? મને ભૂલી ગયો?*

-- નયન દેસાઈ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | | ૪ | | | |
| | | ૫ | | | ૬ | | | | ૭ |
| | | | | ૮ | | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | | ૧૨ | | | | | |
| | ૧૩ | ૧૪ | | | | | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | | | | ૧૮ | | | | |
| | | | ૧૯ | | | | | ૨૦ | ૨૧ |
| ૨૨ | | | | | | | ૨૩ | | |
| | | | ૨૪ | | | ૨૫ | | | |
| | ૨૬ | | | | | ૨૭ | | | |

**આડી ચાવી**

૧ મશ્કરી (૪)
૪ ઇશારો, નિશાની (૩)
૫ વિશ્વ, દુનિયા (૨)
૬ એક અપ્સરા (૨)
૯ રણયુદ્ધની દેવી (૪)
૧૦ અનુકૂળ સમય, લાગ (૨)
૧૨ સપનાં (૩)
૧૩ જે જાય ---- તેનાં જાય ઘરબાર (૪)
૧૫ પૂરેપૂરું ભરેલું (૩)
૧૭ ---- કરવું=પાછું આપવું (૩)
૧૮ વહેતા ઝરણાંનો અવાજ (૪)
૧૯ હરકત, અડચણ (૩)
૨૦ ટોચ, શિખર (૨)
૨૨ કૃતઘ્ન, ગણ ભૂલી જાય તેવું (૪)
૨૪ ગોરાંદે (૨)
૨૫ ધર્મીને ત્યાં ---- (૨)
૨૬ લાલાશ (૩)
૨૭ સ્વર્ગસ્થ (૪)

**ઊભી ચાવી**

૧ પરણેલું (૪)
૨ મોજૂદ કે તૈયાર હોય તેવું (૩)
૩ દીવાની જોત (૨)
૪ યાદગીરી (૪)
૭ ચાડિયું (૪)
૮ કચાશ, અપૂર્ણતા (૩)
૧૧ ---- કરવી=ઘટતી કિંમત કરવી (૩)
૧૪ લીન, આસક્ત (૨)
૧૫ સુખ (૨)
૧૬ મળતું આવે તેવું (૩)
૧૭ પરોપકારી (૪)
૧૮ ભજિયાં (૩)
૧૯ સસલું (૪)
૨૧ સૂઝ, સમજણ (૪)
૨૩ નિર્ભય (૩)
૨૫ રહેવાનું સ્થળ (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વૈ | ૨ વિ | ધ્ય | | ૩ વ્ય | થા | | ૪ કુ | લી | ૫ ન |
| ૬ રા | ખ | | ૭ કં | સ | | | નિં | | વ |
| ગ્ય | | ૮ સ | દ | ન | | ૯ હો | શ | | જા |
| | ૧૦ રુ | ચિ | | | ૧૧ વે | ઠ | | ૧૨ તા | ત |
| ૧૩ કં | કા | વ | ટી | | જા | | | ત્કા | |
| | વ | | | ૧૪ ચા | | ૧૫ - | ૧૬ ચ | લિ | ત |
| ૧૭ ભે | ટ | | ૧૮ કુ | રુ | | | ૧૯ રં | ક | |
| જા | | ૨૦ ક | ળ | | ૨૧ મ | ૨૨ ડ | હું | | ૨૩ ત્રે |
| ગે | | લ | | | ૨૪ થો | ર | | ૨૫ ના | વ |
| ૨૬ પ | ના | હ | | ૨૭ ગુ | ટી | | ૨૮ પ | ર | ડ |

### ઓળખાણ પડી?

દેખાવમાં ડમરુ જેવા લાગતા અને ભાંગડા સહિત પંજાબી લોકસંગીતમાં ખાસ્સો ઉપયોગ ધરાવતા વાજિંત્રની ઓળખાણ પડી?

અ) અલગોજા
બ) તુમ્બી
ક) ઢડ્ડ
ડ) ઢોલ



### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ગોપીઓએ નેહભર્યો કલેહ માંડ્યો છે' પંક્તિમાં 'નેહ' શબ્દનો અર્થ જણાવો.

અ) નકાર બ) આંખ ક) રોષ ડ) પ્રેમ

### માઈન્ડ ગેમ

આંકડામાં લખવામાં આવતી સંખ્યા રોમન નંબર્સમાં લખતી વખતે અંગ્રેજી અક્ષરનો ઉપયોગ થાય છે? CLXXV એટલે કઈ સંખ્યા?

અ) ૧૪૦ બ) ૧૬૫ ક) ૧૭૫ ડ) ૧૯૦

### સુડોકુ-૯૨૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | ૬ | | | | ૪ | | ૭ |
| ૯ | ૧ | | ૭ | | ૪ | | | ૩ |
| | ૪ | | | | | | ૧ | |
| | | ૫ | ૬ | | ૯ | ૮ | | |
| | | | | ૫ | | | | |
| | | ૮ | ૧ | | ૨ | ૬ | | |
| | ૨ | | | | | | ૪ | |
| ૬ | | | ૪ | | ૭ | | ૨ | ૫ |
| ૫ | | ૪ | | | | ૭ | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-૯૨૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૧ | ૭ | ૨ | ૩ | ૪ | ૬ | ૮ | ૫ |
| ૩ | ૬ | ૪ | ૯ | ૫ | ૮ | ૨ | ૧ | ૭ |
| ૮ | ૫ | ૨ | ૭ | ૬ | ૧ | ૩ | ૯ | ૪ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૮ | ૯ | ૭ | ૨ | ૬ |
| ૭ | ૮ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ | ૪ | ૯ |
| ૨ | ૯ | ૬ | ૧ | ૪ | ૭ | ૫ | ૩ | ૮ |
| ૪ | ૩ | ૮ | ૬ | ૧ | ૫ | ૯ | ૭ | ૨ |
| ૬ | ૭ | ૧ | ૮ | ૯ | ૨ | ૪ | ૫ | ૩ |
| ૫ | ૨ | ૯ | ૪ | ૭ | ૩ | ૮ | ૬ | ૧ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખેંચ | SCARCITY |
| ખેંચાણ | ATTRACTION |
| ખેકડો | CRAB |
| ખેટક | HUNTER |
| ખેડાણ | CULTIVATION |

**ગુજરાત મોરી મોરી રેઃ**
એકલતા

**ઓળખાણ પડી?**
ટિમકી

**માઈન્ડ ગેમ :**
1130

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ**
લાંબી

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) નીતા દેસાઈ (૬) નીતા દેસાઈ (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) હર્ષા મહેતા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) પુષ્પા પટેલ (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) મીનળ કાપડિયા (૧૬) તાહેર ઔરંગાબાદવાલા (૧૭) શીરીન ઔરંગાબાદવાલા (૧૮) પ્રવીણ વોરા (૧૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૦) મહેશ સંઘવી (૨૧) ભરત કજરિયા (૨૨) મનીષા શેઠ (૨૩) ફાલ્ગુની શેઠ (૨૪) કિરીટ છેડા (૨૫) ચેતના છેડા (૨૬) નિખિલ બંગાળી (૨૭) અમીશી બંગાળી (૨૮) ભાવના કર્વે (૨૯) કમલ માતલિયા (૩૦) મહેન્દ્ર લોઢાવિયા (૩૧) અરવિંદ કામદાર (૩૨) ભાવના કવેશ (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી જયવંત ચિખલ (૩૭) અંજુ ટોલિયા (૩૮) જ્યોત્સના ગાંધી (૩૯) ઈનાક્ષી દલાલ (૪૦) હિના દલાલ (૪૧) રમેશ દલાલ (૪૨) ડાયના સંતોકે (૪૩) નિતીન જયંતિલાલ બજરિયા (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૬) વિજય આસર (૪૭) મહેશ દોશી (૪૮) ડો. પ્રકાશ કટકિયા (૪૯) પ્રતિમા પમાણી (૫૦) ધીરેન્દ્ર મુલરાજ (૫૧) જયવંત પદમશી ચિખલ

તન-મન-ધનથી રહો

# તરોતાજા




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

## લક્ષ્મી ને વિવેકનો સાથ-સંગાથ

નીલેશ અને સાધના મારા જૂના ક્લાયન્ટ છે. નીલેશ ઈન્ફોર્મેશન ટેક્નોલોજીનાં ક્ષેત્રમાં કામ કરે છે. ૧૯૯૯માં પોતાના એક મિત્ર સાથે મળીને સ્વતંત્રપણે એણે એક કંપની સ્થાપના કરી હતી. શરૂઆતમાં બંને નીલેશના ઘરેથી જ કામ કરતા હતા. તેમની મહેનત, સૂઝબૂઝ અને ઈમાનદારી રંગ લાવી. સમય વીતતા કંપનીનો ખૂબ વિકાસ થયો. આઈટીનાં ક્ષેત્રમાં તે આગવું સ્થાન બનાવી શકી. થોડા સમય પહેલાં અમેરિકાની એક બહુરાષ્ટ્રીય કંપનીએ સારી કિંમતે નીલેશની કંપની ખરીદી લીધી. નીલેશ અને સાધનાના ભાગમાં પચાસ કરોડ રૂપિયા આવ્યા. જેવો સોદો પાર પડ્યો કે તરત તેઓ મને મળવા આવ્યા હતા. આ સોદાને કારણે તેઓ ખૂબ ખુશ હતાં, પણ સાથેસાથે એમના મનમાં ડર પણ હતો. પતિ-પત્નીને મોટી ચિંતા એ વાતની હતી કે એમણે આખી જિંદગી ખૂબ મહેનત કરી છે, કરકસરમાંય દિવસો ગુજાર્યા છે, ટૂંકમાં, ઘણી તડકી-છાંયડી જોયા બાદ મધ્યવયે આ રકમ તેમને મળી છે, પણ એમનાં સંતાનોને તો બધું તૈયાર ભાણે મળી ગયું છે. નીલેશ અને સાધના સમજાવવા માગતાં હતાં કે સંપત્તિની સાથે ખરાબ આદતો, નકરો ભૌતિકવાદ, કૌટુંબિક કલેશ અને બીજાં દૂષણો પ્રવેશી ન જાય તે માટે કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ.

નેવુંના દાયકાના પ્રારંભમાં ઉદારીકરણનો દોર શરૂ થયા બાદ આપણા દેશે ઘણી આર્થિક પ્રગતિ કરી છે. લોકોની આવકનું પ્રમાણ અને સંપત્તિ બંને ઘણાં વધ્યા છે. આ હકીકતની નોંધ પણ લેવી પડે અને તેની પ્રશંસા પણ કરવી પડે. અલબત્ત, આર્થિક ઉન્નતિની સાથેસાથે બદીઓમાં પણ વધારો થયો છે. ત્યાં લક્ષ્મીદેવી પગલાં તો પાડે છે, પણ લાંબો સમય સુધી નિવાસ કરતાં નથી.

આપણાં પૌરાણિક શાસ્ત્રોમાંના એક શ્રીસૂક્તમાં આ પરિસ્થિતિ વિશે સરસ સમજ આપવામાં આવી છે. એવું કહેવાય છેકે રઘુવંશમાં લક્ષ્મી લોકોને ત્યાં આઠથી દસ પેઢી સુધી રહેતી હતી. તે એટલા માટે હતી કે સંપત્તિની ઉપાસના કરવામાં આવતી હતી. લક્ષ્મીને દેવીનો દરજ્જો આપવામાં આવ્યો હતો. આજના યુગમાં લક્ષ્મી માંડ બેથી ત્રણ પેઢી ટકે છે. સંપત્તિ એક જ પેઢીમાં ખતમ થઈ ગઈ હોય એવા કેટલાય કિસ્સા બનતા રહે છે. આમ બનવાનું મુખ્ય કારણ એ હોય છે કે લક્ષ્મીની સાથે બીજાં ઘણાં દૂષણો ઘરમાં પ્રવેશી ગયાં હોય છે.

જો સંપત્તિને એકાધિક પેઢીઓ સુધી ટકાવી રાખવી હોય તો સંપત્તિના ઉપયોગ વિશેનું જ્ઞાન અને ડહાપણ પ્રાપ્ત કરવું જરૂરી છે. સંપત્તિ પોતાની જાત પર કેવી રીતે ખર્ચવી અને સૃષ્ટિ સાથે શી રીતે વહેંચવી તે સમજવું અગત્યનું છે.

સૌથી પહેલાં તો આપણી સંપત્તિનો એક હિસ્સો પ્રકૃતિ માટે અલાયદો રાખવો જોઈએ - જેણે આપણને ઉદારભાવે ખૂબ બધું આપ્યું છે એને કશુંક પાછું આપીએ તે બહુ જરૂરી છે. બની શકે તો તમારી સંપત્તિની અમુક ટકાવારી નક્કી કરી નાખો. આપણે સમાજને જવાબદારીપૂર્વક પાછું આપીએ તે પછી બાકીની સંપત્તિનો ઉપયોગ કરવો જોઈએ. આપણે નક્કી કરેલો હિસ્સો નાનો હોય કે મોટો, પણ તે અચૂક અને ઈમાનદારીપૂર્વક વપરાય તેની ખાસ તકેદારી રાખો. આપણે સમાજના ઋણી છીએ. હા, સૃષ્ટિનું ઋણ ચૂકવતી વખતે આપણા મનમાં અહમ ન પ્રવેશી જાય તે મામલે સતર્ક રહેવું.

ત્યાર બાદ, સંપત્તિનો એક ટુકડો ખુદની જરૂરિયાતો માટે ફાળવવો. હા, ખુદને માટે અને સ્વજનો - પ્રિયજનો માટે પૈસા વાપરતી વખતે ધનવૈભવનો દેખાડો કરવાની દબાયેલી લાગણી જાગૃત ન થઈ જાય તે ખાસ જોવું. જો આપણે દેખાડો કરવા માટે સંપત્તિનો ઉપયોગ કરીશું તો નુકસાન આપણને જ થશે. શક્ય છે કે દેખાડો કરવાની વૃત્તિને આપણે બીજું નામ આપી દીધું હોય - શું થાય, હમઉમ્ર અને આસપાસના લોકોની જીવનશૈલીથી એટલું દબાણ પેદા થાય છે કે એને અનુસર્યા વગર છૂટકો નથી, એવું બહાનું આગળ ધરીએ. કાં તો પછી તેને સ્ટેટસ સિમ્બોલ તરીકે ખપાવી દઈએ.

આપણાં સંતાનોમાં પણ સારી ટેવો પડે તે ખૂબ જરૂરી છે. નીલેશ અને સાધનાની વાત પર પાછા ફરીએ તો, તેઓ સંતાનોથી સંપત્તિ છુપાડે તેનો કશો મતલબ જ નહોતો. મોટો સોદો પાર પડવાને કારણે સંપત્તિ મળી છે તે હકીકત છે. આ વાત દંપતીએ સંતાનોને કરવી જોઈએ અને સમજાવવું જોઈએ કે આપણે શ્રીમંત બની ગયા છીએ તે બરાબર છે, પણ સંપત્તિનું સન્માન કરતાં શીખવું પડશે. નીલેશ અને સાધનાને આ જ ચિંતા સૌથી વધુ હતી. સાધના તો બોલી પણ ખરી કે અમે ૪૮ વર્ષે આટલી મોટી રકમ જોઈએ છીએ અને એ મેળવવા નીલેશે ઘણો સંઘર્ષ કર્યો છે, જ્યારે મારા સંતાનોને ૧૪-૧૫ વર્ષની ઉંમરે આ સમૃદ્ધિ મળી ગઈ છે. તેઓ બગડી જશે તો? કોઈ પણ જવાબદાર માતાપિતાને આવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે.

આપણે સમાજમાં નઠારાં સંતાનોના કિસ્સા જોઈએ છીએ તેથી આવી ચિંતા થવી સહજ છે. આનો કોઈ નિશ્ચિત ઉકેલ ભલે ન હોય, પણ એવું જોવા મળ્યું છે કે જો ઘરમાં વડીલોના પગ જમીન પર હોય તો બાળકોના પગ પણ જમીન પર જ રહે છે. બાકી જો બાપ વધારાના પૈસા ચૂકવીને છેક દુબઈ કે અમેરિકાથી મોબાઈલનું લેટેસ્ટ મૉડેલ મગાવતો હોય તેમ જ મા પાર્ટી માટે મોંઘાદાટ ડિઝાઈનર કપડાં ખરીદ્યાં કરતી હોય તો સંતાનો આના કરતાં જુદી રીતે વર્તશે તેવી અપેક્ષા રાખી શકાય નહીં.

કોઈએ સાચું કહ્યું છે કે બાળકોને ગમે તેટલું શીખવો, પણ છેવટે તો તે વડીલોના નકશે કદમ પર જ ચાલશે.

યોગિક વેલ્થઃ શું કામ અને આરામનું સંતુલન પૈસાને કારણે પેદા થાય છે કે પછી, કામ અને આરામના સંતુલનને લીધે પૈસો આવે છે? આનો કોઈ એક જ જવાબ નથી, છતાં તેને સાવ અધ્ધર પણ રાખી શકાય નહીં. ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

## નવા નાણાકીય વર્ષની શરૂઆતમાં આ કામ તો કરી જ લેવાં

નવું નાણાકીય વર્ષ શરૂ થઈ ગયું છે ત્યારે નાણાકીય આરોગ્ય માટે તમે અમુક પગલાં લીધાં હશે, હવે આરોગ્ય વીમાની સમીક્ષા કરીને એમાં આવશ્યક ફેરફારો કરાવી લેજો. આના માટે ધ્યાનમાં રાખવાના મુદ્દા આ પ્રમાણે છેઃ

૧) રિન્યુઅલ કરાવી લેવું

ડ્યૂ ડેટની પહેલાં જ પ્રીમિયમ ચૂકવાઈ જાય એ જરૂરી હોય છે, અન્યથા પોલિસી લેપ્સ થઈ જવાનું જોખમ રહે છે. સમયસર રિન્યુ કરાવાયેલી પોલિસીમાં વેઇટિંગ પિરિયડની ક્રેડિટ, નો-ક્લેમ બોનસ અને પ્રી-એક્ઝિસ્ટિંગ ડિસીઝીસને લગતી શરતો યથાવત્ રહે છે.

તમારી વીમા કંપની પ્રીમિયમ ભરવામાં ગ્રેસ પિરિયડ આપે છે કે નહીં એ તપાસી લો. અહીં ખાસ જણાવવાનું કે ગ્રેસ પિરિયડ દરમિયાન જો કોઈ ક્લેમ આવે તો કંપની એની ચુકવણી કરતી નથી. વળી, રિન્યુઅલ કરાવાય નહીં તો અમુક લાભ કાયમ માટે જતા રહે છે.

૨) પ્રવર્તમાન મેડિકલ ખર્ચને ધ્યાનમાં રાખીને વીમાની રકમમાં આવશ્યક ફેરફારો કરવા, જેમકે...

તમારા શહેરમાં કે આસપાસ હોસ્પિટલોમાં સારવારનો, ખાસ કરીને ગંભીર બીમારીઓના ઈલાજનો અને મોટી શસ્ત્રક્રિયાનો ખર્ચ કેટલો આવે છે એનો અભ્યાસ કરીને તપાસી લેવું કે તમારી નો-ક્લેમ બોનસ સહિતની વીમાની રકમ એ ખર્ચને પહોંચી વળવા પૂરતી છે કે નહીં.

તમારા મિત્રો કે પરિવારમાં કોઈનો મેડિકલ ખર્ચ વધારે થયો હોય તો તમારું કવરેજ વધારવા માટે જૂની પોલિસીમાં ટોપ અપ કે સુપર ટોપ અપ કરાવી લેવા વિશે વિચાર કરી લેવો.

૩) પરિવારના સભ્યોના આધારે વીમાનું કવરેજ

પરિવારમાં બાળકના જન્મ સાથે નવું સભ્ય ઉમેરાય અથવા કોઈનાં લગ્ન થવાથી સભ્ય ઘટે એવા બધા સંજોગોમાં પોલિસીમાં આવશ્યક ફેરફારો કરાવી લેવા અને એના આધારે વીમાનું કવરેજ પણ બદલવું.

તમે અત્યારે ઉંમરના જે તબક્કામાં છો એમાં ફેમિલી ફ્લોટર કે વ્યક્તિગત પોલિસીમાંથી કઈ પોલિસી વધારે સારી કહેવાય એની ચકાસણી કરી લેવી અને આવશ્યક ફેરફાર કરાવી લેવા.

૪) કવરેજ, એક્સક્લુઝન અને બીજી શરતોની સમીક્ષા કરવી

તમારી પોલિસીના કવરેજમાં, એક્સક્લુઝનમાં, રૂમ રેન્ટની લિમિટમાં, બીમારી પ્રમાણેની સબ-લિમિટમાં, કો-પેમાં કે ડિડક્ટિબલમાં કોઈ પણ ફેરફાર થયો છે કે કેમ એની પણ સમીક્ષા કરી લેવી.

વીમા કંપનીઓ રિન્યુઅલ વખતે નિયમો અને શરતોમાં ફેરફાર



કરી શકે છે, પરંતુ એમણે પહેલેથી જ એની જાણ કરવી જરૂરી હોય છે. જો કોઈ ફેરફાર તમને પ્રતિકૂળ લાગતો હોય તો તમે બીજી કંપનીનો આરોગ્ય વીમો લઈ શકો છો.

૫) ક્લેમ સેટલમેન્ટ સંબંધિત અનુભવનું મૂલ્યાંકન કરી જુઓ

પાછલા વર્ષ દરમિયાન પોલિસીમાં ક્લેમ આવ્યો હોય તો એને લગતો તમારો અનુભવ કેવો છે એનો વિચાર કરી લેવો અને જો સર્વિસ નબળી લાગી હોય તો બીજી કંપનીઓના રિવ્યૂ, ક્લેમ સેટલમેન્ટ રેશિયો અને બીજી બાબતોનો અભ્યાસ કરીને જરૂર પડ્યે પોલિસીનું પોર્ટિંગ કરાવી લેવું.

૬) નેટવર્ક હોસ્પિટલની યાદી અને કેશલેસ સુવિધાની તપાસ કરી લેવી

તમે સામાન્ય સંજોગોમાં જ્યાં સારવાર કરાવવા જઈ શકો છો એ હોસ્પિટલ અને ડોક્ટર આરોગ્ય વીમા કંપનીના નેટવર્કમાં છે કે કેમ અને ત્યાં કેશલેસ સુવિધા છે કે કેમ એની તપાસ કરી લેવી અને જો તમે શહેર બદલો કે પછી હોસ્પિટલ જ નેટવર્કની બહાર નીકળી ગઈ હોય તો કંપની બદલવા વિશે વિચાર કરી શકાય.

૭) આરોગ્ય સંબંધે આપેલી માહિતી- દસ્તાવેજો ફરીથી તપાસી લેવા..

તમારી કોઈ નવી બીમારીનું નિદાન થયું હોય, કોઈ સર્જરી કરાવી હોય કે પછી લાંબા સમયથી તમે કોઈ દવા લઈ રહ્યા હો તો પોલિસી રિન્યુ કરાવતી વખતે આવશ્યકતા મુજબ એ દરેક બાબતની જાણ આરોગ્ય વીમા કંપનીને કરી દેવી.

તમારા મેડિકલ રિપોર્ટ, અગાઉની ડિસ્ચાર્જ સમરી અને પોલિસીના દસ્તાવેજો સંભાળીને રાખી મૂકવા, કારણ કે તમે પોલિસીનું પોર્ટિંગ કરાવો કે પછી કવરેજ વધારો ત્યારે એનો ઉપયોગ થઈ શકે છે.

૮) ઍડ-ઓન, રાઇડર્સ અને સારવારના ખર્ચ બાબતે મહત્તમ લાભ લેવાનું ચૂકશો નહીં ...

તમારી હાલની પોલિસી સાથેનાં ઍડ-ઓન (ઓપીડી, મેટરનિટી, ક્રિટિકલ ઇલનેસ, પર્સન ઍક્સિડન્ટ, રિસ્ટોરેશન બેનિફિટ, વગેરે) હજી પણ લાગુ છે કે કેમ અને એના માટે ચૂકવાતું પ્રીમિયમ સાર્થક છે કે કેમ એના વિશે વિચાર કરી લેવો.

પોલિસી રિન્યુ કરાવતી વખતે રાઇડર્સ (દા.ત. ક્રિટિકલ ઇલનેસ અથવા કંપનીએ આપેલું રિસ્ટોરેશન) કામનાં રહ્યાં ન હોય તો રાઇડર્સ કઢાવી નાખવાં, જેથી કુલ પ્રીમિયમમાં ઘટાડો થઈ શકે.

૯) અન્ય કંપનીના પ્લાન સાથે તુલના અને આવશ્યક પોર્ટિંગ

પોલિસીનું પોર્ટિંગ કરાવવાનો વિચાર હોય તો હાલની પોલિસી રિન્યુ કરાવવાની તારીખ આવે એની પહેલાં જ ઓછામાં ઓછા ૩૦થી ૪૫ દિવસ અગાઉ પોર્ટિંગ માટેની પ્રક્રિયા શરૂ કરાવી દેવી, જેથી હાલની પોલિસી સાથેના વેઇટિંગ પિરિયડ સહિતના લાભ નવી પોલિસી સાથે પણ મળતા રહે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

## પલાશ

### ફૂલ એક... ગુણ અનેક



હોળીના તહેવારોમાં બધાને કુદરતી રંગો અચૂક યાદ આવે. બધા ફૂલોમાં કુદરતી રંગો માટે જેનો સૌથી વધુ ઉપયોગ થાય છે તે છે પલાશનાં ફૂલ.

લાલચટક રંગના પલાશનાં ફૂલોને અંગ્રેજીમાં 'ફ્લેમ ઓફ ધ ફોરેસ્ટ' અર્થાત્ એને 'જંગલની જ્વાળા' તરીકે ઓળખવામાં આવે છે... જોકે પલાશનાં ફૂલોની કે પલાશનાં વૃક્ષની માત્ર આટલી જ ઓળખાણ પૂરતી નથી. પલાશ ઔષધીય ગુણોનો ભંડાર છે. અનેક સમસ્યાઓની આયુર્વેદિક સારવારમાં તેનો ઉપયોગ થઇ શકે છે. પલાશની છાલ, પાંદડાં, ફૂલો, બીજ, ગુંદર અને મૂળનો ઉપયોગ આયુર્વેદમાં દવા તરીકે થાય છે.

પલાશનાં એટલા ઔષધીય ઉપયોગો છે કે જાણીને આશ્ચર્ય થાય. પલાશના સ્વાસ્થ્યવર્ધક ગુણધર્મોના આધારે, આયુર્વેદમાં તેનો ઉપયોગ કયા રોગો માટે થાય છે, ચાલો તેના વિશે વિગતવાર જોઈએ.

#### મોતિયામાં ફાયદાકારક

પલાશના મૂળનો તાજો અર્ક કાઢીને એક એક ટીપું આંખોમાં નાખવાથી મોતિયા, રતાંધળાપણું વગેરે જેવા આંખના તમામ પ્રકારના રોગોમાં રાહત મળે છે.

#### નાકમાંથી લોહી નીકળવામાં રાહત

૧૦૦ મિલી ઠંડા પાણીમાં ૫-૭ પલાશનાં ફૂલો પલાળીને, તેને ગાળીને સવારે થોડી ખડી સાકર ઉમેરીને પીવાથી નાકમાંથી લોહી નીકળવાનું બંધ થાય છે.

#### ગોઇટર માટે ફાયદાકારક છે

પલાશનાં મૂળને ઘસીને કાન નીચે લગાવવાથી ગોઇટર માટે ફાયદાકારક સાબિત થાય છે.

#### ભૂખ વધારવામાં મદદરૂપ

પલાશનાં ઝાડનાં તાજા મૂળમાંથી રસ કાઢીને તેના અર્કના ૪-૫ ટીપાં નાગરવેલનાં પાન પર નાખીને ખાવાથી ભૂખ વધે છે.

#### પેટના દુખાવામાં રાહત

પલાશનાં ઝાડની છાલ અને સૂંઠનો ઉકાળો અથવા પલાશનાં ઝાડનાં પાંદડાંનો ઉકાળો બનાવો. આ ઉકાળો દિવસમાં બે વાર ૩૦-૪૦ મિલી પીવાથી પેટ ફૂલવું અને પેટદર્દમાં રાહત મળે છે.

#### પેટના કૃમિ દૂર કરે છે

* દિવસમાં બે વાર એક ચમચી પલાશના બીજનો પાવડર ખાવાથી પેટના બધા જ કૃમિ મરી જાય છે અને તે બહાર નીકળી જાય છે.

* પલાશનાં બીજ, નિસોથ, કિરમાણી અજમો, કબીલા અને વાવડીંગને સમાન માત્રામાં ભેળવીને ૩ ગ્રામ ગોળ સાથે આપવાથી તમામ પ્રકારના કૃમિ નાશ પામે છે.

#### ઝાડામાં ફાયદાકારક

એક ચમચી પલાશનાં બીજનો ઉકાળો એક ચમચી બકરીના દૂધમાં ભેળવીને ભોજન પછી દિવસમાં ત્રણ વખત પીવાથી ઝાડામાં ફાયદો થાય છે. આ સમય દરમિયાન, તમારે ફક્ત બકરીનું ઉકાળીને ઠંડુ કરેલું દૂધ અને ભાત જ ખાવા જોઈએ.

#### પજવતા પાઈલ્સથી રાહત

૧-૨ ગ્રામ પલાશ પંચાંગની ભસ્મને હૂંફાળાં ઘીમાં ભેળવીને પીવડાવવાથી લોહીવાળા હરસ માટે ખૂબ જ ફાયદાકારક છે. થોડા દિવસો સુધી તેનું નિયમિત સેવન કરવાથી મસા સુકાઈ જાય છે.

- પલાશનાં પાનને ઘી સાથે પકાવીને દહીં સાથે ભેળવીને ખાવાથી હરસ માટે ફાયદો થાય છે.

#### પેશાબની સમસ્યાઓ દૂર કરે છે

પલાશનાં ફૂલોને ઉકાળીને, પીસીને, સૂકવીને પેડુ પર બાંધવાથી પેશાબની તકલીફ અને સોજામાં ફાયદો થાય છે.

#### ડાયાબિટીસ અથવા ગોનોરિયાને નિયંત્રિત કરે

પલાશની કળીઓને છાયામાં સૂકવીને, પીસીને ગાળીને, તેમાં ગોળ ભેળવીને સવારે ૯ ગ્રામ જેટલું સેવન કરવાથી ગોનોરિયાની સારવારમાં ફાયદો થાય છે.

પલાશ કુદરતી ડિટોક્સિફાયર તરીકે કામ કરે છે. તે શરીરમાંથી હાનિકારક ઝેરી તત્ત્વોને બહાર કાઢે છે, લીવરના કાર્યને ટેકો આપે છે અને લોહીને શુદ્ધ કરે છે. આ પાચન, ત્વચાના સ્વાસ્થ્ય અને એકંદર સુખાકારીમાં કુદરતી રીતે સુધારો કરે છે.

તે ઉપરાંત, સાંધાના દુખાવા, હાથીપગો, સોજો ઓછો કરવામાં, ઘા ભરવામાં, વીંછી ડંખે તેમાં અને કામશક્તિ વધારવામાં પણ પલાશ ઉપયોગી છે. પલાશ સ્ત્રી હોર્મોન્સને સંતુલિત કરીને માસિક ચક્રને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે પેટના ખેંચાણને શાંત કરે છે, સ્વસ્થ રક્તસ્રાવમાં મદદ કરે છે. અનિયમિત માસિક સ્રાવની સમસ્યાઓનો સામનો કરતી સ્ત્રીઓમાં સરળ અને સમયસર માસિક સ્રાવને પ્રોત્સાહન આપે છે અને રક્તપિત્તમાં પલાશના બીજમાંથી બનાવેલ તેલ લગાવવાથી ફાયદો થાય છે.

પલાશ એક કુદરતી મૂત્રવર્ધક પદાર્થ અને એન્ટીબેક્ટેરિયલ ઔષધિ તરીકે કામ કરે છે. તે પેશાબની નળીઓમાંથી ચેપ પેદા કરતા બેક્ટેરિયાને બહાર કાઢે છે, બળતરા ઘટાડે છે અને યુરીનરી ટ્રેક ઇન્ફેક્શન દરમિયાન સરળ અને સ્વસ્થ પેશાબમાં સહાયક બને છે.

પલાશ થાઇરોઇડ હોર્મોન્સને સંતુલિત કરે છે અને ગ્રંથીઓને સ્વસ્થ કરવામાં મદદ કરે છે. તે થાક, વજનની સમસ્યાઓ અને મૂડ સ્વિંગ જેવાં લક્ષણોને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેની ડિટોક્સિફાઇંગ ક્રિયા ચયાપચય અને અંતઃસ્રાવી કાર્યને સુધારે છે.

-અને છેલ્લે, આટલું પણ ધ્યાનમાં રાખો...

પલાશનો ઉપયોગ કરતા પહેલા આયુર્વેદાચાર્યની સલાહ અવશ્ય લેવી, ગર્ભવતી મહિલાઓએ તબીબની સલાહ વિના પલાશનો ઉપયોગ ટાળવો જોઈએ.

બાળકો માટે પલાશનો ઉપયોગ ઓછી માત્રામાં અને તબીબની દેખરેખ હેઠળ કરવો જોઈએ. વિરામ લીધા વિના લાંબો સમય તેનો ઉપયોગ ટાળવો જોઈએ. કોઈ બળતરા કે એલર્જી હોય તો પણ ઉપયોગ હિતકારક નથી. ■



feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# પ્રાકૃતિક શર્કરા - ઈનોસિટોલ




**માનવ** શરીર એક અત્યંત જટિલ અદ્‌ભુત અને સ્વને સ્વસ્થ રાખનારું એક કારગર મશીન છે જે પોતે દરેક સેકંડમાં અઢી કરોડ નવી કોશિકાઓ બનાવે છે. સ્ટીલ જેવા મજબૂત હાડકાંઓ અને એક લાખ કિલોમીટર લાંબી રક્તવાહિનીઓ છે. લીવર જેવા અંગ જે પોતે જ પોતાને પુનર્જીવિત કરી શકે છે. મસ્તિષ્કનું વજન બે ટકા જેટલું છે જે ઓક્સિજન અને રક્તનો વીસ ટકા જેટલો ઉપયોગ કરે છે. માનવ શરીર એક ઢાંચું છે એવું નહીં પણ પ્રકૃતિનું એક અનોખું અને બુદ્ધિમાન નિર્માણ છે, જે પોતે જ ઊર્જા ઉત્પન્ન કરે છે. લગભગ બધી જ પરિસ્થિતિમાં જીવિત રહેવાની અદ્‌ભુત ક્ષમતા છે. આ નૈતિક શરીરને સંવેદન પણ છે. આ બધી જ પ્રક્રિયા માનવ શરીર અંદર થાય છે. સ્વાદ પરખ, અવાજ, સાંભળવાની શક્તિ, ભાવના, લાગણી વગેરે. શરીર પોતાનું કાર્ય સરળતાથી કરે છે. માનવી પોતે જ અપ્રાકૃતિક બને ત્યારે જ શરીરનાં અવયવોમાં તકલીફ થાય અને તે બહાર ભૌતિક રીતે લક્ષણો દેખાય છે. પૂરતાં પ્રમાણ વિટામિન, પ્રોટીન અને ફેટ ન મળે તો તેની મૂળ સ્થિતિ વિપરીત થાય અને શરીરમાં બીમારીના લક્ષણ દેખાય છે.

શરીરને ઊર્જા માટે એક પ્રકારની શર્કરાની આવશ્યકતા હોય છે. જે શરીર આહારમાંથી મેળવે છે તે શરીરના રસાયણો દ્વારા પ્રક્રિયાથી થાય છે. આ શર્કરાથી કોશિકાઓનો વિકાસ અને વૃદ્ધિ થાય છે. આવી જ એક શર્કરા શરીરમાં ઉત્પન્ન થાય છે તે ઈનોસિટોલ છે. આ શર્કરા દ્વારા શરીર કોશિકાઓની સંરચના થાય છે જે સ્વાભાવિક રીતથી ઉત્પન્ન થાય છે. શોધકર્તાઓ દ્વારા એવું જણાયું કે ઈનોસિટોલ મેટાબોલિક સિંડ્રોમ, પોલીસિસ્ટિક ઓવરી સિંડ્રોમ અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓમાં કામ કરે છે. આ ઈનોસિટોલે વિટામિન બી-આઠ પણ કહે છે, પણ આ વાસ્તવમાં વિટામિન નથી પણ શરીરમાં મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. મસ્તિષ્કમાં ઈન્સ્યુલીન અને સંદેશાવાહકના કામને પણ પ્રભાવિત કરે છે. ચયાપચય અને માનસિક સ્વાસ્થ્યની સ્થિતિને પણ નિયંત્રિત કરે છે. ગર્ભાવસ્થા દરમિયાન મધુમેહ પર નિયંત્રણ, હાઈકોલેસ્ટ્રોલ પર નિયંત્રણ પણ કરે છે.

સ્ત્રીઓ પીસીઓડી માટે ઈનોસિટેલનું સપ્લિમેન્ટ લે છે. જે ઘણીવાર સારું પરિણામ આપતું નથી. હજારો રૂપિયા ખર્ચથી પણ આ સપ્લિમેન્ટ કામ કરતું નથી. છતાં પણ સ્ત્રીઓ સપ્લિમેન્ટ પર સપ્લિમેન્ટ લે છે. આ સમસ્યા શરીરમાં ઈન્ફલેમેશન (એક પ્રકારની બળતરા)ના કારણે થાય છે. આ બળતરા થાય જેના કારણે અવસાદ, મૂળ બગડવો, ડોપામાઈમની કમી, ખુશીનો અભાવ, થકાવટ, ગર્ભાવસ્થા દરમિયાન એક પ્રકારનો ડર, થાઈરોઈડ, ઈન્સ્યુલીનની કમી થવી વગેરે છે.

ઈનોસિટોલ એક પાવરફૂલ એલિમેન્ટ છે. શરીરમાં એસિડિટી થવાને કારણે કે બળતરા થવાના કારણે થાય છે. એસિડિટી માટે જવાબદાર છે. બહારનું સ્પાયસી ફૂડ જેમ કે પાણીપુરી, અલગ અલગ ચાટ, કેચપ, ચાઈનીસ ફૂડ, ચીપ્સ, પીઝા, બર્ગર, ચોકલેટ, સુગરી ડ્રીંક, ડબ્બાના ફૂડ, આઈસક્રીમ જેવા અખાદ્ય પદાર્થનો વપરાશ. જેના કારણે શરીરને પૂરતા પ્રમાણમાં પ્રોટીન મળતું નથી. આ ફાસ્ટ ફૂડને પચાવવા શરીરને વધુ પ્રમાણમાં HCL (હાઈડ્રોકલોરિક એસિડ) બનાવવું પડે છે જે શરીરમાં એસિડિટી નિર્માણ કરે છે. જેના કારણે શરીરનું કેલ્શિયમ, વિટામિન-બી અને વિટામિન-ડી ખોરવાય છે.

સેલમાં કેલ્શિયમ હોય છે, જ્યારે કેલ્શિયમ બહાર નીકળે તેની સાથે ઈન્સ્યુલીન પણ બહાર નીકળે છે. જેથી ઈનોસિટોલ સેલમાંથી માયો-ઈનોસિટોલ અને ડી-ચિરો ઈનોસિટોલ એ બે ભાગમાં વહેચાય છે. જે કેલ્શિયમને ધક્કો મારે છે અને કેલ્શિયમ ઈન્સ્યુલીનને રોકેટની જેમ બહાર કાઢે છે. જેથી ઈન્સ્યુલીન રેજિસ્ટન્ટ ઓછું થાય છે. ઈનોસિટોલની ઓછપને લીધે સેરેટોનીન અને ડોપામાઈનની ઓછપ થાય છે જેને કારણે મૂડ બગડે, જીવવાની ઈચ્છા ન થાય, ડિપ્રેશન, એન્ઝાઇટી થાય છે. આ બધી સમસ્યાઓથી બચવા માટે ઈનોસિટોલનું નિયંત્રણમાં હોવું જરૂરી છે. ઈનોસિટોલની ઓછપ થવાને કારણે લોકો બહારથી સપ્લિમેન્ટ લે છે જેના પરિણામ સારા નથી. હજારો રૂપિયા બરબાદ થાય છે.

શરીરમાં ઈનોસિટોલની ઓછપ દૂર કરવા માટે સપ્લિમેન્ટની જગ્યા શક્કરટેટી (મસ્ક મેલન) બસો ગ્રામ જેટલું ખાઈ લેવાથી લગભગ છસોથી સાતસો એમજી જેટલું ઈનોસિટોલ મળી રહે છે. જે હજારો રૂપિયા ખર્ચવાથી નથી મળતું પણ વીસથી ત્રીસ રૂપિયાની શક્કરટેટીમાં મળી રહે છે. લીલા પાંદડાવાળી વનસ્પતિ, પપનસ, બ્રાઉન રાઈસ, પીચ અને થૂલું ખાવાથી ઘણુંય મળી રહે છે. સંતરા, બોર્લી, ઓટ્સમાં પણ મળે છે.

ઈનોસિટોલ ગ્લુકોઝ એક પ્રાકૃતિક આઈસોમર છે જે ખાદ્ય-પદાર્થમાં ઘણું મળી રહે છે. સિઝોફ્રેનિયા પ્રીમેન્સ્ટ્રુઅલ સિંડ્રોમ જેવી પરિસ્થિતિથી પણ લડી શકે છે. અપ્રાકૃતિક ભોજન બંધ કરી દેવાથી આ સમસ્યાનો હલ થાય છે. ■

feedback@bombaysamachar.com

વિશેષ

દિક્ષિતા મકવાણા

# ઉનાળામાં ઠંડકનો અહેસાસ...

જો તમે પણ આ ઉનાળામાં કંઈક સ્વસ્થ, સ્વાદિષ્ટ અને તાજગીભર્યું અજમાવવા માગતા હો, તો ઘરે બનાવેલ સુગર-ફ્રી આઈસક્રીમ તમારા માટે યોગ્ય પસંદગી છે. તે બનાવવામાં જેટલી જ મજા આવે છે તેટલું જ સરળ છે. સૌથી સારી વાત એ છે કે, તેને ખાધા પછી તમને ચિંતા થશે નહીં. ચાલો આ સ્વસ્થ, સુગર-ફ્રી આઈસ્ક્રીમ બનાવવાની સરળ રેસીપી શોધીએ.

ઉનાળાની ઋતુ આવતાની સાથે જ વ્યક્તિ ઠંડી વાનગીઓની ઝંખના કરવા લાગે છે. આકરો તડકો, વધતા તાપમાન અને પરસેવાથી ભરેલા દિવસોમાં જો કોઈ વસ્તુ સાચી સાંત્વના આપે છે, તો તે છે ઠંડકની અનુભૂતિ. આવા સમયમાં ‘આઈસક્રીમ’ નો ફક્ત ઉલ્લેખ બાળકોથી લઈને પુખ્ત વયના લોકો સુધી દરેકના ચહેરા પર સ્મિત લાવે છે.

જો કે મોટાભાગની આઈસક્રીમ ખાંડ, પ્રિઝર્વેટિવ્સ અને બિનઆરોગ્યપ્રદ ચરબીથી ભરેલી હોય છે, જે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે હાનિકારક સાબિત થઈ શકે છે.

આ જોતાં જો તમે તમારા સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માગતા હો, તો સુગર-ફ્રી આઈસક્રીમ એક ઉત્તમ વિકલ્પ તરીકે કામ કરે છે. તે માત્ર સ્વાદિષ્ટ જ નથી પણ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ પણ ખૂબ ફાયદાકારક છે.

સૌથી સારી વાત એ છે કે તમે તમારી પસંદગીઓ અને આહારની જરૂરિયાતોને અનુરૂપ ઘટકોનો ઉપયોગ કરીને તેને ઘરે સરળતાથી બનાવી શકો છો. અહીં અમે તમારી સાથે આ સ્વસ્થ આઈસ્ક્રીમ બનાવવાની રેસીપી શેર કરીશું.

આ આઈસક્રીમ માત્ર અતિ સ્વાદિષ્ટ જ નથી પણ સંપૂર્ણપણે સુગર-ફ્રી પણ છે. આ આઈસક્રીમ ઉત્તમ સ્વાદ અને સ્વાસ્થ્યના લાભોનું સંપૂર્ણ મિશ્રણ આપે છે,આનો અર્થ એ છે કે તમે ઉનાળા દરમિયાન આ આઈસક્રીમનો સ્વાદ કોઈ પણ ચિંતા વગર માણી શકો છો!



## કેળા આઈસક્રીમ

તમે ઘરે સરળતાથી કેળા આઈસક્રીમ બનાવી શકો છો. આ માટે તમારે ૨ પાકેલા કેળા, ૧/૨ કપ દૂધ (અથવા બદામનું દૂધ) અને ૧/૨ ચમચી વેનીલા એસેન્સની જરૂર પડશે. પહેલા કેળાના ટુકડા કરો અને તેને ૪થી ૫ કલાક માટે ફ્રીઝ કરો.

હવે તેને દૂધ અને વેનીલા એસેન સાથે બ્લેન્ડરમાં મૂકો અને જ્યાં સુધી તમને સ્મૂધ પેસ્ટ ન મળે ત્યાં સુધી બ્લેન્ડ કરો. તેને ફરીથી એક કલાક માટે ફ્રીઝ કરો, પછી ઠંડુ કરીને પીરસો.

## મેંગો દહીં આઈસક્રીમ

મેંગો દહીં આઈસક્રીમ બનાવવા માટે, ૧ કપ કેરીનો પલ્પ, ૧/૨ કપ જાડું દહીં અને ૧થી ૨ ખજૂર (કુદરતી મીઠાશ માટે) લો. આ બધી સામગ્રીને બ્લેન્ડરના જારમાં નાખો અને તેને એકસાથે બ્લેન્ડ કરો. હવે આ મિશ્રણને આઈસક્રીમ ટ્રે અથવા ‘કુલ્ફી’ મોલ્ડમાં રેડો અને ૫થી ૬ કલાક માટે ફ્રીઝ કરો. તેને સ્કૂપ કરો અને પીરસો.





## સ્ટ્રોબેરી કોકોનટ આઈસક્રીમ

સ્ટ્રોબેરી કોકોનટ આઈસક્રીમ બનાવવા માટે તમારે ૧ કપ તાજી અથવા ફ્રોઝન સ્ટ્રોબેરી, ૧/૨ કપ નારિયેળનું દૂધ અને ૨થી ૩ ખજૂરની જરૂર પડશે (કુદરતી મીઠાશ માટે). પહેલા સ્ટ્રોબેરીના ટુકડા કરો અને તેને ૨થી ૩ કલાક માટે ફ્રીઝ કરો. હવે સ્ટ્રોબેરી, નારિયેળનું દૂધ અને ખજૂરને બ્લેન્ડરમાં મૂકો. મિશ્રણ સ્મૂધ અને ક્રીમી બને ત્યાં સુધી બ્લેન્ડ કરો. મિશ્રણને એક કન્ટેનરમાં રેડો અને ૪થી ૫ કલાક માટે ફ્રીઝ કરો, પછી તેને સ્કૂપ કરીને ઠંડુ કરીને પીરસો.



## ચોકલેટ પીનટ બટર આઈસક્રીમ

આ આઈસક્રીમ તૈયાર કરવા માટે તમારે ૨ ફ્રોઝન કેળા, ૧ ચમચી પીનટ બટર અને ૧ ચમચી કોકો પાવડરની જરૂર પડશે. હવે બધી સામગ્રીને એકસાથે બ્લેન્ડ કરો. જ્યાં સુધી તે ક્રીમી ટેક્સચર ન મેળવે ત્યાં સુધી મિક્સ કરો.

તમે તેને તરત જ ખાઈ શકો છો, અથવા જો તમે ઇચ્છો તો તમે તેનો આનંદ માણતા પહેલા તેને થોડા સમય માટે ફ્રીઝ કરી શકો છો. આ ઉત્તમ સ્વાદ અને સ્વાસ્થ્યના લાભોનું સંપૂર્ણ મિશ્રણ આપે છે, જે ઉનાળાના મહિનાઓ દરમિયાન તમને તાજગી આપે છે. ■

feedback@bombaysamachar.com

ફોકસ

નિધિ ભટ્ટ

# સ્વાદિષ્ટ ખોરાક પણ સુગર વધારે છે!

**સામાન્ય** રીતે એવું માનવામાં આવે છે કે મીઠાઈઓનું વધુ પડતું સેવન ડાયાબિટીસ તરફ દોરી શકે છે. ડાયાબિટીસના દર્દીઓને સામાન્ય રીતે ખાંડવાળા ખોરાક ટાળવાની સલાહ આપવામાં આવે છે, પરંતુ કેટલીક સ્વાદિષ્ટ વસ્તુઓ એવી છે જે તમારા બ્લડ સુગરના સ્તરને પણ અસર કરી શકે છે. નિષ્ણાતોએ આ બાબત પર પ્રકાશ પાડ્યો છે. ડાયાબિટીસના દર્દીઓને મીઠાઈઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવે છે; જો કે તેઓ ઘણીવાર મીઠાથી બનેલા સ્વાદિષ્ટ ખોરાક અથવા ખોરાક ટાળતા નથી. પરંતુ શું તમે જાણો છો કે કેટલાક સ્વાદિષ્ટ ખોરાક એવા છે જે શરીરમાં બ્લડ સુગરના સ્તરને ઝડપથી વધારી શકે છે? સ્વાદિષ્ટ વસ્તુઓ સુગરના સ્તરને કેવી રીતે વધારી શકે છે? ક્યા ચોક્કસ ખોરાક સૌથી વધુ જોખમ ઊભું કરે છે? ચાલો નિષ્ણાતો પાસેથી જાણીએ.

ખ્યાતનામ હૉસ્પિટલના સિનિયર રેસિડેન્ટ ડૉક્ટરનુંકહેવું છે કે લોકો ઘણીવાર ધારે છે કે સ્વાદિષ્ટ વસ્તુઓ ખાવાથી કોઈ સ્વાસ્થ્ય જોખમ નથી અને તેનાથી બ્લડ સુગરનું સ્તર વધતું નથી. જો કે આવું નથી. કેટલાક સ્વાદિષ્ટ ખોરાકમાં છુપાયેલી ખાંડ હોઈ શકે છે. ખાસ કરીને પેકેજ્ડ અને પ્રોસેસ્ડ ખોરાક ખાવાથી બ્લડ સુગરનું સ્તર વધે છે. ડાયાબિટીસના દર્દીઓએ આવા ખોરાકને સખત રીતે ટાળવાની જરૂર છે.

**કયા નમકિન ફૂડ્સ બ્લડ સુગરનું સ્તર વધારે છે?**

ઘણી પેકેજ્ડ પ્રોડક્ટ્સમાં છુપાયેલી ખાંડ હોય છે. ઉદાહરણ તરીકે ફરસાણ નાસ્તા, ચિપ્સ અને ખારા બિસ્કિટમાં ઘણીવાર ખાંડ અથવા વિવિધ પ્રિઝર્વેટિવ્સ હોય છે જે બ્લડ સુગરના સ્તરમાં વધારો કરે છે. આ ઉત્પાદનોમાં ખાંડ અને મકાઈની ચાસણી જેવા ઘટકો ઉમેરવામાં આવે છે જેથી તેમની શેલ્ફ લાઇફ લંબાય. આ બધી વસ્તુઓમાં ખાંડ હોય છે - ભલે તે ખાવામાં સ્વાદિષ્ટ લાગે. પરિણામે આ ખોરાક શરીરમાં ગ્લુકોઝનું સ્તર ઝડપથી વધારી શકે છે, જેનાથી બ્લડ સુગર નિયંત્રણનું સંચાલન મુશ્કેલ બને છે. ડાયાબિટીસથી પીડાતા લોકો માટે તે ખાસ કરીને ખતરનાક બની શકે છે.

**ખારા નાસ્તા ખાતા પહેલા લેવા માટેની સાવચેતીઓ**

ડૉક્ટરની સલાહ મુજબ જો તમને ડાયાબિટીસ છે અને તમે ખારા નાસ્તાનું સેવન કરવાનું વિચારી રહ્યા છો, તો તમારે તપાસ કરવી જોઈએ કે ઘટકોમાં ‘એડેડ સુગર’ સૂચિબદ્ધ છે કે નહીં. જો આવું લખેલ હોય, તો વસ્તુનું સેવન મર્યાદિત માત્રામાં કરો અથવા તેને સંપૂર્ણપણે ખાવાનું ટાળો. વધુમાં ધ્યાનમાં રાખો કે જો તમને ડાયાબિટીસ ઉપરાંત હાઈ બ્લડ પ્રેશરની પણ તકલીફ હોય, તો તમારે ખારા એટલે કે નમકિન ખોરાકનું સેવન કરવાનું સંપૂર્ણપણે ટાળવું જોઈએ. જો તમને નાસ્તો કરવાની ઈચ્છા થાય, તો તેના બદલે લીંબુ પાણી અથવા નારંગી જેવા વિકલ્પો પસંદ કરો. ■



feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ખુદને પરવાહ નહી કી ખુદકી જાનકી ઓર બચાઈ ઉસને રામકી જાનકી...




‘તમે બંને આમ કોઈના બેસણામાં બેઠા હો એવું મોઢું કરી કેમ બેઠા છો?’ જેલરને અને ઈન્સ્પેક્ટરને મેં પૂછ્યું

‘કોઈના નઈ અમારા જ બેસણામાં બેઠા છીએ, આજે કેદીઓ જેલમાં હનુમાન જયંતી હોવાથી રામલીલા રમવા લાગ્યા.’

‘વા...ઉ વોટ એ સરપ્રાઈઝ?’

‘એ સરપ્રાઈઝની સગલી... જે હનુમાનજી બનેલો એ જંગલમાં સંજીવનીવટી લેવા ગયો એ હજી પાછો નથી આવ્યો.’

‘બાપરે એ તો બચી ગયા નઈતર રામ લક્ષ્મણ વનમાં જશે તો એ પણ...’

આજે તમે નઈ જાણી હોય એવી રામ- હનુમાનની વાત જણાવું.

બન્યું એવું કે એ દિવસે ‘હે મારા હૃદયના રામ’ હનુમાન બોલ્યા ‘રામનવમીના દિવસે આપના ભક્તોનું દર્શનનું પ્રદર્શન જોયું ને મારી સોલીડ ખચકેલી.’

‘હ-નુ-મં-ત’ રામે એવી ત્રાડ પાડી કે વૃક્ષો ડોલ્યાં પાંદડાં ધ્રુજ્યાં ખર્યાં:

‘મારા પ્રિય ભક્તોના દર્શનને તું પ્રદર્શન કહે છે તારી વાણીને કાબૂમાં રાખ અરે જે ભક્તો નતમસ્તકે મારી પ્રાર્થના કરે છે એ ભક્તોને તું પ્રદર્શન... છટ.’

‘અરે પ્રભુ. એ નતમસ્તકે વોટ્સએપ ચેક કરે છે અરે યુ નો એ ભૂલી જ ગયો ક્યાં બેઠો છે. એ તો તમને પણ લખશે ‘પ્રભુ તમને સુખી રાખે’ અને જેણે રામનવમીએ રામરક્ષાસ્તોત્ર ગાયા એ જ ટોળું હનુમાનજયંતીએ હનુમાનચાલીસા ને બ્યુટીફૂલ કાંડ ગાશે.’

‘હેં! બ્યુટીફૂલ કાંડ’?’ રામ ચમક્યાં

‘એટલે સુંદરકાંડ પ્રભુ, અરે જે ભક્તો રામનવમીએ રામકૃપા માગતા હતા એ ટોપાભક્તો હનુમાનજયંતીના દિવસે હનુમાન કૃપા માગશે. હવે નક્કી કરવાનું છે કે કોણ કૃપા ઉતારે તમે કે હું?’

‘તું જ નક્કી કર તું પણ ભગવાન તો જ છે ને?’

‘અરે પ્રભુ આ લોકો ક્યારેય માગણીઓથી ધરાતા જ નથી. એની ઊંચાઇ કરતા એની ઈચ્છાઓની ઊંચાઇ વધુ છે. એને બધુ માગવું છે. પણ આપવામાં? એ ફૂલ આપી બગીચો માગે છે. એને એ વિચાર કેમ નથી આવતો કે શ્રીરામ માટે મુગટ કે ધનુષ્યબાણ કે હનુમાનજી માટે સારી ક્વોલીટીની ગદા કે લંગોટ લઇ જાઉં.’

‘અરે હનુ બકા, આ બંને શસ્ત્રો આઉટ ઓફ ડેટેડ થઇ ગયા ને હવે આપણે ક્યાં કોઈ સાથે મારામારી કરવી છે. હવે બજારમાં ક્યાં જોવા મળે છે...’

‘પ્રભુ આપ એની ફેવર ન કરો. જિંદગી પૂરી થાય ત્યાં સુધી માગ્યા જ કરશે.. ફૂલ ચડાવશે ને ફૂલ (મૂર્ખ) બનાવ્યા કરશે... પ્રભુ. તમે સરસ છો પણ સરળ થવામાં થોડા લોચા છે. ભગવાન હોવા છતાં પ્રાર્થના અને ભીખ વચ્ચેનો ભેદ ખબર નથી. તમે ભલે ભોળાનાથ નથી પણ ભોળા તો છો જ. કેટલાક બુદ્ધિના લઠ્ઠ પ્રભુ આપના મંદિરમાં ‘દર્શન દો ઘનશ્યામ આજ મોરી અખિયા પ્યાસી રે’ ગાય ત્યારે મારું હૈયું કળીએ કળીએ ન કપાય?’

‘અલ્યા ઘનચક્કર, આ ઘનશ્યામ છે? ના. એની બાજુમાં રાધા ઊભેલી દેખાય છે? ના. એના હાથમાં વાંસળી છે? ના મુગટ પર પીંછુ છે? ના. એને ક્યા એન્ગલથી અહીં ઘનશ્યામ દેખાયા? એને ધનુષ્ય આકારના હોઠ આપ્યા એટલે ગમે તે ગીતના બાણ છોડવાના? આ રામ છે? દેખાય છે?’

‘જો હનુ, તુ એનો સ્વભાવ નઈ ભાવ જો. એ ક્યારે નથી ગાતો કે ‘કભી રામ બનકે કભી શ્યામ બનકે ચલે આના પ્રભુજી ચલે આના’તો થોડીવાર આપણે શ્યામ બની જવાનું. ધનુષ્યના બદલે વાંસળી પકડી છે એમ વિચારવાનું. હમ સબ એક હૈ. તું શબ્દ નઈ ભાવ પકડ.’

‘સોરી પ્રભુ. હું તો કઉં છું આ માણસ જાત પર કેસ કરવો જોઈએ. તમારું પણ ભગવાનોમાં મોટું નામ છે. દરેક શુભ કામની શરૂઆત કરતી વખતે એ બોલે શ્રી ગણેશાય નમઃ ... કંકોતરીમાં પણ શ્રી ગણેશાય નમઃ લખે છે ‘શ્રી રામચન્દ્રાય નમઃ વાંચ્યું?’

‘શાંત બજરંગ શાંત... ભગવાન થઈ માણસ જેવા વિચાર આપણને ન શોભે.’

‘રિયલી આપના વિચારો ને ઉદારતાને ધન્યવાદ, છતાં એક પેટ છૂટી વાત કરું?’

‘પેટછૂટી હોય કે છાતીછૂટી. યુ આર માય ડિયરેસ્ટ એન્ડ નિયરેસ્ટ. બિન્દાસ બોલ.’

‘પ્રભુ, નાના મોઢે મોટી વાત પણ આ ચૌદ વર્ષ વનવાસ સ્વીકાર્યો. એ તો જબરું કેવાય અમારી માં તો ચૌદ દિવસ પણ જંગલની બહાર જવાનું કે તો ધડ કરતી ના પાડી દઈએ. અમને ગામમાં ન ફાવે. અમારા કોઈ બંદરને ૧૪ સેકંડ પણ એક ડાળ પર બેઠેલો જોયો? અમારું તન ને માણસનું મન બંને સરખા.૧૪ સેકંડ પણ જંપીને બેસવા ન દે. બંનેને જંપ નથી એટલે જમ્પ માર્યા કરે. છતાં બધાના સહકારથી માં જાનકીને રાવણને પાડવા પછાડવા બધા બંદર મિત્રોએ મદદ કરી ને સૌ સારા વાના થઈ ગયા. આઈ નો... વાઈફ ઇઝ ઓન્લી અવર લાઇફ. યે બાત આપકો ભી લાઇક કરની પડેગી.’

બીજા દિવસે રામે હનુમાનના માનમાં સન્માન સમારંભ રાખ્યો ને રામ બોલ્યા:

‘મારા ભક્તો રામ લક્ષ્મણ જાનકી ભલે બોલો પણ સાચું તો જય બોલો હનુમાનકી જ છે. અરે ખુદને પરવાહ નહિ કી ખુદકી જાનકી ઓર બચાઇ ઉસને મેરી જાનકી’ બોલી સન્માનપત્ર આપ્યું.

‘નહીં પ્રભુ, આપેજ કીધેલું આ શરીર ને નામથી માંડી સન્માન બધુ જ ઉધારનું છે. તમે ભલે ન કીધું પણ આઈ નો કે આપનું મૂળ નામ રામ નથી પણ જ્ઞાન, સીતાજીનું ભક્તિ ને લક્ષ્મણનું વૈરાગ ને રાવણનો અહંકાર છે. એમ મારું નામ પણ હનુમાન નથી પણ હણુમાન છે. આપણા મનને અને નામને માન જોઈએ છે. મળે તો ફુલાઈ જાય ને ન મળે તો પીડા થાય, એના કરતા માનની અપેક્ષાને જ હણી નાખીએ તો કોણ આપણું અપમાન કરે?’

‘અરે વાહ મારા હનુમાન, શું જ્ઞાન છે?’ હનુમાન રામનાં ચરણોમાં પડ્યાં. રામે ઊભા કરી ગળે લગાડયા ‘તારું સ્થાન મારા ચરણમાં નઈ મારા હૈયામાં છે.’

બોલો બજરંગબલી કી જય.


શું કહો છો? ■

feedback@bombaysamachar.com

**સ્વાસ્થ્ય સુધા**

**શ્રીલેખા યાજ્ઞિક**

# ગરમીમાં રસદાર મીઠી-મધુરી શક્કરટેટીના સ્વાદ-રસિયા બનો



ગરમીના દિવસો શરૂ થઈ ગયા છે. ગરમીમાં શરીરમાં પૂરતું પ્રવાહી જળવાઈ રહે તે માટે અનેક પ્રયોગો કરવામાં આવતાં હોય છે. તેમાં ઠંડું પીવાનું મન વારંવાર થતું હોય છે. શરીરમાં પૂરતાં પ્રમાણમાં પ્રવાહી જળવાઈ રહે તે માટે કુદરતે ખાસ કાળજી લીધી છે. રસદાર ફળો, રસદાર શાકભાજીની વિવિધતા ઉનાળામાં ખાસ જોવા મળે છે. જેમ કે તરબૂચ, શક્કરટેટી, કાકડી, તાડગોળા વગેરે ગણાવી શકાય. શક્કરટેટી માટે એવું કહેવાય છે કે મોસમી ફળનો ઉપયોગ જેટલો વધુ પ્રમાણમાં ગરમીના દિવસોમાં કરવામાં આવે છે, તેટલી જ વ્યક્તિને બીમારીથી બચવામાં મદદ મળે છે. શક્કરટેટી તેના સ્વાદ તથા તેમાં રહેલી મીઠાશને કારણે અત્યંત લોકપ્રિય ફળ ગણાય છે.

આયુર્વેદમાં શક્કરટેટીને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટેનું અત્યંત મહત્ત્વનું ફળ ગણવામાં આવે છે. તેમાં વિટામિન એ વિટામિન સી, કેલ્શિયમ, આયર્નની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી તેનો આહારમાં ઉપયોગ અત્યંત આવશ્યક ગણાય છે. વિવિધ રોગ જેવાં કે સ્કર્વી, મૂત્ર વિકાર, માથાનો દુખાવો, ચહેરા ઉપર કાળા-ડાઘ-ધબ્બા, વાળ ખરવા વગેરેમાં અત્યંત ગુણકારી ગણાય છે.

એવું કહેવાય છે કે ગરમીના દિવસોમાં તરબૂચ તથા શક્કરટેટીનો ઉપયોગ શરીરને હાઈડ્રેટ તથા ઠંડું રાખવા માટે ગુણકારી ગણાય છે. શક્કરટેટી શરીરને ખાસ પોષણની સાથે પાચનતંત્રને સુધારે છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે. ભારતમાં શક્કરટેટીની અનેક વિવિધતા જોવા મળે છે. તેમ છતાં તેમના ગુણોમાં ફેર જોવા મળતો નથી. તે જ પ્રમાણે તે વિવિધ રંગમાં જોવા મળે છે. જેમ કે લીલી, પીળી, સફેદ તથા નારંગી. શક્કરટેટીનું ફળ લાંબી વેલમાં ઊગતું હોય છે. તેની વેલ જમીન ઉપર તરબૂચની જેમ ફેલાયેલી મોટી જાડી જોવા મળે છે.

શક્કરટેટીમાં ૯૦ ટકા પાણીની માત્રા હોય છે. તેથી જ ગરમીના દિવસોમાં તેનું સેવન અતિ લાભદાયક ગણાય છે. તેના બીજમાં ૪૦-૫૦ ટકા તેલ સમાયેલું હોય છે. તેથી જ તેના બીજનો ઉપયોગ સૂકવીને ખાસ મીઠાઈમાં તથા મુખવાસમાં કરવામાં આવે છે.

શક્કરટેટીને વિવિધ ભાષાઓમાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે લેટિન ભાષામાં કુકુમિસ મેલો. સંસ્કૃતમાં મધુપાક, મધુફળ કે ષડ્ભુજા, હિન્દીમાં ખરબૂજા, મરાઠીમાં ખરબૂઝા કે ચિબુન્ડા, તમિલમાં વેલ્લરીકાઈ કે કાકરીક્કાયી, બંગાળીમાં ખરમૂજ કે ફૂટી, પંજાબીમાં ખરબૂજા, અંગ્રેજીમાં મેલન કે મસ્કમેલન.

## શક્કરટેટીના સ્વાસ્થ્યવર્ધક ગુણ

**આંખ માટે ગુણકારી :** શક્કરટેટીમાં બિટાકેરોટીન આંખોની તંદુરસ્તી માટે લાભકારક ગણાય છે. શક્કરટેટીમાં રહેલું બિટાકેરોટીન પાચનતંત્રમાં પ્રવેશતાં વિટામિન એમાં પરિવર્તિત થાય છે. જે મોતિયાબિંદુને રોકવામાં મદદ કરે છે. વિટામિન એ આંખોનું તેજ વધારવામાં ઘણું ફાયદાકારક ગણાય છે.

**વજન ઘટાડવામાં લાભકારી :** શક્કરટેટીમાં કેલરીની માત્રા ઓછી હોય છે. તથા ફાઈબરનું પ્રમાણ વધુ હોય છે. શક્કરટેટીના સેવન બાદ પાચનક્રિયા ધીમે ધીમે થાય છે. વળી તેમાં ૯૦ ટકા પાણીની માત્રા હોય છે. જે ભૂખને સંતોષવામાં મદદ કરે છે. લાંબા સમય સુધી અન્ય કાંઈ ખાવાની ઈચ્છા થતી નથી. આમ શક્કરટેટીનું સેવન વજન પ્રત્યે સજાગ વ્યક્તિ માટે લાભકારી બને છે.

**હૃદયના સ્વાસ્થ્ય માટે લાભકારી:** શક્કરટેટીમાં ઍડોનોસિન તથા પોટેશિયમની માત્રા સમાયેલી હોય છે. પોટેશિયમ શરીરમાં રહેલાં સોડિયમને નુકસાન પહોંચાડતું રોકે છે. બ્લડપ્રેશરને નિયંત્રીત કરવામાં મદદ કરે છે. વળી તેમાં રહેલું ઍડોનોસિન કાર્ડિયોવસ્ક્યુલર સિસ્ટમમાં રક્તપ્રવાહને જામી જતો રોકે છે. વળી ફૉલેટ હૃદયરોગના હુમલાથી બચાવવામાં મદદ કરે છે.

**વાળ માટે ફાયદાકારક :** લાંબા સમય સુધી વાળમાં તેલથી મસાજ કરવાનું ટાળવામાં આવે છે. વળી વારંવાર વાળમાં શૅમ્પૂ- કન્ડિશનર-જૅલનો ઉપયોગ સતત કરવાથી વાળની ચમક ઓછી થઈ જાય છે. વાળ વારંવાર ખરવા કે બરછટ બનવા લાગે છે. શક્કરટેટીમાં રહેલું વિટામિન બી વાળ માટે અત્યંત લાભદાયક ગણાય છે. વાળમાં શક્કરટેટીની પૅસ્ટ બનાવીને લગાવીને લગભગ ૩૦ મિનિટ રાખ્યા બાદ વાળ ધોવાથી વાળ મુલાયમ બને છે. ખરતાં વાળની સમસ્યાથી રાહત મેળવી શકાય છે.

**ફેંફસા માટે શક્કરટેટીનો ઉપયોગ લાભદાયક :** શક્કરટેટીનો વિવિધ રીતે ઉપયોગ ફેંફસા માટે લાભદાયક ગણાય છે. ધ્રુમપાન- વાયુ પ્રદૂષણ જેવાં કારણોને કારણે ફેંફસા નબળાં પડ્યાં હોય ત્યારે શક્કરટેટીનું સેવન તેની કાર્યક્ષમતા વધારવામાં મદદ કરે છે.

ફેંફસાને મજબૂતાઈ બક્ષવાનું કામ કરે છે. તેનું મુખ્ય કારણ છે શક્કરટેટીમાં વિટામિન એની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. અનેક કારણોને લીધે પ્રત્યેક વ્યક્તિના શરીરમાં ફેંફસા પોતાનું કામ ધીમું કરી દે છે. એટલે કે ફેંફસાં નબળાં પડી જતાં હોય છે. અધ્યયન દ્વારા જાણવા મળ્યું છે કે વિટામિન એની માત્રા શરીરમાં વધે તો ફેંફસાં વળી પાછા મજબૂત બનવા લાગે છે. શક્કરટેટીનું સેવન તેમાં રહેલાં પોષક તત્ત્વો તથા મિનરલ્સને કારણે શરીરને માટે લાભદાયક બને છે.

**હાડકાંને મજબૂત બનાવે :** વય વધવાની સાથે હાડકાંની ઘનતા ઘટવા લાગે છે. જેને કારણે ઘૂંટણમાં દુખાવો સાંધામાં સોજા જેવી સમસ્યા ઢળતી વયમાં જોવા મળે છે. શક્કરટેટીમાં ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે. શક્કરટેટીનું સેવન કરવાથી સાંધાના દુખાવામાં રાહત મેળવી શકાય છે. તેનું મુખ્ય કારણ ઑક્સિડેટીવ સ્ટ્રેસ ઘટે છે. જે સોજાને કારણે થતાં દુખાવામાં રાહત અપાવે છે.

**શક્કરટેટીની ખેતી :** સૌ પ્રથમ શક્કરટેટીની ખેતી ઈરાન, અનાતોલિયા તથા કાકેશસમાં થતી હતી. અફઘાનિસ્તાન તથા ભારતના ઉત્તર-પશ્ચિમ ભાગમાં થતી જોવા મળે છે. શક્કરટેટી ૬૫થી ૭૫ ફેરનહીટ ડિગ્રી તાપમાનમાં સૌથી વધુ મીઠાશ ધરાવતી પાકે છે. તેના માટે સૂકું વાતાવરણ વધુ અનુકૂળ ગણાય છે. કાળી માટી શક્કરટેટીની ખેતી માટે વધુ સારી ગણાય છે.

ખેતરમાં ક્યારા બનાવીને તેના બીજ રોપવામાં આવે છે. ધીમે ધીમે તેની વેલ જમીન ઉપર ફેલાવા લાગે છે. બિહાર, ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશમાં શક્કરટેટીની ખેતી મોટા પ્રમાણમાં થાય છે.

શક્કરટેટીનો વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવે છે. તેનો મિલ્કશૅક, તેનું પીણું, આઈસક્રીમ તથા સલાડમાં ઉપયોગ ખાસ કરવામાં આવે છે. શક્કરટેટીને સમારીને તેની અંદર કાચી કેરીના નાના ટુકડાં ભેળવવાથી તે અત્યંત સ્વાદિષ્ટ બની જાય છે.

મધ તથા ફૂદીના સાથે તેનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. ■



### શક્કરટેટીનો મિલ્કશૅક

૧ નંગ શક્કરટેટી, ૧ નાની ચમચી એલચીનો ભૂકો, ૧ મોટી ચમચી સાકર અથવા ૧ ચમચી મધ, ૨ મોટા ગ્લાસ દૂધ,

**બનાવવાની રીતઃ** શક્કરટેટીને સાફ કરીને તેના નાના ટૂકડાં કરી લેવાં. મિક્સરમાં ટૂકડાં ગોઠવવા. સાકર ભેળવવી. એલચી પાઉડર ભેળવવો. તેને એક વખત બરાબર વાટી લેવું. ત્યારબાદ તેમાં ધીમે ધીમે દૂધ ભેળવીને ફેરવવું. બરફના ટૂકડાં ભેળવીને મિલ્ક શૅક ઠંડો ઠંડો પીરસવો. ગરમીમાં અત્યંત ટાઢક આપશે.

---

feedback@bombaysamachar.com

**આરોગ્ય પ્લસ**

**સંકલનઃ સ્મૃતિ શાહ મહેતા**

# આ માત્ર ઋતુજન્ય રોગ નથી... આ બારે માસી છે...

ગળું પકડાઇ જવું, શરદી, કફ, ઉધરસ વગેરે શ્વાસનળી સંબંધી બીમારીઓ આપણને અનેકવાર થતી હોય છે એટલે લોકો એને મોસમી બીમારી ગણી હળવાશથી લેતા હોય છે અને તે બીમારી કયા કારણથી થતી હોય છે તેનાથી આપણે સાવ અજાણ હોઇએ છીએ. આપણને પ્રાય : એ ખ્યાલ જ નથી આવતો કે, બીમારી થવાનું કારણ શું છે.

આ બીમારીઓનો અભ્યાસ કરી, તેનાં કારણો શોધી, તે પ્રમાણે સાવધાની રાખીને ઉપચાર કરીશું તેનાથી જરૂર બચી શકીશું.

આ બીમારીઓ અનેક કારણોથી થતી હોય છે, માટે તેના ઉપચારો કારણ પ્રમાણે કરાય, પરંતુ તેમાં મોટા ભાગના ભૂલ કરતા હોય છે. જેમ કે, કોઇને પિત્ત કે વાયુને લઇને શરદી થઇ હોય અને ઉપચાર કફની શરદીનો કરે.

શ્વસનતંત્ર સંબંધી રોગ મોટા ભાગે વાઇરલ ઇન્ફેક્શનના કારણે થતાં હોય છે. ખરેખર તો વાઇરલ ઇન્ફેક્શનમાં એન્ટિબાયોટિક દવાઓ કાંઇ જ અસર કરતી નથી, છતાં પણ ભારતમાં આ રોગની સારવાર માટે એન્ટિબાયોટિક દવાઓ સહુથી વધારે વપરાય છે. તેનાં અમુક કારણો એવાં છે કે, કોઇવાર ચિકિત્સક ધન કમાવા માટે, તો કોઇકવાર તેની અજ્ઞાનતાના કારણે તે બિનજરૂરી દવાઓ આપતા હોય છે. અરે...! અમુકવાર તો એવું પણ બનતું હોય છે કે, દર્દી સાજા થવા માટે ચિકિત્સક પાસે દવાઓની અપેક્ષાઓ રાખતા હોય છે. તેથી ચિકિત્સકને બધો જ ખ્યાલ હોવા છતાં દર્દીની માનસિકતા સંતોષવા માટે બિનજરૂરી દવાઓ આપવા માટે લાચાર થવું પડે છે.


વિશ્વમાં આપણો દેશ વાઇરલ ઇન્ફેક્શનથી થતી બીમારીઓમાં હંમેશાં બિનઅસરકારક એવી એન્ટિબાયોટિક દવાઓ લેવામાં મોખરે છે. માટે હરખતા હૈયે આવી દવાઓ ખાતા એવા આપણે, શું જરા ચેતવું ન જોઇએ.

### શ્વસનતંત્ર સંબંધી બીમારીથી સાવચેત રહો...

**શરદી-કફ થવાનાં કારણો**

- **ગળું પકડાઇ જવું**
- **બેક્ટેરિયલ** → તાવ આવે અને લાંબા સમય સુધી રહે. જીભ સૂકી અને સફેદ રહે. સોજી ગયેલા કાકડા. લીલાશવાળો કફ
- **વાઇરલ** → મોટા ભાગે તાવ ન આવે અને ટૂંકા સમય પૂરતું જ રહે (પથી ૬ દિવસ)
- **આહાર** → વધુ ગળ્યું, ઠંડું કે ગરમ અને આથેલી વાનગીઓ જમવી
- **વાતાવરણ** → ઋતુ ફરે ત્યારે; એલર્જી (ધૂળ, ધુમાડો, અમુક વૃક્ષોની પરાગરજ, અમુક પ્રદેશ વગેરેની)
- **પિત્તની શરદી** → મોટા ભાગે પિત્ત અને વાયુ-પિત્ત પ્રકૃતિવાળાને થાય. ખાસ શરદઋતુમાં
- **અન્ય કારણો** → ચેપ લાગવો, ઉજાગરા, અજીર્ણ, કબજિયાત વગેરે

**લક્ષણ :**
માથું અને શરીર ભારે રહે.
ગળું બળે અને બેસી શકે.
શરીર ગરમ રહે અને તાવ આવવાની સંભાવના રહે.
છીંક ઓછી આવે
જો કફ હોય તો પીળો/લીલાશવાળો આવે.



**શરદી- કફના ઉપચારઃ**

**પિત્તના કારણે થયેલી શરદી-કફ :**

૧) ૧ ચમચી જેઠીમધ, ૧ ચમચી મધ અને અડધી ચમચી ઘી ભેગું કરી સવાર-સાંજ લેવું.

૨) કાળી દ્રાક્ષ અને સાકર મોઢામાં ચાવવી અને ચૂસવી.

૩) ૨ ચમચી ઘી અને ૧-૨ ચમચી સાકર સાથે ૨ કેળાં લેવાં.

૪) વધુ પિત્તના કારણે શરદી થઇ હોય તો ઠંડાં પ્રવાહી લઇ શકાય.

(ખસ, ગુલાબનું શરબત વગેરે...)

**વાત - કફના કારણે થયેલી શરદી-કફ :**

સૂંઠ, મરી અને પીપર સરખા ભાગે ભેગા કરી સવાર-સાંજ ૧ ચમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. અમુક દિવસમાં જ જમા થયેલ કફ નીકળવા લાગશે અને નવો કફ બનતો અટકશે.

સવાર-સાંજ બે જામફળ ખાવાથી વર્ષો જૂની શરદી પણ મટે છે.

ઉકાળેલું સૂંઠવાળું પાણી પીવું.

* ૧-૧ ચમચી આદુંનો રસ અને મધ સવાર-સાંજ લેવું.

* આદુંનો અને ફુદીનાનો ૧ કપ ઉકાળો લેવો.

* કાળાં મરી અને શેકેલી હળદરનું ૪ ગ્રામ જેટલું ચૂર્ણ ગરમ દૂધ સાથે લેવું.

* ફુદીનાના રસનાં ટીપાં નાકમાં નાખવાથી સળેખમ મટે છે.

* ૩-૩ ગ્રામ તુલસી અને આદુંનો રસ, ૧ ચમચી મધ સાથે લેવાથી કફ મટે છે.

આદુંનો રસ, લીંબુનો રસ અને સિંધવ મેળવી જમતાં પહેલાં લેવાથી કફ, શ્વાસ અને ઉધરસ મટે છે.

૧ મુઠ્ઠી શેકેલા હળદરવાળા ચણા ખાવા

લવિંગના તેલને રૂમાલમાં નાખી સૂંઘવું. ■


---

feedback@bombaysamachar.com

**વિશેષ**

**અનંત મામતોરા**

# જમતી વખતે પાણી પીવું જોઈએ કે નહીં?



શરીર માટે ખોરાક અને પાણી વચ્ચે સંતુલન જાળવવું જરૂરી છે. તેથી ભોજન પહેલાં ક્યારે અને કેટલા સમય પછી પાણી પીવું શ્રેષ્ઠ છે તે જાણવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ચાલો આ વિશે આયુર્વેદ શું કહે છે તે જાણીએ.

**પાણી ક્યારે પીવું જોઈએ?**

ખોરાક અને પાણી બંને શરીર માટે જરૂરી છે, પરંતુ ક્યારે અને કેવી રીતે પાણી પીવું તે સ્વાસ્થ્ય પર પણ અસર કરી શકે છે. આયુર્વેદ ખાવા અને પાણી પીવાના સમયને પાચન માટે મહત્ત્વપૂર્ણ માને છે. ખરાબ ખાવા-પીવાની આદતો પાચનતંત્ર પર અસર કરી શકે છે. ઘણા લોકો ભોજન દરમિયાન અથવા તરત જ પાણી પીવે છે, જ્યારે અન્ય લોકો દિવસ દરમિયાન ખૂબ ઓછું પીવે છે. આવી આદતો શરીરના કુદરતી પાચન સંતુલનને ખલેલ પહોંચાડી શકે છે. આનાથી પેટમાં ભારેપણું, ગેસ, અપચો, પેટનું ફૂલવું અથવા એસિડિટી જેવી સમસ્યાઓ થઈ શકે છે.

ઘણી વખત લોકો આ સંકેતોને સામાન્ય માનીને અવગણે છે. જો કે આવી આદતો લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો પાચન સમસ્યાઓ વધી શકે છે. તેથી ખાવા અને પાણી પીવા વચ્ચે સંતુલન જાળવવું મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે, જેથી પાચનતંત્ર યોગ્ય રીતે કાર્ય કરી શકે અને શરીર ખોરાકમાંથી પોષક તત્ત્વોને શોષી શકે. ચાલો જાણીએ કે ભોજન સાથે અથવા પછી કેટલું પાણી પીવું જોઈએ.

ભોજન સાથે અથવા પછી કેટલું પાણી પીવું જોઈએ? આયુર્વેદ શું કહે છે?

આયુર્વેદ અનુસાર ભોજન સાથે વધુ પડતું પાણી પીવાનું ટાળવું જોઈએ. જો જરૂર હોય તો ભોજન દરમિયાન થોડી માત્રામાં જ ગરમ પાણી પી શકાય છે.

સામાન્ય રીતે યોગ્ય પાચન સુનિશ્ચિત કરવા માટે જમ્યા પછી લગભગ ૩૦ મિનિટ પછી પાણી પીવું શ્રેષ્ઠ છે. તેવી જ રીતે ભોજન પહેલાં લગભગ ૩૦ મિનિટ પહેલાં પાણી પીવું પણ પાચન માટે સારું માનવામાં આવે છે.

આયુર્વેદમાં ખાધા પછી તરત જ વધુ પડતું પાણી પીવાની વિરુદ્ધ પણ સલાહ આપે છે, કારણ કે આ પાચનને અસર કરી શકે છે. વધુમાં ભોજન સાથે અથવા તરત જ ખૂબ ઠંડું પાણી પીવું જોઈએ નહીં. યોગ્ય સમયે અને મધ્યમ માત્રામાં પાણી પીવાથી પાચનમાં સુધારો થાય છે, ગેસ અને અપચો ઓછો થાય છે અને શરીરને હળવાશ અનુભવાય છે.

**ભોજન પછી તરત જ પાણી પીવાથી કઈ સમસ્યાઓ થઈ શકે છે?**

ભોજન પછી તરત જ વધુ પડતું પાણી પીવાથી પાચન પ્રક્રિયા પર અસર પડી શકે છે. આ પેટમાં પાચક રસને પાતળું કરી શકે છે, જેના કારણે ખોરાક યોગ્ય રીતે પચવામાં મુશ્કેલી પડે છે. આનાથી ઘણા લોકોને પેટમાં ભારેપણું, ગેસ, અપચો અથવા એસિડિટી જેવી સમસ્યાઓનો અનુભવ થઈ શકે છે.

કેટલાક લોકો ભોજન પછી સુસ્તી અથવા અસ્વસ્થતા પણ અનુભવી શકે છે. જો કે દરેક વ્યક્તિની પાચન ક્ષમતા અલગ હોય છે, તેથી શરીરના ક્રિયા-પ્રક્રિયાને સમજવું અને તે મુજબ ખાવાની આદતોને સમાયોજિત કરવી મહત્ત્વપૂર્ણ છે.

સારા પાચન માટે, ફક્ત પાણી પીવાનો સમય જ નહીં, પરંતુ એકંદર જીવનશૈલી પણ મહત્ત્વપૂર્ણ છે. ધીમે ધીમે ખાવાથી અને ખોરાકને સારી રીતે ચાવવાથી પાચન સુધરે છે. સંતુલિત આહાર, પૂરતું પાણી અને યોગ્ય દિનચર્યા પણ જરૂરી છે.

દૈનિક મધ્યમ શારીરિક પ્રવૃત્તિ અને પૂરતી ઊંઘ સ્વસ્થ શરીરને જાળવવામાં મદદ કરે છે. સંતુલિત આહાર અને દિનચર્યા લાંબા ગાળે શ્રેષ્ઠ પાચન કાર્ય જાળવવામાં મદદ કરી શકે છે. ■

---

feedback@bombaysamachar.com

**ટૂંકુ ને ટચ**

**રશ્મિ શુકલ**

# હાર્ટઅટેકની જેમ વધી રહ્યું છે બ્રેન સ્ટ્રોકનું જોખમ

**આજકાલ** અનિયમિત ખાણીપીણી અને લાઇફસ્ટાઇલને કારણે હાર્ટઅટેકનો ભોગ નાની ઉંમરનાં લોકો થઈ રહ્યાં છે. હૃદયને બચાવવામાં આપણે દિમાગની અવગણના કરવા લાગ્યા છીએ. ભારતમાં દર એક મિનિટે એકનું જીવન આજીવન વિકલાંગતા તરફ ધકેલાઈ રહ્યું છે. એનું કારણ છે બ્રેન સ્ટ્રોક.

આપણા દેશમાં જ્યારે પણ કોઈને હૃદયમાં દુખાવો ઊપડે તો આખો પરિવાર તેને લઈને હૉસ્પિટલમાં દોડે છે. જોકે જ્યારે કોઈનો ચહેરો વાંકો થઈ જાય, અવાજ ગબડવા મંડે, હાથ-પગ સૂન્ન થઈ જાય, તો એને લકવા સમજીને માલિશ અથવા ઘરગુથ્થી ઉપાયો અજમાવીને સમયની બરબાદી કરવામાં આવે છે. આને કારણે દર્દીને આખી જિંદગી કુટુંબ પર નિર્ભર બનીને રહેવું પડે છે. ભારતમાં બ્રેન સ્ટ્રોક ખૂબ મોટું સંકટ બની ગયું છે.

**હાર્ટ અટેક વર્સીસ બ્રેન સ્ટ્રોક**

આ બન્ને બીમારીઓ ખૂબ ઝડપથી લોકોને પોતાનો શિકાર બનાવે છે. ભારતમાં દર વર્ષે ૧૫ થી ૨૫ લાખ લોકો બ્રેન સ્ટ્રોક્નો ભોગ બને છે. તો હાર્ટ અટેક ૧૫ થી ૩૦ લાખ લોકોને આવે છે. બન્ને સ્થિતિમાં લોહીનો પુરવઠો હૃદય અને દિમાગ સુધી પહોંચતો નથી.

**મોતથી પણ બદતર અપંગતાનો ભાર**

ડૉ.નું કહેવું છે કે હાર્ટ અટેકમાં વ્યક્તિનો જીવ જાય તો એનું દુઃખ તો થાય જ છે, પરંતુ બ્રેન સ્ટ્રોક્માં વ્યક્તિ બચી જાય તો તે એક ગંભીર પંગુતાથી પીડાય છે. એટલું જ નહીં જો ઘરનો મુખ્ય કમાઉ સદસ્ય જ બ્રેન સ્ટ્રોક્નો શિકાર બને તો પરિવાર પર મુસીબત આવી પડે. કુટુંબ ગરીબીમાં સપડાઈ જાય છે અને વર્ષોનાં વર્ષો સુધી દર્દીની સારસંભાળ રાખવાની જવાબદારી પરિવારને તોડી નાખે છે.

આપણાં દેશમાં એમ્બ્યુલન્સ, ઇસીજી અને લૈબ અસંખ્ય છે, પરંતુ બ્રેન સ્ટ્રોક માટેની સુવિધાઓ નગણ્ય છે. લોકો હાર્ટ અટેકને ઇમર્જન્સી માને છે, પરંતુ સ્ટ્રોકને ધીરે-ધીરે થનારી બીમારી ગણે છે. એવામાં સારવારમાં મોડું કરવું એટલે આજીવન બોલવા-ચાલવાની શક્તિ ગુમાવી બેસવી. ■

# ગુજરાતમાં ફરી છવાશે વાદળોઃ આજથી ફરી માવઠાની આગાહી કરાઈ છે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વાતાવરણ સતત પલટાતું રહે છે અને ખેતી પર તેની વિપરીત અસર પડી રહી છે.

ગયા અઠવાડિયે જ સૌરાષ્ટ્ર-કચ્છના અમુક ભાગોમાં વરસાદી માહોલ હતો ત્યારે હવે ફરી ૭મી એપ્રિલથી છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે પવન અને વરસાદ પડવાની સંભાવના છે.

બુલેટિન મુજબ, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ અને નર્મદા સહિત ૧૮ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છમાં પણ હળવો વરસાદ પડી શકે છે.

રાજ્યના બાકીના ભાગોમાં સૂકું વાતાવરણ રહેશે, તેમ હવામાન વિભાગે જણાવ્યું હતું. બાકીના દિવસો માટે કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી, આ ટૂંકા ગાળા પહેલા અને પછી રાજ્યભરમાં શુષ્ક હવામાન રહેવાની ધારણા છે. આગામી ત્રણ દિવસ સુધી મહત્તમ તાપમાન સ્થિર રહેવાની શક્યતા છે, ત્યારબાદ સમગ્ર ગુજરાતમાં ધીમે ધીમે ૨-૩ ડિગ્રીનો વધારો નોંધાશે એટલે ગરમી વધુ આકરી બનશે.

### ભાવનગરના રાજકારણમાં 'થ્રી અવર્સ' ડ્રામા

# પૂર્વ મહિલા કોર્પોરેટર બપોરે ૧૨ વાગ્યે કૉંગ્રેસમાં ત્રણ વાગ્યે ભાજપમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના રાજકીય આલમમાં સોમવારે એક અત્યંત હાસ્યાસ્પદ અને ચોંકાવનારી ઘટના બની હતી. વડવા 'બ' વોર્ડના ભાજપનાં પૂર્વ કોર્પોરેટર સેજલબેન ગોહેલે રાજકીય ગરમાવો લાવી દીધો હતો. બપોરે ૧૨:૦૯ વાગ્યે કૉંગ્રેસમાં જોડાયા બાદ, ગણતરીના ત્રણ જ કલાકમાં એટલે કે ૩:૦૪ વાગ્યે તેઓ ફરીથી ભાજપમાં જોડાઈ જતા સ્થાનિક રાજકારણમાં અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે.

બપોરે કૉંગ્રેસ દ્વારા આયોજિત પત્રકાર પરિષદમાં સેજલબેન ગોહેલ વિધિવત્ રીતે કૉંગ્રેસમાં જોડાયા હતા. આ સમયે તેમણે ભાજપ શાસન પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, ભાજપમાં મહિલાઓ અને સંવિધાન સુરક્ષિત નથી. હું પોતે નગરસેવિકા હોવા છતાં મારા પર બુટલેગરોએ હુમલો કર્યો હતો, પરંતુ પક્ષ તરફથી મને કોઈ જ પ્રતિસાદ કે રક્ષણ મળ્યું નહોતું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે જો એક લોકપ્રતિનિધિ સુરક્ષિત ન હોય તો સામાન્ય મહિલાઓની હાલત શું હશે? તેમના વોર્ડમાં ચાલતા ગેરકાયદે ધંધાઓ વિરુદ્ધ અવાજ ઉઠાવવા છતાં પક્ષે સાથ ન આપ્યો હોવાનો ગંભીર આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

જોકે, કોંગ્રેસનો ખેસ પહેર્યાના માત્ર ૧૭૫ મિનિટમાં જ સેજલબેનનું હૃદય પરિવર્તન થયું હતું. બપોરે ૩:૦૪ વાગ્યે તેઓ ફરીથી ભાજપના શરણે પહોંચ્યાં હતાં અને કેસરિયો ધારણ કરી લીધો હતો. ભાજપમાં પરત ફરતાની સાથે જ તેમના સૂર બદલાઈ ગયા હતા. તેમણે જણાવ્યું કે, મને મારી ભૂલ સમજાઈ ગઈ છે એટલે હું પરત આવી છું. મને કોંગ્રેસના આગેવાનો દ્વારા લાલચ આપીને ભરમાવવામાં આવી હતી.

માત્ર ત્રણ કલાકના ગાળામાં થયેલા આ પક્ષપલટાએ ભાવનગરના રાજકારણને સોશ્યલ મીડિયામાં પણ ચર્ચાનું કેન્દ્ર બનાવ્યું છે. હાલ તો આ ઘટના ભાવનગરમાં ટોક ઓફ ટાઉન બની છે.

# સુરતમાં એક વર્ષ પહેલા પરણેલાં દંપતીએ સજોડે આપઘાત કર્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરના સિંગણપોર-ડભોલી વિસ્તારમાં નવદંપતીએ સજોડે આત્મહત્યા કરી લીધી હતી. અહીંના રાજપુત ફળિયામાં રહેતા ૨૪ વર્ષીય ભાવેશ ચુડાસમા અને ૨૩ વર્ષીય તેજલ ચુડાસમાએ અગમ્ય કારણોસર જીવન ટૂંકાવી દીધું હતું. બન્ને યુવાન દંપતી માત્ર એક વર્ષ અગાઉ લગ્નગ્રંથીથી જોડાયેલાં હતાં. યુવક રત્નકલાકાર તરીકે કામ કરતો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર

ભાવેશ અને તેજલનાં લગ્ન હજુ ગયા વર્ષે જ ધામધૂમથી થયાં હતાં. લગ્નને માત્ર એક જ વર્ષ થયું હતું. આસપાસના લોકોના જણાવ્યા મુજબ, દંપતી વચ્ચે કોઈ ઝઘડો કે અણબનાવ જેવું જણાતું નહોતું. તેઓ સુખી દેખાતા હતા. ઘટનાસ્થળેથી પોલીસને કોઈ સુસાઈડ નોટ મળી નથી. આથી, આટલું મોટું પગલું ભરવા પાછળનું સાચું કારણ હજુ જાણી શકાયું નથી. ઘટનાની જાણ થતા જ સિંગણપોર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે જરૂરી પુરાવા ભેગા કર્યા છે અને બંનેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સ્મીમેર હોસ્પિટલ મોકલી આપ્યા છે. હાલ પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.

દરમિયાન પરિવારના લોકોએ અપીલ કરી હતી છે કે તેમની આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ બહાર આવે, તે રીતે પોલીસ તપાસ કરે.

# અમદાવાદમાં ઢોસા ખાવાથી બે બાળકીનાં મોત?

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી હતી. અહીંના ચાંદખેડા વિસ્તારમાં રહેતા પરિવારે બજારમાંથી રેડીમેડ ખીરું ખરીદ્યું હતું અને તેના ઘરે ઢોસા બનાવ્યા હતા. આ ઢોસા પહેલા યુવકે ખાધા હતા અને તેને ઊલટી થઈ હતી, પરંતુ ઢોસા ખાવાથી થઈ હોવાનું પરિવારને ધ્યાનમાં ન આવતા બીજા દિવસે પત્ની અને તેની બે બાળકીએ પણ આ જ ખીરામાંથી બનાવેલા ઢોસા ખાધા હતા. ત્યારબાદ તેમની તબિયત લથડી હતી. ફૂડ પોઈઝનિંગને લીધે તેમને એક ચાર વર્ષ અને એક ત્રણ મહિનાની બાળકીનાં મોત નિપજ્યાં હતાં જ્યારે માતા-પિતાને હૉસ્પિટલમાં દાખલ કરવામાં અવ્યા હતા.

ભોગ બનેલા યુવકના પિતા ગૌરીશંકર પ્રજાપતિએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે તેમનો પુત્ર આઈઓસી રોડ પર આવેલી ઘનશ્યામ ડેરીમાંથી ખીરું લઈને આવ્યો હતો. તેમાંથી ઢોસા બનાવ્યા હતા. બીજા દિવસે સવારે તેને ઊલટી થઈ અને તેણે સારવાર લીધી હતી. જોકે પત્નીને એ વાતનો અંદાજો ન આવ્યો કે આ ઊલટી ખીરાને લીધે થઈ છે, તેથી તેમણે ફરી તે ખીરામાંથી ઢોસા બનાવી બન્ને બાળકીને ખવડાવ્યા હતા અને પોતે પણ ખાધા હતા. ત્યારબાદ તેઓની તબિયત પણ લથડી હતી અને તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. કમનસીબે બે બાળકીના મોત નિપજ્યા હતા. દંપતી હાલમાં કેડી હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યું છે. જોકે ત્રણ મહિનાની બાળકીએ ઢોસા ખાધા હોવા અંગે લોકો સવાલ કરી રહ્યા છે.

આ અંગે ઘનશ્યામ ડેરીના માલિક કેતન પટેલે જણાવ્યું હતું કે મહિલા ને તેમના પતિએ અમારી ડેરીથી ખીરું લીધું હતું. તે જ બેચનું ખીરું અન્ય ઘણા ગ્રાહકોને અમે આપ્યું હતું. રોજ અમારી ડેરીમાંથી ૧૦૦થી ૧૨૫ કિલો ખીરું વેચાય છે. તે દિવસે પણ વેચાયું હતું, પરંતુ અન્ય ગ્રાહકોની કોઈ ફરિયાદો અમને આવી નથી.

દરમિયાન ચાંદખેડા પોલીસ સ્ટેશને તપાસ શરૂ કરી હતી. ખોરાકના સેમ્પલ લેવામાં આવ્યા હતા.



**આગઃ** પંચમહાલ જિલ્લાના હાલોલ-પાવાગઢ રોડ પર આવેલા ભંગારના ગોદામમાં સોમવારે આગ લાગી હતી. (એજન્સી)

# ગુજરાતમાં ચૂંટણી સુધી પોલીસોની રજા રદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ૧૫ મહાનગરપાલિકા અને જિલ્લા-તાલુકા પંચાયતની સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં શાંતિપૂર્ણ મતદાન થાય, ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે રાજ્યદના સવા લાખ પોલીસકર્મીઓની રજાઓ તાત્કાલલિક અસરથી રદ કરી દેવામાં આવી છે. રાજ્યમાં ૪.૧૯ કરોડ મતદારો શાંતિપૂર્ણ રીતે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે પોલીસ અને સુરક્ષા દળો દિવસ-રાત કાર્યરત રહેશે. જો કે ચૂંટણી દરમિયાન બુથ મથક પર ફરજ પર તહેનાત પોલીસકર્મીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે માટે તંત્ર દ્વારા વિશેષ તકેદારી રાખવામાં આવી છે. ચૂંટણી બંદોબસ્તમાં રોકાયેલા તમામ જવાનો પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે અને તેમની વિગતો મંગાવવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં કુલ ૪૮,૫૯૧ મતદાન બૂથ છે. જેમાંથી ૧૧,૦૦૦ સંવેદનશીલ બૂથ છે. તેની સુરક્ષા માટે ૧૧,૦૦૦ સંવેદનશીલ બૂથ છે. સવા લાખ પોલીસકર્મીઓ ઉપરાંત હોમગાર્ડ્સ, ટ્રાફિક બ્રિગેડ અને અર્ધલશ્કરી દળો છે. અતિ સંવેદનશીલ વિસ્તારોમાં પેરામિલિટરી ફોર્સ તહેનાત કરવામાં આવશે.

# કચ્છી માલધારીને ઔરંગાબાદ કોર્ટે આપી રાહતઃ ૩૨ ઊંટા પાછાં મળ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભાતીગળ પ્રદેશ કચ્છના સીમાવર્તી લખપત તાલુકાના છેવાડાના જાડવા ગામના એક માલધારીને પોતાના જ ૩૨ ઊંટો છોડાવવા માટે મહારાષ્ટ્રની હાઈ કોર્ટ સુધી લાંબી કાનૂની લડાઈ લડવી પડી છે. જીવદયાના નામે કરવામાં આવેલી હેરાનગતિ બાદ આખરે ઔરંગાબાદ હાઈ કોર્ટે ઊંટોનો વચગાળાનો કબજો તેના મૂળ માલિકને સોંપવાનો આદેશ આપ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, લખપતના જાડવા ગામના માલધારી ભારાભાઈ મંગુભાઈ રબારી અને તેમના પુત્ર મંગલ રબારીના ૩૨ ઊંટોને મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના શાહદા પોલીસ સ્ટેશન દ્વારા અટકમાં લેવામાં આવ્યાં હતાં.

પશુ ક્રૂરતાના આક્ષેપો હેઠળ થયેલી આ કાર્યવાહીની તપાસ માટે શાહદા પોલીસની ટીમ છેક કચ્છ સુધી આવી હતી. જોકે, પોલીસ તપાસ અને સરકારી પશુ ચિકિત્સા અધિકારીના રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે ઊંટો પર કોઈ પ્રકારની ક્રૂરતા થઈ નથી અને તમામ ઊંટ સંપૂર્ણપણે સ્વસ્થ છે.

શાહદા પોલીસે કોર્ટમાં ક્લોઝર રિપોર્ટ રજૂ કરતા નીચલી કોર્ટે ઊંટોનો કબજો માલિકને પરત સોંપવા હુકમ કર્યો હતો. પરંતુ, ફરિયાદી પક્ષે આ હુકમ પર સ્ટે મેળવતા મામલો ગૂંચવાયો હતો. અંતે, વૃદ્ધ માલધારી ભારાભાઈએ હાઈ કોર્ટની ઔરંગાબાદ બેન્ચના દ્વાર ખખડાવ્યા હતા. હાઈ કોર્ટે નોંધ્યું હતું કે જ્યારે પોલીસ અને તબીબી તપાસમાં પશુ ક્રૂરતાના કોઈ પુરાવા મળ્યા નથી, ત્યારે ઊંટોને માલિકથી દૂર રાખવા અયોગ્ય છે. કોર્ટે રિવિઝનલ બેન્ચના સ્ટેને રદ કરી ઊંટોનો કબજો સોંપવા આખરી મહોર મારી હતી.

ત્રણ મહિનાની લાંબી કાનૂની લડાઈ અને શારીરિક નાદુરસ્તીથી કંટાળેલા ભારાભાઈએ ભારે હૈયે જણાવ્યું હતું કે, હું પોતે લોહીની બીમારીથી પીડાઉં છું અને સમયસર દવા પણ લઈ શક્યો નથી. જીવદયાના નામે અમને અને આ અબોલ જીવોને ખોટી રીતે હેરાન કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે હવે તેઓ મહારાષ્ટ્ર કે છત્તીસગઢ તરફ આગળ વધવાને બદલે થાકેલા ઊંટોને લઈને પરત કચ્છ ફરી જશે.

સહજીવન સંસ્થાના પ્રોગ્રામ ડાયરેક્ટર રમેશ ભટ્ટીએ આ અંગે જણાવ્યું હતું કે, કાનૂની લડાઈમાં વિજય તો મળ્યો છે પરંતુ પરંપરાગત રીતે હિજરત કરતા માલધારીઓ માટે ઊભા કરવામાં આવતા આવા અવરોધો ગંભીર ચિંતાનો વિષય છે.

# પોરબંદર અને મહેસાણામાં થયેલા અકસ્માતમાં છ યુવકે જીવ ગુમાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પોરબંદરમાં સર્જાયેલી ગમખ્વાર અકસ્માતની ઘટનામાં ચાર યુવકે જીવ ગુમાવ્યો હતો જ્યારે મહેસાણાના લાડોલમાં ટ્રકની હડફેટે આવતા બે યુવકે જીવ ગુમાવ્યો હતો. પોરબંદરમાં સોમવારે વહેલી સવારે બનેલી ઘટનાની મળતી વિગતો અનુસાર એરપોર્ટ રોડ પર બે બાઈક વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.

એક બાઈકમાં સવારના સાડાચાર આસપાસ ત્રણ યુવક રાણાવાવાથી પોરબંદર તરફ આવી રહ્યા હતા. તે સમયે અકસ્માત સર્જાતા બે યુવકનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં જ્યારે એક યુવાનને ઈજાઓ થઈ હતી. જ્યારે બીજી બાજુ પોરબંદરથી રાણાવાવ તરફ બાઈકમાં આવતા બે યુવકો ઘટનાસ્થળે મૃત્યુ પામ્યાં હતાં. આ ટક્કર એટલી જોરદાર હતી કે બાઈકના સ્પેરપાર્ટ ચારેતરફ ઉડ્યા હતા.

અકસ્માત બાદ સ્થાનિકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને તેમણે તંત્રને જાણ કરતા પોલીસ પણ દોડી આવી હતી. ત્રણ યુવકનાં ઘટનાસ્થળે જ્યારે એક યુવકને સારવાર માટે જામનગર લઈ જતા સમયે રસ્તામાં જ તેનું મોત થયું હતું.

બીજી બાજુ મહેસાણા જિલ્લાના લાડોલ વિસ્તારમાં શોભાસણાથી ટેચાવા હાઈ વે પર એક ટ્રકે બાઈકને ટક્કર મારી હતી, જેમાં ઘટનાસ્થળે બે યુવકનાં મોત થયાં હતાં.

# રાજકોટના જંગલેશ્વરમાં ગુડ્ઝ લિફ્ટમાં ફસાઈ જતાં કિશોરનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા દિવસ પહેલા કચ્છમાં લિફ્ટ અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું ત્યારે સોમવારે રાજકોટમાં ૧૪ વર્ષના એક કિશોરનું લિફ્ટમાં ફસાઈ જતા મોત થયાની ઘટના બહાર આવી હતી.

મળતી માહિતી અનુસાર ગામેતી હોલ નજીક શેરી.૧માં રહેતા રહેમાન હનીફભાઈ નગરિયા નામનો સગીર સવારે જંગલેશ્વર વિસ્તારમાં એક કારખાને ગયો હતો. અહીં તે ગૂડ્સ લિફ્ટમાં ફસાઈ જતા તેને હૉસ્પિટલે ખસેડવામાં આવ્યો હતો. અહીં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું.

આ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. મળતી માહિતી અનુસાર મૃતક ૮માં ધોરણમાં ભણતો હતો. કાકાના કારખાનામાં માત્ર આટો મારવા આવેલા કિશોરનું આ રીતે મોત થતા પરિવાર શોકમાં સરી પડ્યો હતો.

# ગુજરાતમાં પાંચ વર્ષમાં હિટ એન્ડ રનની ૯,૫૯૭ ઘટના

અમદાવાદઃ રાજ્યમાં વાહનોની સંખ્યા વધવાની સાથે અકસ્માતના કિસ્સા પણ વધી રહ્યાં છે. રાજ્યના કોઈને કોઈ ખૂણામાં દરરોજ હિટ એન્ડ રનની ઘટના સામે આવતી રહે છે. ૨૦૨૦ થી ૨૦૨૪ દરમિયાન રાજ્યમાં કુલ ૯,૫૯૭ બનાવો નોંધાયા છે. લોકસભામાં માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા રજૂ કરવામાં આવેલા આંકડા મુજબ રાજ્યમાં આવા કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં વાર્ષિક સરેરાશ ૧૮૦૦ થી વધુ ઘટનાઓ બને છે, અર્થાત્ રોજની સરેરાશ ૫ ઘટના બને છે, તેમ એક અહેવાલ જણાવે છે.

૨૦૨૦માં હિટ એન્ડ રનના ૧,૫૫૨ કેસ નોંધાયા હતા. ૨૦૨૧માં આ સંખ્યા વધીને ૧,૭૨૦ પર પહોંચી હતી. ૨૦૨૨માં ૨,૨૦૮ કેસ નોંધાયા હતા. ૨૦૨૩માં હિટ એન્ડ રનના ૨,૨૧૪ કેસ નોંધાયા હતા, જ્યારે ૨૦૨૪માં હિટ એન્ડ રનના કેસમાં ઘટાડો થયો હતો અને માત્ર ૧,૯૦૨ કેસ નોંધાયા હતા.

આશરે ૭.૨૨ કરોડની અંદાજિત વસ્તી ધરાવતા આ રાજ્યમાં વાહનોની સંખ્યા પણ જબરી વધી છે. રાજ્યમાં કુલ નોંધાયેલાં વાહનોની સંખ્યાપરિવહન અને બિન-પરિવહન બંને લગભગ ૩.૫કરોડ સુધી પહોંચી ગઈ છે. નિષ્ણાતોનું કહેવું છે કે આ ઉછાળાએ ટ્રાફિક જામ અને અકસ્માતોના જોખમમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

# રાજકારણમાં ઘણા પૈસા કમાયા હોવાના ભાજપના નેતાનું નિવેદન ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપના ભૂતપૂર્વ ખેડા જિલ્લા પ્રમુખ વિપુલ પટેલે જાહેરમાં દાવો કર્યો હતો કે તેમણે રાજકારણમાં તેમના સમય દરમિયાન ઘણા પૈસા કમાયા હતા. તેમના આ નિવેદને ચર્ચા જગાવી હતી. આ ઘટના નડિયાદ એરિયા કૉલેજ રિટાયર્ડ સ્ટાફ એસોસિયેશનના રજત જયંતી સમારોહ દરમિયાન બની હતી, જ્યાં પટેલ મુખ્ય મહેમાન તરીકે હાજર હતા. કાર્યક્રમમાં સંબોધન કરતા સમયે તેમણે જણાવ્યું હતું કે મેં મારા અભ્યાસમાં ખૂબ મહેનત કરી, સારો ધંધો જમાવ્યો અને સન્માનજનક રીતે આજીવિકા મેળવી. મેં ઘણા પૈસા કમાયા. હું બીજા નેતાઓ જેવો નથી જે પૈસા કમાવવાનો ઇનકાર કરું, હું ખુલ્લેઆમ ગર્વથી કહું છું કે મેં પૈસા કમાયા છે. મેં રાજકારણમાં પૈસા કમાયા છે. નડિયાદ કે ખેડા જિલ્લામાં તમને આવો બીજો કોઈ નેતા નહીં મળે, કારણ કે જે લોકો કમાય છે તેઓ સામાન્ય રીતે આ વાત પોતાના પૂરતી જ રાખે છે. નડિયાદમાં એક જાહેર કાર્યક્રમમાં કરવામાં આવેલી આ ટિપ્પણી સોશ્યલ મીડિયા પર ઝડપથી વાઇરલ થઈ ગઈ હતી અને રાજકીય ચર્ચાનું કેન્દ્ર બની ગઈ હતી. પટેલ ઘણા વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા છે અને જિલ્લા પ્રમુખ અને મહામંત્રી સહિતની મહત્વપૂર્ણ સંગઠનાત્મક ભૂમિકાઓ ભજવી છે. રાજકારણ ઉપરાંત, તેઓ સહકારી ક્ષેત્રમાં પણ સક્રિય છે. તેઓ અગાઉ અમૂલના ચેરમેન તરીકે સેવા આપી ચૂક્યા છે અને હાલમાં ડેરી સંસ્થામાં ડિરેક્ટર તરીકેનો હોદ્દો ધરાવે છે. જોકે નેતાના આ નિવેદન મામલે લોકોમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. અમુક લોકો આને પટેલની સ્પષ્ટવક્તા તરીકેના સ્વભાવ તરીકે જૂએ છે તે રાજકીય રીતે આ નિવેદન મહત્ત્વનું પણ માનવામાં આવે છે.

# નવસારીમાં દેકારો મચાવનારો દીપડો અંતે પાંજરે પુરાતા હાશકારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારી જિલ્લાના નાગધરા ગામના વિવિધ વિસ્તારોમાં દીપડો દેખાઈ રહ્યો હતો. દીપડાએ અલગ-અલગ જગ્યાએ મરઘાનું મારણ કરવાનું શરૂ કરતા પશુપાલકો અને સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ બાબતે ગ્રામજનોએ ગામના સરપંચને જાણ કરી હતી, જેમણે તાત્કાલિક વન વિભાગનો સંપર્ક કર્યો હતો. લાંબા સમયથી ભય ફેલાવનાર સાડા ત્રણ વર્ષનો દીપડો આખરે પકડાઈ જતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. નવસારી વન વિભાગની સુપા રેન્જ દ્વારા દીપડાને પકડવા માટે વ્યૂહરચના ઘડવામાં આવી હતી. વન વિભાગ દ્વારા ગામમાં દીપડાની અવરજવરવાળા વિસ્તારમાં પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. દીપડો પકડાયાની જાણ થતા જ સુપા રેન્જના વન રક્ષક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને દીપડાનો કબજો લીધો હતો.


## ક્લાસિફાઈડ

### ૧૪. નોકરી ખાલી છે

**GOVT. REGISTERED Company requires, Retired, Housewives, Bankers, Salary + Benefits: 9082294408. (B-17380)**

### ૧૭. જગ્યા આપવી છે

**JUHU - 4 BED**

**નવા બિલ્ડિંગમાં હાયર ફ્લોર, જીમ એમેનીટીઝ (10 Cr) અનિલભાઈ - 9004900290. (૯૭૦-એ)**

**JUHU - 3 BED**

નવા બિલ્ડિંગમાં જીમ એમેનીટીઝ સાથે (6 Cr) અનિલભાઈ - 9004900290.(૯૫૪/એ)

**અંધેરી (વેસ્ટ)**

જે. પી. રોડ, ભરડાવાડી, નવું બિલ્ડીંગ, 2/3 બેડરૂમ, 2.25/3.25 કરોડ, કાર પાર્કિંગ સાથે. સંપર્કઃ મનીષ- 9324512690. (બી-૧૭૩૪૧)

**PIRAMAL MAHALAXMI**

Central Tower 3 BHK 1200 sqft Higher Floor 2 Parking 9892710071 / 9619048555. (B-17328)

**KHAR WEST**

Near Station 2 BHK L & L 1 Lac nego Fully Furnished 9892710071 / 9619048555. (B-17334)

### ૩૨. જમીન-મિલકત

**અમદાવાદનો દસકો છે**

**અમદાવાદમાં પ્રોપર્ટીમાં રોકાણ માટે સર્વશ્રેષ્ઠ સમય છે કેમકે,**

- કોમનવેલ્થ ના કારણે ઝડપથી ડેવલપમેન્ટ થઈ રહ્યું છે...
- ભારતનું રહેવા માટેનું સર્વશ્રેષ્ઠ શહેર છે
- ગુજરાતનું સૌથી વધુ વિકસિત અને સુવિધાજનક શહેર છે...
- ધોલેરા/ગિફ્ટ સિટી સાથે સીધું કનેકટેડ છે

અહી રોકાણ કરવા અમારી સાથે કનેકટ થઈ શકો છો

(રવિ એસોસીએટ્સ)

લાયઝનિંગ એન્ડ એસેટ મેનેજમેન્ટ કંપની

**9428029859**

(બી-૧૭૩૫૩)

### ૩૩. ધંધાદારી

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**

(બી-૧૭૩૫૪)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**સચોટ જ્યોતિષ**

જન્મ તારીખ, સમય વોટ્સઅપ કરો, લગ્નયોગ ક્યારે કયા વર્ષમાં તેનું માર્ગદર્શન, વાતો ન કરો રીઝલ્ટ માંગો - ફી - આપના આશીર્વાદ. 7304586200. (૯૭૦-સી)

**સમર્થ જ્યોતિષ**

જન્મ તારીખ સમય વોટ્સઅપ કરો, કઠિનમાં કઠિન પ્રશ્નોનું માર્ગદર્શન, ઘોર અંધકારમાં આશાનું એક કિરણ, વાતો ન કરો રીઝલ્ટ માંગો ફી - આપના આશીર્વાદ. 9702993707. (૯૭૦-ડી)

**ગુરુજી**

**પિતૃદોષ, મુંઝવતા પ્રશ્નો, લવ, બ્રેકઅપ, લગ્ન, સંતાન, ટૂંક સમયમાં તારીખ સાથે ચોક્કસ રીઝલ્ટ 7219004517. (૯૭૨-એ)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' - ઊધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675, 9326448699 (કાંદિવલી). (૯૫૯-બી)

**ACE પેસ્ટીસાઈડ**

(1993થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી : 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૯૫૯/ડી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

# ક્રૂડ ઓઈલના ભાવ ઘટાડા સાથે સેન્સેક્સમાં ૭૮૭ પોઈન્ટનો ઉછાળો, નિફ્ટી ૨૩,૦૦૦ની નજીક પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધવિરામના પ્રયાસોના અહેવાલો વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો થવાને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે સોમવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યા હતા. આ ઉપરાંત, બેંક શેરોમાં તીવ્ર લેવાલીને કારણે પણ બેન્ચમાર્કને ટેકો મળ્યો હતો. વ્યાપક બજારમાં પણ સારી લેવાલી જોવા મળી હતી.

સેન્સેક્સ દિવસ દરમિયાન ૮૮૭.૯૧ પોઈન્ટ અથવા ૧.૨૧ ટકા ઉછળીને ૭૪,૨૦૭.૪૬ની સપાટીને અથડાયા બાદ અંતે ૭૮૭.૩૦ પોઈન્ટ અથવા ૧.૦૭ ટકાના સુધારા સાથે ૭૪,૧૦૬.૮૫ પોઇન્ટની સપાટી પર સ્થિર થયો હતો. જ્યારે નિફ્ટી ૨૫૫ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા વધીને ૨૨,૯૬૮.૨૫ના સ્તરે સ્થિર થયો. બીએસઇ ૧૫૦ મિડકેપ ઇન્ડેક્સ ૧.૩૦ ટકાનો અને બીએસઇ૨૫૦ સ્મોલકેપ ઇન્ડેક્સ ૧.૧૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

પશ્ચિમ એશિયામાં યુદ્ધનો અંત લાવવા માટે યુનાઇટેડ સ્ટેટ્સ અને ઈરાન બે તબક્કાના માળખા પર વિચાર કરી રહ્યા હોવાના અહેવાલો વચ્ચે સીઝફાયરના આશાવાદ વચ્ચે બજારમાં લેવાલી વધી હતી. આ ઉપરાંત ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડા સાથે ડોલર સામે રૂપિયો વધુ મજબૂત બન્યો હોવાને કારણે પણ સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો.

બીએસઇ માર્કેટ કેપ પાછલા સત્રના રૂ. ૪૨૨ લાખ કરોડથી વધીને રૂ. ૪૨૭ લાખ કરોડ સુધી પહોંચ્યું હોવાથી રોકાણકારોની સંપત્તિ એક જ સત્રમાં પાંચ લાખ કરોડ રૂપિયાનો ઉમેરો થયો છે. સેન્સેક્સના શેરોમાં ટ્રેન્ટ ૭.૮૯ ટકા ઊછળ્યો હતો. અન્ય ટોપ ગેઇનરમાં એક્સિસ બેન્ક, ટાઇટન, લાર્સન એન્ડ ટુબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને બજાજ ફાઇનાન્સનો સમાવેશ હતો. જ્યારે ટોપ લુઝર્સ શેરોમાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, એચસીએલ ટેક અને સન ફાર્મા ટોપ લુઝર્સ રહ્યા હતા.

આ સપ્તાહે મેઇન બોર્ડના બે આઇપીઓ ખૂલી રહ્યા છે. પાછલા સપ્તાહે પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે પાવરિકા લિમિટેડના શેર તેના ઇશ્યૂ ભાવથી સાત ટકા નીચા ભાવે લિસ્ટેડ થયા હતા. અમીરચંદ જગદીશ કુમાર એક્સપોર્ટના શેર તેના ઇશ્યૂ ભાવ સામે આઠ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા. એકમાત્ર સાઇ પેરેન્ટરલ્સના શેરમાં ત્રણ ટકા પ્રીમિયમ જોવા મળ્યું હતું! રેન્ટોમોજો લિમિટેડ, ઇન્ટેલિયસ રીકોડ લિમિટેડ, કોસ્મિક પીવી પાવર, ગુજરાત વિક્ટરી ફોર્જિંગ્સ લિમિટેડે, કોરફોર એન્જિનિયર્સ અને સથ્યા એજેન્સીએ સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કર્યું છે.

માર્ચ ૨૦૨૬માં ૩૮ જેટલી કંપનીઓએ સેબી સમક્ષ પ્રારંભિક આઇપીઓના દસ્તાવેજ સેબી પાસે ફાઇલ કરાવ્યા છે. સેબીના ડેટા અનુસાર માર્ચ ૨૦૨૫માં ૨૨ આઇપીઓ માટે ફાઇલિંગ થયું હતું,જ્યારે માર્ચ ૨૦૨૪માં આ આંકડો ૧૬ ફાઇલિંગનો હતો. મર્ચન્ટ બેંકિંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, એનએસઇ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની ટેલિકોમ આર્મ જિયો સહિત ઘણી હાઇ-પ્રોફાઇલ કંપનીઓ આ અઠવાડિયામાં તેમના ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કરવાની તૈયારી કરી રહી છે, જેમાં ગતિ ચાલુ રહેવાની અપેક્ષા છે.

શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લેન્ડ એન્ડ એસેટે સિનર્જી મરિન સાથે સમજૂતી કરાર કર્યા છે. જાપાનની નિસ્સાન મોટર્સની પૂર્ણ માલિકીની સબ્સિડરી નિસ્સાન મોટર્સ ઇન્ડિયાએ મુંબઇમાં ત્રણ નવા ટચપોઇન્ટ્સ સાથે નેટવર્કનું વિસ્તરણ કર્યું છે, જેમાં આશરે ૨૦૦૦ સ્કવેર ફૂટના બે શોરૂમ અને ૭૦૦૦ સ્કવેર ફૂટના વર્કશોપનો સમાવેશ થાય છે. ટીડીઆઇ ઇન્ફ્રા ટોઉનશિપ પ્રોજેક્ટમાં રૂ. ૭૫૦ કરોડનું રોકાણ કરશે. ટેક્સમેકોને સધર્ન રેલ તરફથી ઇલેક્ટ્રિફિકેશન પ્રોજેક્ટ મળ્યો છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જ સાથે ફાઈનાન્શિયલ લિટરસી હેઠળના તાલીમ કાર્યક્રમો માટે સહયોગ ધરાવતી શેરબજારમાં લિસ્ટેડ શૈક્ષણિક સંસ્થા અરિહંત એકેડેમી વિસ્તરણ યોજના હાથ ધરી રહી છે અને આગામી ત્રણેક વર્ષમાં ૨૦૦ નવા સેન્ટર શરૂ કરવાની યોજના ધરાવે છે. આ વિસ્તરણમાં એક્વિઝિશનથી માંડીને મર્જર સહિતના માર્ગ અપનાવાશે અને ફંડીંગ માટે પ્રેફેન્શિયલ રૂટ તથા નવા ફંડ રેઇઝિંગ સહિતના વિકલ્પો વિચારાધીન હોવાનું કંપની જણાવે છે. મહારાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાનમાં હાજરી ધરાવતી એકેડેમી ભૌગોલિક વિસ્તરણ પણ હાથ ધરશે.

બ્લૂમબર્ગના ડેટા અનુસાર, ભારતીય રૂપિયો ચાર પૈસા વધીને ૯૩.૦૬ પ્રતિ યુએસ ડોલર પર પહોંચ્યો હોવાથી આયાત સસ્તી થવાની શક્યતા જોતાં સેન્ટિમેન્ટ સુધર્યું હતું. દિવસ દરમિયાન, સ્થાનિક ચલણ ૯૨.૭૯થી ૯૩.૧૫ની રેન્જમાં રહ્યું હતું. ત્રીસમી માર્ચે સ્થાનિક ચલણ ૯૫.૨૩ની રેકોર્ડ નીચી સપાટીએ પહોંચ્યું હતું.

જ્યારે ભારતીય સમય પ્રમાણે સોમવાર બપોરે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧% થી વધુનો ઘટાડો થયો અને પ્રતિ બેરલ ૧૦૮ ડોલરની નજીક ટ્રેડ થઇ રહ્યું હોવાથી રોકાણકારોએ હાશકારો અનુભવ્યો હતો. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો એવા અહેવાલો પછી થયો જેમાં સૂચવવામાં આવ્યું હતું કે યુએસ અને ઈરાન યુદ્ધવિરામ પર વિચાર કરી રહ્યા છે અને હોર્મુઝ સ્ટ્રેટ ફરી ખુલી શકે છે. જોકે, એ પછી એવા અહેવાલો પમ વહોતા થયા હતા કે, બંનેમાંથી એકે પક્ષ આ પ્રકારના કોઇ પ્રસ્તાવ માટે ઉત્સાહિત નથી!

નિફ્ટી ઇન્ડેક્સમાં ટ્રેન્ટ, એસબીઆઇ લાઇફ ઇન્શ્યોરન્સ કંપની અને ટાઇટન કંપનીના શેર ચારથી આઠ ટકા ઊછળ્યા હતા. જ્યારે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ઓએનજીસી અને મેક્સ હેલ્થકેર ઇન્સ્ટિટ્યૂટના શેર એકથી ત્રણ ટકા સુધી ઘટીને ઇન્ડેક્સમાં ટોચના લુઝર તરીકે બંધ થયા હતા. એનએસઇ પર નિફ્ટી ઓઇલ એન્ડ ગેસ (૧.૩૭ ટકા નીચે) અને મીડિયા (૦.૨૨ ટકા નીચે) સિવાય, બધા મુખ્ય ક્ષેત્રીય શેરઆંક ગ્રીન ઝોનમાં બંધ થયા, જેમાં નિફ્ટી બેંક, ફાઇનાન્શિયલ સર્વિસીસ, પીએસયુ બેંક, પ્રાઇવેટ બેંક, રિયલ્ટી અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ દરેક બે ટકાથી વધુ વધ્યા હતા.

સોમવારે એનએસઇ પર વોડાફોન આઈડિયા, ઓલા ઇલેક્ટ્રિક મોબિલિટી, અદાણી પાવર, યસ બેંક, જયપ્રકાશ પાવર વેન્ચર્સ અને રિલાયન્સ પાવર સૌથી વધુ ટ્રેડેડ શેર હતા અથવા વોલ્યુમની દ્રષ્ટિએ સૌથી વધુ સક્રિય શેર હતા. બીએસઇ પર ઇન્ટ્રાડે ટ્રેડમાં જેએસડબલ્યુ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, મેક્સ હેલ્થકેર ઇન્સ્ટિટ્યૂટ અને પિડિલાઇટ ઇન્ડસ્ટ્રીઝ સહિત લગભગ ૮૯ શેર ૫૨ અઠવાડિયાના નીચલા સ્તરે પહોંચ્યા. બીજી તરફ, બીએસઇ પર સીસીએલ પ્રોડક્ટ્સ (ઇન્ડિયા), ગ્રેન્યુલ્સ ઇન્ડિયા અને આરપીએસજી વેન્ચર્સ સહિત ૭૮ શેર તેમની બાવન અઠવાડિયાની ઊંચી સપાટીએ પહોંચી ગયા હતા.

પાછલા સપ્તાહે શેરબજારને અખાતી યુદ્ધ ઘમરોળી રહ્યું છે, ત્યારથી રોકાણકારોને ભારે નુકસાન થઇ રહ્યું છે. ગયા અઠવાડિયે નબળા બજાર સેન્ટિમેન્ટ વચ્ચે ભારતની ટોચની ૧૦ કંપનીઓમાંથી છ કંપનીઓના બજાર મૂલ્યમાં ૬૪,૭૩૪ કરોડ રૂપિયાનો ઘટાડો થયો હતો. ભારતી એરટેલમાં સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો હતો. જોકે, ટીસીએસ, ઇન્ફોસિસ અને રિલાયન્સે ફાયદો મેળવ્યો હતો.

ગ્લોબલ ટેન્શન, ક્રૂડ ઓઇલના વધતા ભાવ અને વિદેશી ફંડોના એકધારા આઉટફ્લોને કારણે બજારો અસ્થિર અને દબાણ હેઠળ રહ્યા હોવાથી ભારતની ટોચની ૧૦ સૌથી મૂલ્યવાન કંપનીઓમાંથી છ કંપનીઓના સંયુક્ત બજાર મૂલ્યમાં ગયા અઠવાડિયે ૬૪,૭૩૪ કરોડ રૂપિયાનો તીવ્ર ઘટાડો થયો હતો. સેન્સેક્સ ૨૬૩.૬૭ પોઈન્ટ (૦.૩૫%) ઘટ્યો હતો, જ્યારે નિફ્ટી ૧૦૬.૫ પોઈન્ટ (૦.૪૬ ટકા) ઘટ્યો હતો.

દરમિયાન, રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પશ્ચિમ એશિયાના સંકટ વચ્ચે ફુગાવાના ભયને ધ્યાનમાં રાખીને એપ્રિલ પોલિસી સમીક્ષામાં ચાવીરૂપ વ્યાજ દર યથાવત્ત જાળવી રાખે તેવી શક્યતા અર્થશાસ્ત્રીઓ વ્યક્ત કરી રહ્યાં છે. યુદ્ધને કારણે ક્રૂડ ઓઇલ અને અન્ય આયાતી ચીજવસ્તુઓના ભાવમાં સતત વધારો થવાની અને તેને કારણે ફુગાવો વધતો રહેવાની ભીતિ છે.

અર્થશાસ્ત્રીઓના મતે, રિઝર્વ બેંક એપ્રિલ નાણાકીય નીતિ સમીક્ષા બેઠકમાં બેન્ચમાર્ક પોલિસી રેપો રેટ ૫.૨૫ ટકા પર યથાવત રાખે તેવી શક્યતા છે, કારણ કે પશ્ચિમ એશિયામાં સતત ભૂ-રાજકીય તણાવ, કોમોડિટીના ભાવમાં અસ્થિરતા અને ચલણની તીવ્ર હિલચાલને કારણે રૂપિયો રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો છે, જેના કારણે નીતિ દષ્ટિકોણ જટિલ બન્યો છે અને વૃદ્ધિ, ફુગાવા અને નીતિના વલણ પર તેના અંદાજો પર નજીકથી નજર રાખવામાં આવશે.

# ડૉલર સામે રૂપિયો ૨૮ પૈસા મજબૂત થઈને ૯૩ની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડૉલર સામે રૂપિયામાં ચંચળતા અટકાવવા અને સટ્ટાકીય આકર્ષણ ડામવા માટે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયા લીધેલા પગલાંની અસર બજાર પર જળવાઈ રહેવાની સાથે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડતેલના ભાવમાં પીછેહઠ જોવા મળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૮ પૈસા મજબૂત થઈને ૯૨ની સપાટીની અંદર ઊતરીને ૯૨.૦૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, તે પૂર્વે સત્ર દરમિયાન રૂપિયામાં ૩૯ પૈસાનો સુધારો નોંધાયો હતો, પરંતુ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં અવિરત વેચવાલી જળવાઈ રહી હોવાથી સુધારો મર્યાદત રહયો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

જોકે, ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૯૯૩૧.૧૩ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશો તેમ જ ગત ૨૭મી માર્ચના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૧૦.૨૮૮ અબજ ડૉલર ઘટીને ૬૮૮.૦૫૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાના અહેવાલ અને ગત માર્ચ મહિનાનો સર્વિસીસ ક્ષેત્રનો પીએમઆઈ આંક આગલા ફેબ્રુઆરી મહિનાના ૫૮.૧ સામે ઘટીને ૫૭.૫ની સપાટીએ રહ્યો હોવાથી રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૯૩.૧૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૯૩.૧૩ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૩.૧૩ અને ઉપરમાં ૯૨.૭૯ સુધી મજબૂત થયા બાદ અંતે ૨૮ પૈસાના સુધારા સાથે ૯૨.૯૦ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે બજાર ગુડ ફ્રાઈડે નિમિત્તે બંધ રહી હતી, જ્યારે ગત ગુરુવારે રિઝર્વ બૅન્કના પગલાંને ટેકે ડૉલર સામે રૂપિયામાં ૧૫૨ પૈસાનો ઉછાળો આવ્યો હતો.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૫ ટકા ઘટીને ૯૯.૮૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૧.૬૧ ટકા ઘટીને બેરલદીઠ ૧૦૭.૨૯ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૮૭.૩૦ પૉઈન્ટનો અને ૨૫૫.૧૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હતો.

# નાણાકીય વર્ષ ૨૦૨૬માં ઑટોમોબાઈલનું રિટેલ વેચાણ ૧૩.૩ ટકા વધ્યું

નવી દિલ્હીઃ ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના પહેલા છમાસિકગાળામાં ઑટોમોબાઈલનાં રિટેલ વેચાણમાં શુષ્ક વલણ રહ્યા બાદ જીએસટી ૨.૦ સુધારાનો અમલ થવાથી એકંદરે વર્ષ દરમિયાન તમામ શ્રેણીનાં વાહનોમાં વેચાણ વૃદ્ધિ જોવા મળતાં કુલ ઑટોમોબાઈલનું વેચાણ આગલા નાણાકીય વર્ષના ૨,૬૧,૮૭,૨૫૫ યુનિટ સામે ૧૩.૩ ટકાની વૃદ્ધિ સામે ૨,૯૬,૭૧,૦૬૪ યુનિટની સપાટીએ રહ્યું હોવાનું ફેડરેશન ઑફ ઑટોમોબાઈલ ડીલર્સ એસોસિયેશન (ફાડા)એ તાજેતરમાં સંકલિત કરેલી એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

ફાડાની યાદી અનુસાર ગત નાણાકીય વર્ષમાં પેસેન્જર વાહનોનું રિટેલ વેચાણ આગલા નાણાકીય વર્ષ ૨૦૨૫નાં ૪૧,૬૩,૯૨૭ યુનિટ સામે ૧૩ ટકા વધીને ૪૭,૦૫,૦૫૬ યુનિટની સપાટીએ રહ્યું છે. તેમ જ વર્તમાન નાણાકીય વર્ષમાં પણ વેચાણ વૃદ્ધિનો આશાવાદ સેવાઈ રહ્યો છે, પરંતુ પ્રવર્તમાન પશ્ચિમ એશિયાની કટોકટીને ધ્યાનમાં લેતા સાવચેતીનો અભિગમ પણ અપનાવાઈ રહ્યો છે.

તે જ પ્રમાણે ગત નાણાકીય વર્ષમાં દ્વીચક્રી વાહનોનું વેચાણ પણ ૧૩.૪ ટકા વધીને ૨,૧૪,૨૦,૩૮૬ યુનિટ (૧,૮૮,૮૯,૫૯૫ યુનિટ)નું થયું હતું, જ્યારે ત્રિચક્રી વાહનોનું વેચાણ ૧૧.૬૮ ટકા વધીને ૧૩,૬૩,૪૧૨ યુનિટ (૧૨,૨૦,૮૩૪ યુનિટ)ની સપાટીએ અને વેપારી વાહનોનું વેચાણ ૧૧.૭૪ ટકા વધીને ૧૦,૬૦,૯૦૬ યુનિટ (૯,૪૯,૪૦૬ યુનિટ)ની સપાટીએ રહ્યું હતું.

ઉદ્યોગની કામગીરી અંગે પ્રતિભાવ આપતાં ફાડાના પ્રમુખ સી એસ વિઘ્નેશ્વરે જણાવ્યું હતું કે ગત નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ ઑટો ઉદ્યોગ માટે સીમાચિહ્નરૂપ વર્ષ રહ્યું હતું અને ૨,૯૬,૭૧,૦૬૪ યુનિટની ઑલ ટાઈમ હાઈ રિટેલ ડિલિવરી થઈ છે અને વર્ષાનુવર્ષ ધોરણે વેચાણમાં ૧૩.૩ ટકાની વૃદ્ધિ થવા ઉપરાંત વાહનોની તમામ શ્રેણીમાં છ પૈકી પાંચ વાહનોના વેચાણમાં વાર્ષિક ધોરણે વિક્રમ નોંધાવ્યો છે. આ માત્ર આંકડાઓ જ નથી, પરંતુ ઉદ્યોગ ત્રણ કરોડ યુનિટ વેચાણના આંક તરફ ધપી રહ્યો છે, જે બે વર્ષ પહેલા દૂરની પહોંચનો આંક જણાતો હતો, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૬માં જોવા મળેલી વેચાણ વૃદ્ધિમાં સતત સાતત્યતા જોવા નહોતી મળી, વર્ષનાં પહેલા પાંચ મહિનામાં અર્થાત્ એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન નબળી માગ, સ્ટોકનું ભારણ અને ધિરાણ અવરોધો જેવા કારણોસર ગ્રાહકોએ થોભો અને રાહ જુઓની નીતિ અપનાવી હોવાથી વૃદ્ધિદર બેથી પાંચ ટકા આસપાસ જ રહ્યો હતો.

# વિશ્વ બજારથી વિપરીત સ્થાનિક ચાંદીમાં ₹ ૬૨૩૦નો ચમકારો, સોનું ₹ ૨૨૯૧ વધ્યું

મુંબઈઃ ગત શુક્રવારે અમેરિકાના જોબ ડેટા મજબૂત આવવાની સાથે વ્યાજદરમાં કપાતની શક્યતા વધુ નબળી પડી હોવાથી તેમ જ અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધ અંગે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ નિવેદનમાં શું કહેશે તેની અવઢવ વચ્ચે આજે લંડન ખાતે સત્રના આરંભે સોના અને ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં વિશ્વ બજારથી વિપરીત ગત ગુરુવારના વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલોને ધ્યાનમાં લેતા હાજરમાં ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૨૩૦નો ચમકારો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૮૨થી ૨૨૯૧ વધી આવ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે બજાર ગુડ ફ્રાઈડે નિમિત્તે બંધ રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા બંધ સામે રૂ. ૬૨૩૦ વધીને રૂ. ૨,૩૪,૦૪૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળે ઔદ્યોગિક વપરાશકારોની લેવાલી છૂટીછવાઈ રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. તે જ પ્રમાણે સોનામાં પણ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૮૨ વધીને રૂ. ૧,૪૮,૩૦૩ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૯૧ વધીને રૂ. ૧,૪૮,૮૯૯ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ વધ્યા મથાળેથી રોકાણકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક હતી. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૪૬૫૮.૯૦ ડૉલર અને જૂન ડિલિવરી વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ઔંસદીઠ ૪૬૮૪.૩૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૭૨.૩૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે એશિયા અને યુરોપના અમુક બજારો જાહેર રજાને કારણે બંધ હોવાથી કામકાજો પાંખાં રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ઈરાનને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ ખોલાવા માટે આપેલી મંગળવાર સુધીની મુદત પૂરી થઈ રહી છે અને ઈરાને હજુ સુધી માર્ગ ખોલ્યો ન હોવાથી આજે અમેરિકી પ્રમુખ તેના નિવેદનમાં યુદ્ધ અંગે કેવાં અણસાર આપે છે તેના પર બજાર વર્તુળોની નજર હોવાનું ઓએનડીએનાં વિશ્લેષક કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડે અગાઉ ધમકી આપી હતી કે જો મંગળવાર સુધીમાં સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ ખોલવામાં નહીં આવે તો ઈરાનને નરક બનાવી દેવામાં આવશે. જોકે, અમેરિકી ઈન્ટેલિજન્સના મતાનુસાર નજીકના ભવિષ્યમાં માર્ગ ખોલશે નહીં. તેમ છતાં એક્સિઓસના અહેવાલ અનુસાર અમેરિકા, ઈરાન અને મધ્યસ્થીઓના જૂથ ૪૫ દિવસના યુદ્ધવિરામ માટે ચર્ચા કરી રહ્યા હોવાનું જણાવ્યું હતું. દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં આગેકૂચ જળવાઈ રહી હોવાથી ફુગાવામાં વધારાની ચિંતા સપાટી પર રહી હતી. સામાન્યપણે વધતા ફુગાવાના સંજોગોમાં સોના જેવી કિંમતી ધાતુઓમાં હેજરૂપી માગ રહેતી હોય છે, પરંતુ ફુગાવામાં થનારી અપેક્ષિત વૃદ્ધિને કારણે અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા નબળી પડી રહી હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહેતાં હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં હાલના ક્રૂડતેલના ભાવને ધ્યાનમાં લેતા અમેરિકી ફેડરલ રિઝર્વ વર્તમાન વર્ષ ૨૦૨૬માં વ્યાજદરમાં કાપ નહીં મૂકે એવું બજાર વર્તુળો માની રહ્યા છે.

# આયાતી તેલમાં મિશ્ર વલણ, વેપાર છૂટાછવાયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૨૭ રિંગિટનો ઘટાડો આવ્યાના નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં એકંદરે કામકાજો છૂટાછવાયા વેપાર રહેતાં હાજરમાં આયાતી તેલમાં મિશ્ર વલણ રહ્યું હતું. જેમાં ૧૦ કિલોદીઠ સન રિફાઈન્ડમાં રૂ. ૨૦નો ઘટાડો, આરબીડી પામોલિનમાં રૂ. ૧૦નો સુધારો અને સોયા રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મથકો પરના નિરુત્સાહી અહેવાલે દેશી તેલમાં સિંગતેલમાં રૂ. ૧૦નો અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો અને સરસવમાં ટકેલું વલણ રહ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ પતંજલિ ફૂડ્સના એપ્રિલ ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૨૦ અને સોયા રિફાઈન્ડના મે ડિલિવરી શરતે રૂ. ૧૫૫૦, ગોકુલ એગ્રોના મે ડિલિવરી શરતે આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૫, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના એપ્રિલ ડિલિવરી શરતે અનુક્રમે રૂ. ૧૫૧૫ અને રૂ. ૧૬૮૦ અને મે ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૦ અને ઈમામીના આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નિરસ હતા. આજે મધ્યપ્રદેશનાં મથકો પર અંદાજે એક લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૫૦૦થી ૫૭૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૬૭૫થી ૫૭૭૫માં થયા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૫૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે હાજરમાં દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૫૦૦ સોયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, સિંગતેલના રૂ. ૧૭૮૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૬૫ અને સરસવના રૂ. ૧૫૫૦ના મથાળે રહ્યા હતા.

# ખાંડમાં વધ્યા મથાળેથી ₹ ૧૮થી ૨૮ની પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા સાથે રૂ. ૩૭૨૦થી ૩૭૬૦માં થયાના અહેવાલ હતા. વધુમાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સપ્તાહના આરંભે મથકો પરના નિરુત્સાહી અહેવાલ ઉપરાંત સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં માગ તથા માલની ગુણવત્તાનુસાર સ્મોલ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ પણ છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં ઉપાડ અંદાજે ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. આજે મર્યાદિત માગ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮ના ઘટાડા સાથે રૂ. ૩૮૮૦થી ૩૯૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૮ના ઘટાડા સાથે રૂ. ૩૯૬૨થી ૪૦૫૨માં થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૦૦થી ૩૮૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

# એનએમડીસીએ આયર્ન ઑરના ભાવમાં ૧૧.૧ ટકા સુધીનો વધારો કર્યો

નવી દિલ્હીઃ દેશમાં આયર્ન ઑરનું ખનન કરતી જાહેર ક્ષેત્રની અગ્રણી કંપની એનએમડીસીએ ગત તા. પાંચમી એપ્રિલથી અમલી બને તેમ આયર્ન ઑરના ભાવમાં ૧૧.૧ ટકા સુધીનો વધારો કર્યો હોવાનું એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું છે.

કંપનીની યાદીમાં જણાવ્યાનુસાર કંપનીએ છત્તીસગઢની બૈલાદિલા ખાણમાં ઉત્પન્ન થતાં બૈલા લમ્પ હાઈ ગ્રેડ (૬૫.૫ ટકા ફેરસ) ધરાવતા આયર્ન ઑરના ભાવ ૧૦.૪ ટકા વધાર્યા છે, જ્યારે બૈલા ફાઈન્સ હાઈ ગ્રેડ આયર્ન ઑર ઉત્પાદન (૬૪ ટકા ફેરસ) ૧૦ એમએમ કદ કરતાં ઓછા ફાઈન્સના ભાવ ૧૧.૧ ટકા વધાર્યા છે.

બૉમ્બે સ્ટોક એક્સચેન્જને કરેલા રેગ્યુલેટરી ફાઈલિંગમાં કંપનીએ જણાવ્યું હતું કે ગત પાંચમી એપ્રિલથી અમલી બને તેમ બૈલા લમ્પ (૬૫.૫ ટકા, ૧૦.૪૦ એમએમ)નાં ભાવ ટનદીઠ રૂ. ૫૩૦૦ અને બૈલા ફાઈન્સ (૬૪ ટકા,૧૦એમએમ)નાં ભાવ પ્રતિ ટન રૂ. ૪૫૦૦ નિર્ધારિત કરવામાં આવ્યા છે. ઑરના આ સુધારિત ભાવ ફ્રી ઓન રેઈલ (એફઓઆર) ધોરણે છે.

# ટીનમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીએ ₹ ૩૭ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં છેલ્લા બે સત્ર દરમિયાન ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૬૫નો ચમકારો આવ્યા બાદ આજે ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૩૭ની પીછેહઠ જોવા મળી હતી. આ સિવાય કોપર કેબલ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં નિરસ માગ અને સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત વપરાશકારોની માગને ટેકે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ૧૨ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. એકંદરે આજે સાર્વત્રિક સ્તરેથી કામકાજો પાંખાં રહ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીનમાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૭ના ઘટાડા સાથે રૂ. ૪૮૩૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે કોપર કેબલ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બેના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૧૭૪ અને રૂ. ૧૯૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરો તેમ જ સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલીને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૨ વધીને રૂ. ૭૫૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૦૯૬, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૬૪૦, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૨૮ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૧૨૩૫ના મથાળે રહ્યા હતા. આ સિવાયની અન્ય તમામ ધાતુઓમાં છૂટાછવાયા કામકાજો ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નંબર ડે. ચી. એ.(O&M) / et-૬૩ / SWD તા. ૦૨.૦૪.૨૦૨૬

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન
eT-૬૩
(ટેન્ડર ID: ૨૦૨૬_MCGM_૧૨૯૨૨૭૬_૧)

| | |
|---|---|
| વિભાગ | ચીફ એન્જિનિયર (SWD) |
| પેટા વિભાગ | ડેપ્યુટી ચીફ એન્જિનિયર (O&M) SWD |
| વિષય | A થી G/N વોર્ડમાં સાઈટસ ખાતે માપ મુજબ સ્ટોર્મ વોટર ડ્રેઈન મેનહોલ પર MS લંબચોરસ કવર્સ સાથે તૂટેલા/ ગૂમ થયેલ નોન સ્ટાન્ડર્ડ લંબચોરસ મેનહોલ કવર્સનું બદલવાનું કામ. |
| ઈ-ટેન્ડર વેચાણ | તારીખ ૦૭.૦૪.૨૦૨૬ સમય: ૧૧.૦૦ ક.થી |
| ઈ-ટેન્ડર પાકતી તારીખ | તારીખ ૧૫.૦૪.૨૦૨૬ સમય: ૧૬.૦૦ ક. સુધી |
| વેબસાઈટ | http://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી નામ | શ્રીમતી વનિતા કોકાટે<br>એક્ષિક્યૂટિવ એન્જિનિયર (O&M) મીકે. SWD;<br>શ્રી વિનોદ ભાબલ A.E. (O&M) M. SWD |
| ટેલિફોન નંબર (ઓફિસ) | ૦૨૨-૨૪૩૦૯૮૧૭<br>૦૨૨-૨૪૩૦૯૪૭૨ |
| મોબાઈલ નં. | ૯૮૩૩૫૩૯૦૨૯; ૭૯૭૭૭૨૭૧૦૫ |
| ઈ-મેઈલ સરનામું | dyche01onm.swd@mcgm.gov.in<br>eeomcity01.swd@mcgm.gov.in |

PRO/29/ADV./2026-27

સહી/-
એક્ષી. એન્જી. (O&M) M. SWD

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

# આજથી વિકાસકાર્યોને લાગશે બ્રેક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં મહાયુતિ સરકાર લાડકી બહિણ જેવી યોજનાઓ માટે હજારો કરોડ રૂપિયાના ભંડોળ આપી રહી છે, ત્યારે બીજી તરફ, રાજ્યમાં માળખાકીય કામ કરનારાઓનાં બિલ ન ચૂકવવાને કારણે કોન્ટ્રાક્ટરોની કમર તૂટી ગઈ છે. ૯૬ હજાર ૪૦૦ કરોડ રૂપિયાની લેણી બાકી હોવાથી, મહારાષ્ટ્ર રાજ્ય કોન્ટ્રાક્ટર એસોસિએશને હવે આક્રમક વલણ અપનાવ્યું છે અને સાતમી એપ્રિલથી રાજ્યમાં તમામ વિકાસ કાર્યો બંધ કરવાની ચેતવણી આપી છે.

કોન્ટ્રાક્ટરોના જણાવ્યા મુજબ દોઢ વર્ષ પહેલાં લેણી રકમનો આંકડો ૧.૧૬ લાખ કરોડ પર પહોંચી ગયો હતો. આંદોલન પછી, સરકારે ૨૦ હજાર કરોડ ચૂકવ્યા, પરંતુ નવા કામોના બિલ જમા થતાં જ આ આંકડો ફરીથી ૯૬ હજાર કરોડને વટાવી ગયો છે.

'અમને અપેક્ષા હતી કે સરકાર આર્થિક વર્ષના અંત સુધીમાં (૩૧ માર્ચ સુધીમાં) મોટી રકમ ચૂકવશે, પરંતુ

(જુઓ પાનું ૪) ▸▸

## ૯૬ હજાર કરોડ રૂપિયા લેણાંની વસૂલાત માટે કોન્ટ્રાક્ટરોનું આજથી રાજયવ્યાપી કામ બંધ આંદોલન

### ક્યા વિભાગમાંથી કેટલું લેણું?

રાજ્યમાં મહત્વપૂર્ણ વિભાગો પાસે બાકી રહેલા બાકી લેણાંને જોતાં, સરકારના આર્થિક સ્થિતિ પર પ્રશ્ન ચિહ્ન ઊભું થયું છે.

| વિભાગ | લેણી રકમ |
|---|---|
| મહારાષ્ટ્ર જીવન સત્તામંડળ | રૂ. ૩૫,૦૦૦ કરોડ |
| જાહેર બાંધકામ વિભાગ | રૂ. ૨૯,૦૦૦ કરોડ |
| જિલ્લા વાર્ષિક યોજના | રૂ. ૧૧,૦૦૦ કરોડ |
| જળ સંસાધન વિભાગ | રૂ. ૯,૦૦૦ કરોડ |
| ગ્રામીણ વિકાસ અને જળ સંચય | રૂ. ૬,૫૦૦ કરોડ |
| પર્યટન વિકાસ નિગમ | રૂ. ૩,૮૦૦ કરોડ |
| શહેરી વિકાસ વિશેષ ભંડોળ | રૂ. ૨,૧૦૦ કરોડ |

# મુંબઈ મેટ્રોના ટાઈમટેબલમાં આઠ એપ્રિલથી ફેરફાર

## નવી મેટ્રો લાઈન-૯ અને મેટ્રો ટૂ-બી સેવામાં દાખલ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં રહેલા મેટ્રો રેલ નેટવર્કને મજબૂત બનાવવા માટે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ આઠમી એપ્રિલ, ૨૦૨૬થી અમલમાં આવતા મુખ્ય મેટ્રો કોરિડોરમાં મેટ્રો રેલના ટાઈમટેબલમાં ફેરફાર કર્યો છે, જેથી પ્રવાસીઓને પ્રવાસ કરવો વધુ સરળ થઈ રહેશે.

એમએમઆરડીએના જણાવ્યા મુજબ થાણે જિલ્લાનો પહેલો મેટ્રો કોરિડોર મેટ્રો લાઈન-૯ (દહિસર પૂર્વથી કાશિગાવ) અને મેટ્રો લાઈન ટૂ-બી (મંડાલે-ડાયમંડ ગાર્ડન ફેઝ-વન) આ નવા રૂટ પ્રવાસીઓ માટે શરૂ કરવામાં આવ્યા છે. મંડાલે-ડાયમંડ ગાર્ડન રૂટથી હાર્બર લાઈન પરિસરને પણ મેટ્રો કનેક્ટિવિટી મળશે. તેમ જ મેટ્રો લાઈન ટૂ-એ અને મેટ્રો - ૭ હવે સ્વતંત્ર રીતે ચલાવવામાં આવવાની હોવાથી લાઈન - ૭ એ લાઈન-૯ સાથે ઈંટિગ્રેટેડ કોરિડોર બની રહેશે. જેથી અંધેરી પૂર્વથી

(જુઓ પાનું ૪) ▸▸

## ઑનલાઈન કટ્ટરવાદી મોડ્યુલ

# કાંદિવલીના સગીર સહિત બે એટીએસના રડાર પરઃ બન્નેના ઘરે સર્ચ હાથ ધરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ યુવાનોને ઑનલાઈન કટ્ટરવાદી બનાવતા મોડ્યુલનો પર્દાફાશ કરનારી દિલ્હી પોલીસે મહારાષ્ટ્ર એન્ટિ-ટેરરિઝમ સ્ક્વોડ (એટીએસ)ની મદદથી મુંબઈ-થાણેમાંથી બે આરોપીની ધરપકડ કર્યા પછી હવે એટીએસના રડાર પર કાંદિવલીના સગીર સહિત બે શકમંદ હોવાનો ખુલાસો થયો છે. બન્નેના ઘરે એટીએસે સર્ચ હાથ ધરી વધુ કાર્યવાહી કરી હોવાનું જાણવા મળ્યું હતું.

એટીએસના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ ઑનલાઈન કટ્ટરવાદી મોડ્યુલના કેસની તપાસમાં બે શકમંદનાં નામ સામે આવ્યાં હતાં. કાંદિવલીમાં રહેતા ૧૫ વર્ષના સગીર અને થાણેમાં રહેતા યાસીર મુસ્લિમ ખાન (૨૭)નો શકમંદોમાં સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ખાન ફાઈનાન્સ ગ્રૂપ સાથે સંકળાયેલો હોવાથી એટીએસ તેના આર્થિક વ્યવહાર પર પણ નજર રાખી રહી છે. કાંદિવલીનો સગીર હજુ વિદ્યાર્થી હોવા છતાં કટ્ટરવાદી પ્રવૃત્તિ સાથે કઈ રીતે સંડોવાયેલો છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

માહિતીને આધારે એટીએસની ટીમે બન્નેના ઘરે સર્ચ હાથ ધરી હતી. જોકે તેમના ઘરમાંથી કોઈ મહત્ત્વના પુરાવા હાથ લાગ્યા ન હોવાનું કહેવાય છે. તેમ છતાં બન્નેને નોટિસ આપી દિલ્હીની સ્પેશિયલ સેલ સમક્ષ હાજર રહેવાનું

(જુઓ પાનું ૪) ▸▸




# ગોરેગામમાં બે જૂથ વચ્ચે અથડામણથી તંગદિલીઃ ત્રણ ગંભીર, ૧૦ની ધરપકડ

## આરોપીએ ઘરબહાર કરેલા ગેરકાયદે બાંધકામ પર પાલિકાનું જેસીબી ફર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગામ પૂર્વના સંતોષ નગર પરિસરમાં રવિવારની રાતે બે જૂથ સામસામે આવી જતાં ભારે ઘમસાણ મચ્યું હતું. મારામારી પછી તીક્ષ્ણ હથિયારથી હુમલો થતાં ત્રણ જણ ગંભીર રીતે ઘવાયા હતા, જ્યારે બાકીનાને નજીવી ઇજા થઈ હતી. આ ઘટના પછી સંબંધિત વિસ્તારમાં ભારે તંગદિલીભર્યું વાતાવરણ હોઈ પોલીસે ૧૦ શકમંદની ધરપકડ કરી હતી. આટલું ઓછું હોય તેમ આરોપીએ ઘરબહાર કરેલા ગેરકાયદે બાંધકામ પર સોમવારે મુંબઈ મહાપાલિકા દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

પોલીસના જણાવ્યા મુજબ રવિવારની રાતે બનેલી ઘટના બાદ દંગલ મચાવવી અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં અત્યાર સુધીમાં ૧૦ જણની ધરપકડ કરવામાં આવી છે. ઘટનાસ્થળની આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે. દંગલમાં સામેલ લોકોની ઓળખ મેળવી તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે.

કહેવાય છે કે રવિવારે મરિયમ્મા દેવીની શોભાયાત્રા સાંજે પાંચ વાગ્યાની આસપાસ સંતોષ નગર પરિસરમાંથી નીકળી હતી. આ માટે સાઉન્ડ સિસ્ટમ અને પાણીનો સ્ટૉલ પણ ગોઠવવામાં આવ્યો હતો. કોઈ વાતે ત્યાં હાજર યુવાનો સાથે વિવાદ થતાં મામલો બીચક્યો હતો.

અથડામણનું ચોક્કસ કારણ પોલીસ દ્વારા

(જુઓ પાનું ૪) ▸▸

# સ્થાયી સમિતિને ૮૦૦ કરોડનું વિકાસ ભંડોળઃ ૨૦૨૬-૨૭ના પાલિકાના બજેટને મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ૨૦૨૬-૨૭ના આર્થિક વર્ષના બજેટને સોમવારે સ્થાયી સમિતિમાં મંજૂરી આપવામાં આવી હતી. આ દરમ્યાન સ્થાયી સમિતિને ૮૦૦ કરોડ રૂપિયાનું ડેવલપમેન્ટ ફંડ પણ ઉપલબ્ધ કરી આપવામાં આવ્યું હતું. જોકે કયા પક્ષને કેટલા પ્રમાણમાં ભંડોળની વહેંચણી કરવામાં આવશે તે બાબતે સ્થાયી સમિતિ અધ્યક્ષે મૌન સેવ્યું હતું.

મુંબઈ મહાનગરપાલિકાના ૨૦૨૬-૨૭ના બજેટ પર છેલ્લા અનેક દિવસોથી સ્થાયી સમિતિમાં ચર્ચા ચાલી રહી હતી. છેવટે સોમવારે તેને મંજૂરી કરવામાં આવ્યું હતું. હવે ૯ એપ્રિલના પાલિકાની સામાન્ય સભામાં બજેટ રજૂ કરવામાં આવશે અને તેના પર ચર્ચા બાદ સામાન્ય સભાની મંજૂરી મળશે. મુંબઈ મહાનગરપાલિકાના નિયમ અનુસાર સ્થાયી સમિતિને દર વર્ષે બજેટ મંજૂર કરવા પહેલા પ્રશાસન મારફત ડેવલપમેન્ટ ફંડ ઉપલબ્ધ કરી આપવામાં આવે છે. અત્યાર સુધી ૫૦૦થી ૬૦ કરોડ રૂપિયા સુધીનું ભંડોળ ઉપલબ્ધ કરી આપવામાં આવતું હતું. જોકે આ વખતે પ્રશાસને આ રકમમાં મોટો વધારો કર્યો હોઈ સ્થાયી સમિતિને ૮૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. તેથી આ ભંડોળની વહેંચણી કેવી રીતે કરવી તેનો નિર્ણય સ્થાયી સમિતિના અધ્યક્ષના રૂપમાં સત્તાધારી ભાજપ અને શિંદેસેના હાથમાં હોવાનું માનવામાં આવે છે.

આ બાબતે સ્થાયી સમિતિ અધ્યક્ષ પ્રભાકર શિંદેએ જણાવ્યું હતું મુંબઈના દરેક નગરસેવકને એક કરોડ રૂપિયાનું ડેવપલમેન્ટ ફંડ આપવામાં આવશે. એ હિસાબે મુંબઈના ૨૨૭ ચૂંટાયેલા નગરસેવક અને ૧૦ નોમિનેટેડ એમ કુલ ૨૩૭ નગરસેવકોને એક-એક કરોડ રૂપિયા મળશે. તો બાકીના ૪૬૩ કરોડ રૂપિયામાંથી મેયરને ૧૦૦થી ૧૫૦ કરોડ રૂપિયાનું ભંડોળ મળવાની શક્યતા છે. આ ભંડોળ કોને આપવું તેનો નિર્ણય મેયર લેશે. તો સ્થાયી સમિતિના

(જુઓ પાનું ૪) ▸▸




# અજિતદાદાના અકસ્માતના દિવસે ખરાતની બેંકમાં ઘણા વ્યવહારો

## સામાજિક કાર્યકરના નવા દાવાથી ખળભળાટ

મુંબઇ : પ્લેન ક્રેશમાં અજિત પવારનું મૃત્યુ થયાને બે મહિનાથી વધુ સમય થઈ ગયો છે. તેમનો અકસ્માત ખરેખર કેવીરીતે થયો? કોણે કર્યો? શું તે અકસ્માત હતો કે કાવતરું ? એ રહસ્ય હજુ પણ યથાવત્ છે. આ કેસમાં તપાસ ચાલી રહી છે, પરંતુ હજુ સુધી કંઈ બહાર આવ્યું નથી. દરમિયાન સામાજિક કાર્યકર અંજલી દમણિયાએ સમતા બેંક વિશે એક સનસનાટીભર્યો દાવો કર્યો છે.

થોડા દિવસો પહેલા એવી શંકા વ્યક્ત કરવામાં આવી હતી કે નાશિકના એક ઢોંગીબાબા અશોક ખરાતે અજિત પવારના બંગલા બહાર જાદુટોણા કર્યા હતા? શું આના કારણે તેમનો અકસ્માત થયો? હવે દમણિયાએ એવી માહિતી આપી છે જે આ શંકાને બળ આપે છે. દમણિયાએ ખુલાસો કર્યો છે કે અજિત પવારના અકસ્માતના દિવસે અને તેના આગલા દિવસે એટલે કે ૨૭ જાન્યુઆરીએ અશોક ખરાત સાથે સંકળાયેલી સમતા બેંકમાં ઘણા વ્યવહારો થયા હતા.

આ બેંકમાં પાછલા વર્ષમાં ક્યારેય આટલા બધા વ્યવહારો થયા નથી. દમણિયાએ અવલોકન કર્યું છે કે આ બેંકમાં વ્યવહારો અચાનક વધી ગયા છે.

તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અશોક ખરાત કેસમાં સમતા નામની બેંક, જે તપાસ હેઠળ છે, તેને પહેલી એપ્રિલ, ૨૦૨૫ થી ૧૭ માર્ચ, ૨૦૨૬ સુધી દર મહિને એક, સાત અને આઠ સંદેશા મળતા હતા, પરંતુ ૨૭ જાન્યુઆરી, જે દિવસે અજિત પવારનો અકસ્માત થયો તેના આગલા દિવસે સમતા બેંકમાં વ્યવહારો સંબંધિત ૧૭ સંદેશા પ્રાપ્ત થયા હતા. ૨૮ જાન્યુઆરી, જે દિવસે અજિત પવારનો અકસ્માત થયો, તે દિવસે ૧૯ સંદેશા પ્રાપ્ત થયા હતા.

અકસ્માતના બીજા દિવસે, ૨૯ જાન્યુઆરીએ ૧૦ સંદેશા મળ્યા, ૩૦ અને ૩૧ જાન્યુઆરીએ આઠ સંદેશા મળ્યા. આ

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈને પાણી પૂરું પાડતાં જળાશયોમાં માત્ર ૩૭ ટકા પાણી

મુંબઈઃ ઉનાળાની શરૂઆતમાં જ મુંબઈને પાણી પૂરું પાડતા જળાશયોમાં પાણીનું સ્તર ઝડપથી ઘટી રહ્યું છે અને સાતેય ધરણાંમાં મળીને હાલમાં ૩૭.૭૦ ટકા પાણીનો જથ્થો બાકી છે. છેલ્લા બે વર્ષની સરખામણીએ આ પાણીનો જથ્થો વધુ હોવા છતાં, આગામી બે થી અઢી મહિના સુધી તેને ચલાવવો પડશે.

મુંબઈને પાણી પૂરું પાડતા અપર વૈતરણા, મોડકસાગર, તાનસા, મધ્ય વૈતરણા, ભાતસા, વિહાર અને તુલસી એ સાતેય જળાશયોમાં પાણીનો જથ્થો ૩૭.૭૦ ટકા પર આવી ગયો છે. આ સાતેય ધરણોમાંથી દરરોજ ૪૦૦૦ મિલિયન લિટર પાણી મુંબઈગરાઓને આપવામાં આવે છે. વાતાવરણમાં ગરમી વધી રહી છે અને આ પાણીનો જથ્થો જુલાઈના અંત સુધી ચાલે તેવું આયોજન મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને કરવું પડશે.

સાતેય ધરણાંની પાણી સંગ્રહ કરવાની

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**